अकारादिक्रमेण

मन्त्रानुक्रमणिका ।

ओ३म्

अथार्य्याऽभिविनयोपक्रमणिकाविचारः ॥

सर्वात्मा सच्चिदानन्दोऽनन्तो यो न्यायकृच्छुचिः ।
भूयात्समां सहायो नो दयालुः सर्वशक्तिमान ॥ १ ॥
चक्षुरामाङ्कचन्द्रेऽब्दे चैत्रेमासि सिते दले ।
दशम्यां गुरुवारेऽयं ग्रन्थारम्भः कृतो मया ॥ २ ॥
बहुभिः प्रार्थितः सम्यग्ग्रन्थारम्भः कृतोऽधुना ।
हिताय सर्वलोकानां ज्ञानाय परमात्मनः ॥ ३ ॥
वेदस्यमूलमन्त्राणां व्याख्यानं लोकभाषया ।
क्रियते सुखबोधाय ब्रह्मज्ञानाय सम्प्रति ॥ ४ ॥
स्तुत्युपासनयोःसम्यक्प्रार्थनायाश्च वर्णितः ।
विषयो वेदमन्त्रैश्च सर्वेषां सुखवर्द्धनः ॥ ५ ॥
विमलं सुखदं सततं सुहितं जगति प्रततं तदु वेदगतम् ।
मनसि प्रकटं यदि यस्य सुखी स नरोस्ति सदेश्वरभागधिकः ६

विशेषभागी ह वृणोति यो हितं,
नरः परात्मानमतीवमानतः ।
अशेषदुःखात्तु विमुच्य विद्यया,
स मोक्षमाप्नोति न कामकामुकः ॥ ७ ॥

વ્યાખ્યાન—જે પરમાત્મા, સર્વના આત્મા, સત્ ચિત્ આનન્દસ્વરૂપ, અનન્ત (જેનો અંત નથી), અજ, (જેનો જન્મ નથી) ન્યાયકારી, નિર્મળ, સદા પવિત્ર, દયાળુ, સર્વ સામર્થ્યવાળો અમારો ઇષ્ટ દેવ છે તે અમને નિત્ય સહાયતા કરે જેથી મહાન કઠણમાં કઠણ કામ પણ અમે સહેલાઇથી કરવા સમર્થ થઇએ. હે કૃપાનિધે! આપજ અમારા સર્વ કાર્યો સિદ્ધ કરવાવાળા છો જેથી આશા રાખીએ છીયે કે આપ અમારી કામના પરિપૂર્ણ કરશો ॥૧॥

સંવત્ ૧૯૩૨ ના ચૈત્ર સુદી દશમને ગુરૂવારને દિવસે આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો છે ॥ ૨ ॥ સર્વનું હિત ચાહનારા ધર્માત્મા, વિદ્વાન અને વિચારશીલ મહાશયોએ મને પ્રીતિપૂર્વક કહ્યું જેથી પરમેશ્વરનું યથાર્થ જ્ઞાન તથા તેમાં પ્રેમ ભકિત ઉપજાવનાર આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો છે. ॥ ૩ ॥ સર્વ મહાશયોને સુખ પ્રાપ્ત કરાવનારો બોધ થાય અને યથાર્થ બ્રહ્મજ્ઞાન થાય એવી ઇચ્છાથી આ ગ્રંથમાં કેવળ બે વેદોમાંથી કેટલાએક મૂળ મંત્રોનું પ્રાકૃત ભાષામાં વ્યાખ્યાન કર્યું છે. ॥ ૪ ॥ આ ગ્રંથમાં વેદ મંત્રોથી સર્વ સુખોની વૃધ્ધિ કરવાવાળી પરમેશ્વરની

સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના અને ધર્માદિ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે ॥ ૫ ॥ જે મનુષ્યના મનમાં નિર્વિકારી સુખ ઉપજાવનાર, પૂર્ણકામ, તૃપ્ત, સર્વવ્યાપક અને વેદથી પ્રાપ્ય બ્રહ્મનું યથાર્થ વિજ્ઞાન છે, તે મનુષ્ય ઇશ્વરના આનન્દનો ભોગી છે, તે સદૈવ અધિક સુખી છે અને તેવાજ મનુષ્યને ધન્ય છે. ॥ ૬ ॥ આ સંસારમાં જે મનુષ્ય અત્યંત પ્રેમી, ધર્માત્મા, સત્સંગી, સારા વિચારવાળો, નિરભિમાની, જીતેન્દ્રિય અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પરમાત્માનો સ્વીકાર કરનારો છે, તે અતિ ભાગ્યશાળી છે. તે મનુષ્ય યથાર્થ રીતે સત્યવિદ્યાથી સંપૂર્ણ દુઃખોથી છુટી પરમાત્માની પ્રાપ્તિરૂપ જે મોક્ષ તેને મેળવે છે; અને દુઃખ દરિયાથી પાર જાય છે. પરંતુ જે વિષયાસક્ત, અવિચારી, મૂર્ખ, અધર્મી, વ્યભિચારી, સત્સંગરહિત, છળ અને કપટવાળો, અભિમાની તથા દુરાગ્રહી છે, તે મોક્ષ સુખ મેળવી શકતો નથી; કારણ કે તે ઇશ્વર ભક્તિથી વિમુખ છે. ॥ ૭ ॥

ઉક્ત કારણોને લીધે ઉક્ત પુરૂષ જન્મમરણ જવરાદિ પીડાથી પીડિત રહે છે, અને દુઃખસાગરમાં ગોથાં ખાય છે. માટે મનુષ્યોને ઉચિત છે કે તેઓએ પરમાત્માની આજ્ઞાથી કદાપિ પણ વિરૂધ્ધ વર્તન કરવું નહીં; કિન્તુ તેની આજ્ઞાઓને તાબે થઇ આ લોક અર્થાત્ સંસાર વ્યવહાર અને પરલોક અર્થાત્ મોક્ષની યથાવત્ સિધ્ધિ કરવી. આ આર્યાભિવિનય ગ્રંથમાં મુખ્ય વેદમંત્રોનો અર્થ પરમેશ્વર સંબંધીજ સંક્ષેપમાં કરવામાં

આવ્યો છે; કારણ કે યદિ વ્યવહાર વિદ્યાસંબંધી અર્થ પણ કરવામાં આવે તો પુસ્તક મોટું થઇ જવાનો ભય છે; માટે વેદોના ભાષ્યમાં વિસ્તારપૂર્વક પરમાર્થ અને વ્યવહારાર્થ બન્ને સપ્રમાણ કરવામાં આવશે. જેમ કે (**तदेवाऽग्निस्तदादित्यस्तद्वायुरित्यादि य० संहिता** પ્ર૦, **इन्द्रं मित्रं वरुणमित्यादि० ऋ० सं०** પ્ર૦ **बृहस्पतिर्वै ब्रह्म, गणपतिर्वै ब्रह्म, प्राणो वै ब्रह्म, आपो व ब्रह्म, ब्रह्मह्यग्निरित्यादि० शतपथ ऐतरेय ब्राह्मणादि०प्र०** અને (**महान्तमेवात्मानमित्यादि०**) નિરૂક્તાદિના પ્રમાણોથી પરબ્રહ્મ અર્થ લેવામાં આવે છે અને **मुखादग्निरजायतेत्यादि य० सं० प्र० वायोरग्निरित्यादि ब्राह्मण० प्र० तथा अग्निरग्रणी भवतीत्यादि** નિરૂક્તના પ્રમાણોથી પ્રત્યક્ષ જે રૂપ ગુણવાળો, દાહ પ્રકાશયુક્ત ભૌતિક અગ્નિ છે તે વાચક અર્થ લેવામાં આવે છે. આવી જાતનાં દૃઢ પ્રમાણ અને યુક્તિપૂર્વક બન્ને અર્થો વેદભાષ્યમાં લખવામાં આવશે જેથી સાયણાચાર્યે કરેલાં ભાષ્યથી અને તેને અનુસરીને અંગ્રેજી ભાષાંતર થવાથી વેદોને માથે જે કલંક લાગ્યું છે તે નિવૃત્ત થઈ જશે. અને વેદોના સત્ય અર્થનો પ્રકાશ થવાથી વેદોનું મહત્વ અને તેના અનન્તાર્થો જાણવામાં આવશે; જેથી મનુષ્યોને મહાલાભ અને વેદોમાં યથાવત્ પ્રીતિ થશે. આ ગ્રંથથી તો કેવળ મનુષ્યને ઇશ્વરનું સ્વરૂપ, જ્ઞાન, ભક્તિ, ધર્મનિષ્ઠા, ઇત્યાદિ પ્રયોજન સિદ્ધ થશે. તેથી નાસ્તિક અને પાખંડ મતાદિ અધર્મમાં મનુષ્ય ફસાશે નહીં, એટલુંજ નહિં પરંતુ મનુષ્ય

સર્વ પ્રકારે અતિ ઉત્તમ થશે અને તેમનાપર સર્વ શક્તિમાન્ જગદીશ્વરની કૃપા થશે. આથી સર્વ મનુષ્યો દુષ્ટતા છોડી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે એવી મારી ઇશ્વરપ્રતિ પ્રાર્થના છે, જે પરમાત્મા અવશ્ય પુરી કરશે.

॥ इत्युपक्रमणिका संक्षेपतः सम्पूर्णा ॥

॥ ओ३म् ॥

॥ तत् सत् परब्रह्मणे नमः ॥

अथार्याभिविनयप्रारम्भः

ओं शं नो॑ मि॒त्रः शं वरु॑णः शं नो॑ भवत्वर्य्य॒मा ।
शं न॒ इन्द्रो॒ बृह॒स्पतिः॒ शं नो॒ विष्णु॑रुरुक्र॒मः ॥ १ ॥

ऋ० अ० १ अ० ६ व० १८ मं० ॥ ९ ॥

વ્યાખ્યાન—હે સચ્ચિદાનન્દ અનન્ત સ્વરૂપ, હે નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ, હે અદ્વિતીયાનુપમ જગદાદિકારણ (જગત્નુ પ્રથમ કારણ અને કોઈની સાથે સરખામણી ન થાય એવો એક), હે અજન્મ, નિરાકાર, સર્વ શક્તિમન્, ન્યાયકારી, હે જગદીશ, સર્વ જગતને ઉત્પન્ન કરનાર અને તેનો આધાર, હે સનાતન, સર્વ કલ્યાણુંકારી, સર્વના સ્વામિ, કરૂણાકર, પરમસહાયક, હે સર્વ આનન્દ આપનાર અને સર્વ દુખનો વિનાશ કરનાર, હે અવિદ્યારૂપી અંધકારને દૂર કરનાર અને વિદ્યાનો પ્રકાશ કરનાર, હે પરમૈશ્વર્યદાયક, સર્વ સ્થળે વિદ્યમાન, હે અધમોદ્ધારક, પતિત પાવન, દરેકને માન્ય, હે વિશ્વને વિનોદ આપનાર,

નમ્રતાદાયક, હે વિશ્વાસ વિલાસક, હે નિરંજન નાયક, નરેશ, નિર્વિકાર, હે સર્વાન્તર્યામી, સદુપદેશક, મોક્ષપ્રદ, હે સત્યગુણી, નિર્મળ, દીનોપર દયાકરનાર, પરમસુખદાયક, હે દારિદ્રય વિનાશક, સુનીતિવર્ધક, પ્રીતિસાધક, રાજ્યવિધારક, શત્રુવિનાશક, સર્વબળદાયક, નિર્બળનાપાલક, ઈત્યાદિ અનન્ત વિશેષણ વાચ્યમંગળ પ્રદેશ્વર! આપ સર્વથા સર્વના મિત્રછો, અમને સર્વદા સત્યસુખદાયક છો, હે સર્વોત્કૃષ્ટ સ્વીકરણીય વરેશ્વર! આપ વરૂણ અર્થાત્ સર્વથી પરમોત્તમ છો, જેથી આપ અમને પરમ સુખદાયક છો. હે પક્ષપાતરહિત ધર્મન્યાયકારિન્! આપ અર્યમા અર્થાત્ યમરાજ છો જેથી અમને ન્યાયયુક્ત સુખ આપવાવાળા આપજછો, હે પરમૈશ્વર્યવાન્ ઇન્દ્રેશ્વર! આપ અમને જે સુખમાં આપનું પરમ સામર્થ્યછે તે અમને પ્રદાન કરો, હે મહાવિદ્યાના અધિપતિ બૃહસ્પતે પરમાત્મન્! અમને બૃહત્ અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ આનંદ આપનાર આપજ છો, હે સર્વવ્યાપક, અનંત પરાક્રમી વિષ્ણો! અમને અનંત સુખ આપો, જે કાંઈ માંગીશું તે આપની પાસેજ માંગીશુ. આપના શિવાય સર્વ સુખોનો આપનાર બીજો કોઇ નથી. અમને સર્વથા આપના શિવાય બીજા કોઇનો આશ્રય નથી; કારણકે સર્વ શક્તિમાન્ ન્યાયકારી દયાળુ અને સર્વથી શ્રેષ્ઠ પિતાને છોડી અમે નીચનો આશ્રય કદાપિ પણ લઇશું નહી. આપનો સ્વભાવછે કે જે આપને શરણે આવે છે તેને આપ કદાપિ છોડતા નથી; જેથી આપ સદૈવ અમને સુખ આપશો એવો અમારો નિશ્ચય છે. ૧

મૂ૦મં૦સ્તુ૦વિ૦ अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ॥ २ ॥ ऋ० । १ । १ । १ । १ ॥

વ્યાખ્યાન—હે વન્દ્યેશ્વરાગ્ને ! આપ જ્ઞાન સ્વરૂપ છો. હું આપની સ્તુતિ કરૂં છું. હે સર્વ હિતોપકારક ! આપ **पुरोहितम्** અર્થાત્ સર્વ જગત્‌ના હિત સાધક છો, હે યજ્ઞ દેવ ! આપ સર્વ મનુષ્યોના પુજનીય છો અને તેઓ આપના જ્ઞાન યજ્ઞાદિને માટે આકાંક્ષી છે, આપ "**ऋत्विजम्**" વસન્તાદિ ઋતુના નિયામક છો; અર્થાત્ જે સમયે જેવું સુખ જોઇએ તેવા સુખના સંપાદક આપજ છો. આપ "**होतारम्**" સર્વ જગત્‌ને યોગ અને ક્ષેમ આપનાર છો અને પ્રલય સમયમાં જગત્‌ને કારણમાં હોમ કરવાવાળા છો. આપ "**रत्नधातमम्**" રત્ન અર્થાત્ રમણીય પૃથિવ્યાદિકોને આપના સેવકોને માટે ધારણ તથા નિયમન કરવાવાળા કેવળ આપજ છો. હે સર્વ શક્તિમાન્ પરમાત્મા ! હું આપની વારંવાર સ્તુતિ કરૂં છું = કે, અમે આપને શરણ છીયે જેથી આપ અમારા ઉપર કૃપા કરી અને આપનો સદૈવ આનંદ ભોગવાવો. ૨.

—※—

મૂ૦ મા૦ अग्निना रयिमश्नवत्पोषमेव दिवे दिवे ।
यशसं वीरवत्तमम् ॥ ३ ॥ ऋ० । १ । १ । १ । ३ ॥

વ્યાખ્યાન—હે મહાદાતઃ ઈશ્વરાગ્ને ! આપની સ્તુતિ કરવાવાળો મનુષ્ય "**रयिम्**" વિદ્યાદિ તથા સુવર્ણાદિ ધનને

" **अश्नवत्** " અવશ્ય પ્રાપ્ત કરેછે કે જે ધન " **दिवे दिवे** " પ્રતિદિન "**पोषमेव**" મહાપુષ્ટિ કરવાવાળું અને "**यशसं**" સત્કીર્તિ વધારવાવાળું છે અને જેનાથી " **वीरवत्तमम्**" વિદ્યા, શૌર્ય, ધૈર્ય, ચાતુર્ય, બળ, પરાક્રમ અને દ્રઢાંગ તથા ધર્માત્મા, ન્યાયયુક્ત અત્યન્ત વીરપુરૂષ પ્રાપ્ત થાય છે. આવા સુવર્ણ રત્નાદિ તથા ચક્રવર્તી રાજ્ય અને વિજ્ઞાનરૂપ ધનની હું પ્રાપ્તિ કરૂં અને આપની કૃપાથી સદૈવ ધર્માત્મા બની અત્યંત સુખી રહું એવી પ્રાર્થના છે. ૩.

મૂ૦ સ્તુ૦ अ॒ग्निः पूर्वे॑भि॒र्ऋषि॑भि॒रीड्यो॒ नूत॑नैरु॒त ।

स दे॒वाँ एह व॑क्षति ॥ ४ ॥ ऋ० । १ । १ । १ । २ ॥

વ્યાખ્યાન—હે સર્વ મનુષ્યોને સ્તુતિ કરવા યોગ્ય ઇશ્વરાગ્ને! "**पूर्वेभिः**" પ્રાચીન વિદ્વાન્ "**ऋषिभिः**" મંત્રાર્થના દ્રષ્ટા ઋષિમુનિયો અને '**नूतनैः**' વેદાર્થનો અભ્યાસ કરવા-વાળા નવિન બ્રહ્મચારિયોને '**ईड्यः**' સ્તુતિ કરવા યોગ્ય છો "**उत**" તેમ પરમાત્મા તમે વિદ્વાન્ વા મૂર્ખ મનુષ્યને પણ સ્તુતિ કરવા યોગ્ય છો. પરમાત્મા! અમારી સ્તુતિ સાંભળી "**एह**" આપ અમારા અને સકળસંસારના સુખને માટે '**देवान्**' દિવ્ય ગુણ અર્થાત્ વિદ્યાદિ, કૃપયા પ્રાપ્ત કરો. આપજ સર્વના ઇષ્ટદેવ છો. ૪.

મૂ૦ સ્તુ૦ अ॒ग्निर्होता॑ क॒विक्र॑तुः स॒त्यश्चि॒त्रश्र॑वस्तमः ।

दे॒वो दे॒वेभि॒रा ग॑मत् ॥ ५ ॥ ऋ० । १ । १ । १ । ५ ॥

હે ! સર્વદૃક્ ! સર્વને જોનાર "क्रतुः" સકળ જગત્‌ને ઉત્પન્ન કરનાર "सत्यः" અવિનાશી 'चित्रश्रवस्तमः' આશ્ચર્ય શ્રવણાદિ, આશ્ચર્યગુણ, આશ્ચર્યશક્તિ આશ્ચર્યરૂપવાન અને અત્યન્ત ઉત્તમ આપ છો. આપસમાન વા આપનાથી કોઇ મોટું નથી. હે જગદીશ ! 'देवः' પ્રકાશસ્વરૂપ પરમાત્મન્ ! "देवेभिः" દીવ્યગુણયુક્ત આપ અમારા વર્તમાન હૃદયમાં "आगमत्" પ્રગટ થાઓ. આપ સર્વ જગત્‌માં પ્રકાશીત છો જેથી અમે અને અમારૂં જે કાંઇ હોય તે પણ દિવ્યગુણયુક્ત થાઓ. વાસ્તવિક રીતે અમારૂં જે કાંઇ છે તે પણ તમારૂંજ છે. અમે તો કેવળ આપના પુત્ર અને ચાકર સમાન છીયે. ૫.

—⊱※⊰—

મૂ० प्रा० यदङ्ग दाशुषेत्वमग्ने भद्रं करिष्यसि ।
तवेत्तत्सत्यमङ्गिरः ॥ ६ ॥ ऋ० । १ । १ । २ । १ ॥

હે ! "अङ्ग" મિત્ર ! જે આપને આત્માદિનું દાન કરે છે તેને "भद्रम्" વ્યવહારીક અને પારમાથિક સુખ આપ અવશ્ય આપો છો. હે "अङ्गिरः" પ્રાણપ્રિય ! આપનું સત્યવ્રત એ છે કે સ્વભક્તોને પરમાનંદ આપવો. આવો આપનો સ્વભાવ અમને અત્યંત સુખકારક છે. આપ અમને ઐહિક અર્થાત્ વ્યવહારીક અને પારમાર્થીક બન્ને સુખોનું દાન શીઘ્ર કરો જેથી અમે સર્વ દુઃખોમાંથી મુક્ત થઇ સર્વદા સુખી થઇએ. ૬.

—⊱※⊰—

મૂ० स्तु० वायवायाहि दर्शतेमे सोमा अरंकृताः ।
तेषां पाहि श्रुधी हवम् ॥ ७ ॥ ऋ० १ । १ । ३ । १॥

વ્યાખ્યાન—હે અનંતબલ! પરેશ! વાયો! દર્શનીય! આપ આપની કૃપાથીજ અમને પ્રાપ્ત થાઓ. અમે અમારી અલ્પશક્તિથી “सोमाः” સોમવલ્યાદિ ઔષધિઓનો ઉત્તમ રસ સંપાદન કર્યો છે અને જે કાંઇ પણ અમારા શ્રેષ્ઠ પદાર્થો છે તે “अरङ्कृताः” ઉત્તમ રીતિથી અમે બનાવ્યા છે, અને ‘तेषां” તે બધા પદાર્થોનું આપ યથાયોગ્ય રક્ષણ કરો. અમારા ગરીબોની દીનતા સાંભળીને જેમ પીતા પુત્રની પ્રાર્થનાથી અત્યન્ત પ્રસન્ન થાય છે તેમ આપ પ્રસન્ન થાઓ. ૭.

***

मू० मा० पावका नः सरस्वती वाजेभिर्वाजिनीवती ।

यज्ञं वष्टु धियावसुः ॥ ८ ॥ ऋ० १ । १ । ६ । १० ॥

વ્યાખ્યાન--હે વાક્પતે! સર્વ વિદ્યામય! અમને આપની કૃપાથી “सरस्वती” સર્વશાસ્ત્ર વિજ્ઞાનયુક્ત વાણી પ્રાપ્ત થાઓ. “वाजेभिः” તથા ઉત્કૃષ્ટ અન્ન આદિને સાથ વર્તમાન “वाजिनीवती” સર્વોત્તમ ક્રિયા વિજ્ઞાન યુક્ત “पावका” પવિત્ર સ્વરૂપ અને પવિત્ર કરવાવાળી સત્ય ભાષણમય મંગલકારક વાણી આપની પ્રેરણાથી પ્રાપ્ત થઈને આપના અનુગ્રહથી પરમોત્તમ બુદ્ધીની સાથે વર્તમાન “वसुः” નિધિસ્વરૂપ એ વાણી “यज्ञंवष्टु” સર્વશાસ્ત્ર બોધ અને પૂજનીયતમ આપના વિજ્ઞાનની કામના યુક્ત

સદૈવ થાઓ; કે જેનાથી અમારી તમામ મૂર્ખતા નાશ પામે અને અમે પાંડિત્ય યુક્ત થઇએ. ॥ ૮ ॥

मू० स्तु० पुरूतमं पुरूणामीशानं वार्य्याणाम् ।
इन्द्रं सोमे सचा सुते ॥ ९ ॥ ऋ० १ । १ । ९ । २ ॥

વ્યાખ્યાન—હે પરાત્પર પરમાત્મન ! આપ "**पुरूतमम्**" અત્યંતોત્તમ અને સર્વ શત્રુ વિનાશક છો, તથા બહુવિધ જગતના પદાર્થોના ઇશાન એટલે સ્વામિ અને ઉત્પાદક છો. "**वार्य्याणाम्**" વર, વરણીય, "**पुरूणामीशानम्**" પરમાનંદ મોક્ષાદિ પદાર્થોના પણ ઇશાન છો. "**सोमे**" અને ઉત્પત્તિ સ્થાન સંસાર આપનાથી ઉત્પન્ન થવાથી "**इन्द्रम्**" પરમૈશ્વર્યવાન્ આપને "**अभिप्रगाय**" હૃદયમાં અત્યંત પ્રેમથી ગાઇએ; એટલે કે યથાવત્ સ્તુતિ કરિયે. કે જેથી આપની કૃપાથી અમારૂં પણ પરમૈશ્વર્ય વૃદ્ધિ પામતું જાય અને પરમાનંદને પ્રાપ્ત થઇએ. ॥ ૯ ॥

मू० प्रा० तमीशानं जगतस्तस्थुषस्पतिं धियं
जिन्वमवसे हूमहे वयम् ।
पूषा नो यथा वेदसामसद्वृधे रक्षिता
पायुरदब्धः स्वस्तये ॥१०॥ ऋ० १।६।१५।५॥

વ્યાખ્યાન—હે સર્વાધિ સ્વામિન્ ! આપજ ચર અને અચર જગના ઇશાન એટલે રચવાવાળાં છો. "**धियं**

जिन्वम् " સર્વ વિદ્યામય વિજ્ઞાન સ્વરૂપ બુદ્ધિને પ્રકાશિત કરવાવાળા, પ્રીણનીય સ્વરૂપ, " **पूषा** " સર્વના પોષક છો. તે આપનું અમે " **नःअवसे** " અમારી રક્ષાને માટે "**हूमहे**" આહ્વાન ધ્યાન કરીયે છીયે. "**यथा**" જે પ્રમાણે આપ અમારાં વિદ્યાઆદિ ધનોની વૃદ્ધિ તેમજ રક્ષણ માટે " **अदब्धः** " રક્ષિતા એટલે કે નિરાલસ્ય રક્ષા કરવામાં તત્પર છો તેજ પ્રમાણે કૃપા કરીને આપ " **स्वस्तये** " અમારી સ્વસ્થતાને માટે " **पायुः** " નિરંતર રક્ષક એટલે કે વિનાશ નિવારક થાઓ. આપથી પાલન થયેલા અમે હંમેશાં ઉત્તમ કામોમાં ઉન્નતિ અને આનંદ પ્રાપ્ત કરીએ. ॥ ૧૦ ॥

મૃ० स्तु० अतो॑ दे॒वा अ॑वन्तु नो॒ यतो॒ विष्णु॑र्विच॒क्र॒मे ।
पृ॒थि॒व्याः स॒प्त धाम॑भिः ॥११॥ ऋ० १।२।७।१६॥

વ્યાખ્યાન—" **हेदेवाः** " વિદ્વાનો ! " **विष्णु** " સર્વ વ્યાપક પરમેશ્વરે સર્વ જીવોના પાપ તથા પુણ્યનું ફલ ભોગવાવવા માટે અને સર્વ પદાર્થોને સ્થિત થવા માટે પૃથવીથી લઇને સપ્તવિધ લોક ' **धामभिः**" અર્થાત્ ઉંચાં નીચાં સ્થાનોવડે સંયુક્ત બનાવ્યા તથા ગાયત્ર્યાદિ સાત છંદોથી વિસ્તૃત વિદ્યા યુક્ત વેદ પણ બનાવ્યા. તે લોકોની સાથે વર્તમાન વ્યાપક ઇશ્વરે " **यतः** " જે સામર્થ્યથી સર્વ લોકોને રચ્યા છે. " **अत :** " (**सामर्थ्यात्**) તે સામર્થ્યથી અમારા લોકોની રક્ષા કરે. હે વિદ્વાનો ! તમે લોક પણ તેજ વિષ્ણુના ઉપદેશથી અમારી રક્ષા કરો. વિષ્ણુ

કેવા છે ? કે જેણે આ સર્વ જગત્‌ને " **विचकर्म** " વિવિધ પ્રકારથી રચ્યું છે તેનીજ હમેશાં ભક્તિ કરો. ૧૧.

મૂ૦ પ્રા० पाहि नो अग्ने रक्षसः पाहि धूर्तेरराव्णः ।
पाहि रीषत उत वा जिघांसतो बृहद्भानो यविष्ठ्य ॥१२॥
ऋ० १ । ३ । १० । १८ ॥

વ્યાખ્યાન—હે સર્વ શત્રુ દાહકાગ્ને ! પરમેશ્વર ! રાક્ષસ, હિંસાશીલ, દુષ્ટ સ્વભાવવાળા દેહધારિયોથી "**नः**" અમારી " **पाहि** " રક્ષા કરો. " **धूर्त्तेरराव्ण,** " કૃપણ અને ધૂર્ત મનુષ્યોથી પણ અમારી રક્ષા કરો. જે અમને તાડન કરે તથા જે મારવાની ઇચ્છા કરતા રહે છે તો તે સર્વથી પણ હે મહા બલવત્તમ પરમાત્મન્ ! અમારી રક્ષા કરો. ૧૨.

મૂ૦ સ્તુ૦ त्वमस्य पारे रजसो व्योमनः
स्वभूत्योजा अवसे धृषन्मनः ।
चकृषे भूमिं प्रतिमानमोजसोऽपः
स्वः परिभूरेष्या दिवम्॥१३॥ऋ० १।४।१४।१२॥

વ્યાખ્યાન—હે પરમૈશ્વર્યવાળા પરમાત્મન્ ! આકાશ લોકની પાર તથા અંદર આપના ઐશ્વર્ય અને બલથી વિરાજમાન થઈને દુષ્ટોનાં મનને ધર્ષણ-તિરસ્કાર કરતાં સર્વ જગત્‌ના " **अवसे** " સારી રીતે રક્ષણ કરવા માટે "**त्वम्**" આપ સાવધાન થઈ રહ્યા છો. તેથી અમે નિર્ભય

થઈને આનંદ કરિયે છીયે. વળી, "**दिवम्**" પરમાકાશ "**भूमिम्**" ભૂમી તથા "**स्वः**" સુખ વિશેષ મધ્યસ્થ લોક એ સર્વને આપના સામર્થ્યથીજ રચીને યથાવત્ ધારણ કરી રહ્યા છો. "**परिभूः एषि**" સર્વપર વર્તમાન અને સર્વને પ્રાપ્ત થઈ રહ્યા છો. "**आदिवम्**" દ્યોતનાત્મક સૂર્યાદિ લોક "**आपः**" અંતરિક્ષ લોક અને જલ એ સર્વને પ્રતિમાન એટલે કે પરિમાણ કરનાર આપજ છો. કૃપા કરીને અમને આપનું તથા સૃષ્ટિનું વિજ્ઞાન આપો. ૧૩.

मू० मा० विजानीह्यार्यान् ये च ।

दस्यवो बर्हिष्मते रन्धया शासदव्रतान् ।

शाकी भव यजमानस्य चोदिता विश्वेत्ताते

सधमादेषु चाकन ॥१४॥ ऋ० १।४।१०।८॥

વ્યાખ્યાન—હે યથાયોગ્ય સર્વને જાણવાવાળા ઇશ્વર! આપ "**आर्यान्**" વિદ્યા ધર્માદિ ઉત્કૃષ્ટ સ્વભાવાચરણ યુક્ત આર્યોને જાણો છો; "**येचदस्यवः**" અને જે નાસ્તિક, ડાકૂ, ચોર, વિશ્વાસઘાતી, મૂર્ખ, વિષયલંપટ, હિંસાદિ દોષયુક્ત તથા ઉત્તમ કર્મમાં વિઘ્ન કરવાવાળા, સ્વાર્થી, વેદવિદ્યા વિરોધી, અનાર્ય મનુષ્ય અને "**बर्हिष्मते**" સર્વોપકારક યજ્ઞના વિધ્વંસ કરવાવાળા છે તે સર્વ દુષ્ટોને આપ "**रन्धय**" (**समूलान् विनाशय**) મૂળ સહિત નષ્ટ કરો અને "**शासदव्रतान्**" બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સન્યાસાદિ ધર્માનુષ્ઠાન વ્રત રહિત, વેદ માર્ગોચ્છેદક, અનાચારિયોને

યથાયોગ્ય શાસન કરો. કે જેથી તેઓ પણ શિક્ષાયુક્ત થઇને શિષ્ટ બની જાય; અથવા તેનો પ્રાણાન્ત થાય; કિંવા અમારા વશમાં રહે. "**शाकी**" તથા આપ જીવને પરમશક્તિ યુક્ત શક્તિ આપનાર તથા ઉત્તમ કામોમાં પ્રેરનાર છો. આપ અમારાં દુષ્ટ કામોના નિરોધક છો. હું પણ "**सधमा०**" ઉત્કૃષ્ટ સ્થાનોમાં નિવાસ કરતાં '**विश्वेत्ताते**" તમારી આજ્ઞાનુકૂલ સર્વ ઉત્તમ કર્મોની "**चाकन**" કામના કરૂં છું. તે આપ પૂરી કરો. ૧૪.

मू० स्तु० न यस्य द्यावापृथिवी अनु व्यचो
न सिन्धवो रजसो अन्तमानशुः ।
नोत स्ववृष्टिं मदे अस्य युध्यत एको अन्यच्चकृषे
विश्वमानुषक् ॥ १५ ॥ ऋ० १ । ४ । १४ । १४ ॥

વ્યાખ્યાન—હે પરમૈશ્વર્ય યુક્તેશ્વર ! આપ ઇંદ્ર છો. હે. મનુષ્યો ! જે પરમાત્માનો અંત આટલો છે એમ નથી. તેની વ્યાપ્તિનો પરિચ્છેદ પરિમાણ કોઇ નથી કરી શકતું. તથા દિવ અર્થાત્ સૂર્યાદિક લોક, સર્વોપરિ આકાશ તથા પૃથિવી મધ્ય નિકૃષ્ટ લોક એમાંથી કોઇપણ તે પરમાત્માનું આદિ તથા અંત જાણતું નથી; કારણકે "**अनुव्यच:**" તે પરમાત્મા સર્વ સમૂહના વચમાં અનુસ્યૂત એટલે પરિપૂર્ણ છે. તથા '**नसिन्धव:**" અંતરિક્ષમાં જે દિવ્ય જલ તથા સર્વ લોક તે પણ તેનો અંત પામી શકતા નથી. "**नोतस्ववृष्टिं मदे**" વૃષ્ટિપ્રહારથી યુદ્ધ કરનાર વૃત્ર એટલે મેઘ

તથા વિજળી, ગર્જન આદિપણ ઇશ્વરનો પાર પામી શકતાં નથી. હે પરમાત્મન્! આપનો પાર કોણ પામી શકે? કેમકે "एकः" એક એટલે કે પોતાથી ભિન્ન સહાય રહિત સ્વસામર્થ્યથીજ "विश्वम्" સર્વ જગત્માં "आनुषक" આનુષક્ત અર્થાત્ વ્યાપ્ત છો અને "चकृषे" (कृतवान्) આપેજ બધું ઉત્પન્ન કર્યું છે. તો પછી જગત્ના પદાર્થ આપનો પાર કેમ કરી પામી શકે? તથા "अन्यत्" આપ જગત્રૂપ કદી બનતા નથી, આપમાંથી જગત્ રચતા નથી; કિંતુ આપના અનંત સામર્થ્યથીજ જગતનું રચન, ધારણ અને લય યથાકાલમાં કર્યા કરોછો એથી કરીને આપનો સહાય અમને સદૈવ છે. ૧૫.

मू०पा०—ऊर्ध्वो नः पाह्यंहसो नि केतुना विश्वं समत्रिणं दह। कृधी न ऊर्ध्वाञ्चरथाय जीवसे विदा देवेषु नो दुवः ॥ १६ ॥ ऋ० १। ३। १०। १४ ॥

વ્યાખ્યાન—હે સર્વોપરિ વિરાજમાન પરબ્રહ્મ! આપ સર્વથી ઉત્કૃષ્ટ છો. અમને કૃપા કરી ઉત્કૃષ્ટ ગુણવાળા બનાવો; તથા ઉર્ધ્વદેશમાં અમારી રક્ષા કરો. હે સર્વ પ્રણાશકેશ્વર! અમને 'केतुना" વિજ્ઞાન અર્થાત્ વિવિધ વિદ્યા દાન આપીને "अंहसः" અવિદ્યાદિ મહા પાપથી "निपाहि" (नितराम्पाहि) સદૈવ અલગ રાખો; તથા "विश्वम्" આ સર્વ સંસારનું પણ નિત્ય પાલન કરો; હે

સત્ય મિત્ર ન્યાય કારિન્! જો કોઈ પ્રાણી "अत्रिणम्" અમારાથી શત્રુતા કરે તેને અને કામ ક્રોધાદિ શત્રુઓને આપ "दह" સારી રીતે ભસ્મી ભૂત કરો. "कृधीन ऊर्ध्वान्" હે કૃપાનિધે! અમને વિદ્યા, શૌર્ય ધૈર્ય, બલ પરાક્રમ, ચાતુર્ય, વિવિધ ધન, ઐશ્વર્ય, વિનય, સામ્રાજ્ય, સમ્મતિ, સમ્પત્તિ. સમ્પ્રીતિ, સ્વદેશ સુખ સંપાદનાદિ, ગુણોમાં સર્વ નર દેહધારિયોથી અધિક ઉત્તમ કરો; તથા 'चरथाय" "जीवसे" સર્વથી અધિક આનંદ, ભોગ, સવ દેશોમાં અવ્યાહતગમન. આરોગ્ય દેહ. શુદ્ધ માનસબલ અને વિજ્ઞાન, ઇત્યાદિને માટે અમને ઉત્તમતા અને આપની પાલના યુક્ત કરો. "विदा" વિદ્યાદિ ઉત્તમોત્તમ ધન "देवेषु" વિદ્વાનોમાં પણ ઉત્તમ પ્રતિષ્ઠા યુક્ત અમને કરો–રાખો ૧૬.

મૂ૦સ્તુ૦—अदि॑ति॒र्द्यौरदि॑तिर॒न्तरि॑क्ष॒मदि॑तिर्मा॒ता स पि॒ता स पु॒त्रः। विश्वे॑ दे॒वा अदि॑तिः॒ पञ्च॒ जना॒ अदि॑तिर्जा॒तमदि॑ति॒र्जनि॑त्वम् ॥ १७ ॥ ऋ॰ १। ६। १६। १० ॥

વ્યાખ્યાન—હે ત્રૈકાલ્યાબાધેશ્વર! "अदितिर्द्यौः" આપ સદૈવ વિનાશ રહિત તથા સ્વપ્રકાશ સ્વરૂપ છો. "अदितिरन्तरिक्षम्" અવિકૃત અને સર્વના અધિષ્ઠાતા છો. "अदितिर्माता" આપ મોક્ષ પામેલા જીવોને યથાવત્ વિનાશ-રહિત સુખ આપવાવાળા અને અત્યંત માન કરવાવાળા છો. "सपिता" તે અવિનાશી સ્વરૂપ અમારા સર્વના પિતા અને

પાલક આપ છો. અને "**सपुत्र:**" તે ઈશ્વર આપ મુમુક્ષુ ધર્માત્મા વિદ્વાનોના નરકાદિ દુઃખોથી પવિત્ર અને રક્ષણ કરવાવાળા છો. "**विश्वेदेवा अदितिः**" સર્વ દીવ્યગુણ (વિશ્વનું ધારણ, રચન, મારણ, પાલન, આદિ કાર્યો કરવા વાળા) આપ અવિનાશી પરમાત્માજ છો. "**पञ्चजना अदितिः**" પાંચ પ્રાણ જે જગત્‌ના જીવનના હેતુ છે તે પણ આપના રચેલા છે તેમજ તે પણ આપના નામ છે. "**जातमदितिः**" તેજ એક ચેતન બ્રહ્મ આપ સદા પ્રાદુર્ભૂત છો. અને બીજું બધું તો કોઈવાર પ્રાદુર્ભૂત અને કોઇવાર અપ્રાદુર્ભૂત પણ થઇ જાય છે." **अदितिर्जनित्वम्**" તેજ અવિનાશી સ્વરૂપ ઇશ્વર આપ સર્વ જગત્‌ના "**जनित्वम्**" જન્મના હેતુ છો, બીજો કોઇ નથી. ૧૭.

મૂ॰ પ્રા॰ ऋजुनीती नो वरुणो मित्रो नयतु विद्वान् ।
अर्यमा देवैः सजोषाः ॥१८॥ ऋ॰ १।६।१७॥१॥

વ્યાખ્યાન—હે મહારાજાધિરાજ પરમેશ્વર ! આપ અમને "**ऋजु॰**" સરલ શુદ્ધ કોમલત્વાદિ ગુણ વિશિષ્ટ ચક્રવર્તિ રાજાઓની નીતિને "**नयतु**" કૃપા દૃષ્ટિથી પ્રાપ્ત કરાવો. આપ "**वरुणः**" સર્વોત્કૃષ્ટ હોવાથી વરૂણ છો; માટે અમને વરરાજ્ય, વરવિદ્યા, વરનીતિ આપો તથા સર્વના મિત્ર શત્રુતા રહિત થાઓ અને અમને પણ આપ મિત્ર ગુણ યુક્ત ન્યાયાધીશ કરો; તથા આપ સર્વોત્કૃષ્ટ વિદ્વાન્ છો તો અમને પણ સત્ય વિદ્યાથી યુક્ત સુનીતિ આપીને

સામ્રાજ્યાધિકારી સદ્યઃકરો; તથા આપ "अर्य्यमा" (यम-राजः) પ્રિયાપ્રિય છોડીને ન્યાયમાં વર્તમાન છો સર્વ સંસારના જીવોના પાપ અને પુણ્યોની યથાયોગ્ય વ્યવસ્થા કરવાવાળા છો તો અમને પણ આપ તેવા કરો કે જેથી "देवैः सजोषाः" આપની કૃપાથી વિદ્વાને તેમજ દિવ્ય ગુણોની સાથે ઉત્તમ પ્રીતિયુક્ત આપનામાં રમણ અને સેવન કરવાવાળા થઇયે. હે કૃપાસિન્ધો ! ભગવન્ ! અમારાપર સહાયતા કરો કે જેથી સુનીતિ યુક્ત થઇને અમારાં સ્વ-રાજ્ય અત્યન્ત વધે. ૧૮.

મૂ૦ मा०—त्वं सोमासि सत्पतिस्त्वं राजोत वृत्रहा । त्वं भद्रो असि क्रतुः ॥१९॥ऋ० । १ । ६ । १६ । ५ ॥

વ્યાખ્યાન—હે સોમરાજન્ ! સત્પતે પરમેશ્વર ! તમે સોમ છો, સર્વના સાર કહાડવાવાળા પ્રાપ્ય સ્વરૂપ અને શાંતાત્મા છો, તથા સત્પુરૂષોના પ્રતિપાલન કરવાવાળા છો; તમેજ સર્વના રાજા "उत" અને "वृत्रहा" મેઘના રચવા-વાળા, ધારક અને મારક છો; ભદ્રસ્વરૂપ, ભદ્ર કરવાવાળા અને 'क्रतुः" સર્વ જગતના કર્તા આપજ છો. ૧૯.

મૂ૦ मा०—त्वं नः सोम विश्वतो रक्षा राजन्नघायतः । न रिष्येत्त्वावतः सखा ॥२०॥ ऋ० १ । ६ । २० । ८ ॥

વ્યાખ્યાન—હે સોમ રાજન્નીશ્વર ! તમે "अघायतः" જે કોઈ પ્રાણી અમારામાં પાપી અને પાપની ઇચ્છા કરવા

વાળા છે "विश्वतः" તે સર્વ પ્રાણિઓથી અમારી "रक्ष" રક્ષા કરો. જેના આપ મિત્ર છો "नरिष्यत" તે કોઇપણ વખત નાશ નથી પામતા. કિંતુ અમને આપની સહાયતાથી તલમાત્રપણ દુઃખ અથવા ભય કોઇપણ કાળે થશે નહિ. જે આપનો મિત્ર અને જેના આપ મિત્ર છો તેને દુઃખ કેમ કરી થાય? ૨૦.

मू० प्रा०— तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः । दिवीव चक्षुराततम् ॥२१॥ ऋ० १ । २ । ७ । २० ॥

વ્યાખ્યાન હે વિદ્વાનો અને મુમુક્ષુ જીવો! વિશ્વનું જે પરમઉત્કૃષ્ટ પદ કે જે સર્વને જાણવાયોગ્ય, અને જેને પ્રાપ્ત થઇને પૂર્ણાનંદમાં રહે છે પછી ત્યાંથી શીઘ્ર દુઃખમાં નહિં પડે, જે પદને "सूरयः" ધર્માત્મા, જીતેન્દ્રિય, સર્વના હિતકારક, વિદ્વાન લોક યથાવત્ સારા વિચારથી જુવે છે તે પરમાત્માનું પદ છે. કયા દૃષ્ટાન્તથી કે જેમ આકાશમાં ચક્ષુની વ્યાપ્તિ અથવા સૂર્યનો પ્રકાશ સર્વ બાજુથી વ્યાપ્ત છે તેજ પ્રમાણે "दिवीवचक्षुराततम्" પરબ્રહ્મ સર્વ જગતમાં એક રસ ભરી રહ્યા છે. તેજ પરમપદ સ્વરૂપ પરમાત્મા પરમપદ છે. તેની પ્રાપ્તિ થવાથી જીવ સર્વ દુઃખોથી છુટી જાય છે. અન્યથા જીવને કોઇપણ પરમ સુખ નથી મળતું. એથી સર્વ પ્રકારે પરમેશ્વરની પ્રાપ્તિમાં યથાવત્ પ્રયત્ન કરવો જોઇએ. ૨૧.

मू॰ मा॰—स्थिरा वः सन्त्वायुधा पराणुदे वीळू उत प्रतिष्कभे । युष्माकमस्तु तविषी पनीयसी मा मर्त्यस्य मायिनः ॥ २२ ॥ ऋ॰ १ । ३ । १८ । २ ॥

વ્યાખ્યાન—ઇશ્વર સર્વ જીવોને આશીર્વાદ આપે છે કે, હે જીવો! "**वः**" (**युष्माकम्**) તમારે માટે આયુધ અર્થાત્ શતઘ્ની, (તોપ) ભુશંડી, (બંદુક) ધનુષ, બાલ, કરવાલ, (તુલવાર) શક્તિ, (બરછી) આદિ શસ્ત્ર સ્થિર અને દૃઢ થાઓ. શા પ્રયોજન માટે? "**पराणुदे**" તમારા શત્રુઓનો પરાજય કરવા માટે કે જેનાથી તમારા કોઇ દુષ્ટ શત્રુ લોક કોઇપણ વખત તમને દુઃખ ન આપી શકે "**उत, प्रतिष्कभे**" શત્રુઓના વેગને થોભાવવા માટે "**युष्माकमस्तु ताविषी पनीयसी**" તમારી બલરૂપ ઉત્તમ સેના સર્વ સંસારમાં પ્રશંસિત થાય, જેથી તમારી સાથે લડવાને કોઈ શત્રુનો સંકલ્પ પણ ન થાય. પરંતુ '**मामर्त्यस्यमायिनः**" જે અન્યાયકારી મનુષ્ય છે તેને હું આશિર્વાદ આપતો નથી. દુષ્ટ, પાપી, ઈશ્વર ભક્તિ રહિત મનુષ્યનું બલ અને રાજ્યૈશ્વર્યાદિ કોઈ પણ વખત વૃદ્ધિ ન પામો, અને તેનો પરાજયજ હમેશાં થાઓ. હે બંધુવર્ગો! આવો આપણે બધા મળીને સર્વ દુઃખોનો વિનાશ અને વિજય માટે ઈશ્વરને પ્રસન્ન કરીયે કે જે આપણને આશીર્વાદ આપે, અને જેનાથી આપણા શત્રુઓ વૃદ્ધિ ન પામે. ૨૨.

मू० स्तु०—विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे इन्द्रस्य युज्यः सखा ॥२३॥ ऋ० १।२।७।१९॥

વ્યાખ્યાન—હે જીવો! "**विष्णोः**" વ્યાપકેશ્વરની કરેલી દિવ્ય જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય આદિ કર્મોને તમે જુવો. (પ્રશ્ન) કહ્યા હેતુથી અમે લોક જાણીએ કે વ્યાપક વિષ્નુનું કર્મ છે? (ઉત્તર) "**यतोव्रतानिपस्पशे**" જેથી અમે લોક બ્રહ્મચર્યાદિવ્રત તથા સત્યભાષણાદિવ્રત અને ઇશ્વરના નિયમોના અનુષ્ઠાન કરવાને જીવ સુશરીર ધારી થઇને સમર્થ થયા છે એ સર્વ કાર્ય તેજ પરમાત્માના સામર્થ્યથી છે, કેમકે '**इन्द्रस्ययुज्यः सखा**" ઇન્દ્રિયોની સાથે વર્તમાન કર્મોનો કર્તા, ભોક્તા જે જીવ તેનો એજ પરમાત્મા એક યોગ્ય મિત્ર છે, અન્ય કોઇ નથી. કેમકે ઇશ્વર જીવનો અન્તર્યામી છે. તેનાથી બીજો જીવનો હિતકારી કોઈ નથી, અને ન થઇ શકે, એ માટે પરમાત્મા સાથે હમેશાં મિત્રતા રાખવી જોઇયે ૨૩.

मू० प्रा०—परा णुदस्व मघवन्नमित्रान्त्सुवेदा नो वसू कृधि। अस्माकं बोध्यविता महाधने भवा वृधः सखीनाम् ॥२४ ऋ० ५।३।२१।२५॥

વ્યાખ્યાન—હે મઘવન્! પરમૈશ્વર્યવન્! ઇન્દ્ર! પરમાત્મન્! "**अमित्रान्**" અમારા સર્વ શત્રુઓનો "**पराणुदस्व**" પરાસ્ત કરી દો. હે દાતા! '**सुविदा, नो, वसू, कृधि,**" "**अस्माकं**

बोध्याविता” અમારે માટે સર્વ પૃથિવીનું ધન સુલભ કરો. “महाधने” યુદ્ધમાં અમારા તથા અમારા મિત્રના સેનાદિકના “अविता” રક્ષણ કરનાર “वृधः” વૃદ્ધિ કરનાર ‘भव’ આપજ છો. તથા “बोधि” અમને આપનાજ જાણો. હે ભગવન્ ! જ્યારે આપ અમારા રક્ષક યોદ્ધા થશો ત્યારેજ અમારો સર્વ ઠેકાણે વિજય થશે એમાં સંદેહ નથી. ૨૪.

મૂ० प्रा०—शन्नो भगः शमु नः शंसो अस्तु शंनः पुरन्धिः शमु सन्तु रायः । शं नः सत्यस्य सुयमस्य शंसः शं नो अर्यमा पुरुजातो अस्तु ॥ २५ ॥ ऋ० ५ । ३ । २८ । २॥

વ્યાખ્યાન - હે ઈશ્વર ! “भगः” આપ અને આપનું આપેલું ઐશ્વર્ય “शंनः” અમારે માટે સુખકારક થાઓ. “शमुनः” “शंसो अस्तु” આપની કૃપાથી અમારી સુખકારક પ્રશંસા થાઓ. “पुरन्धिः शमुसन्तुरायः” સંસારને ધારણ કરવાવાળા આપ તથા પ્રાણવાયુ અને સર્વ ધન આનંદદાયક થાઓ. “ शन्नःसत्यस्य ” સત્ય, યથાર્થ ધર્મ, સુસંયમ અને જીતેન્દ્રિયાદિ લક્ષણયુક્ત જે પ્રશંસા સર્વ સંસારમાં પ્રસિદ્ધ છે તે પરમાનંદ અને શાંતિયુક્ત અમારે માટે થાઓ. “शं,नो, अर्यमा” ન્યાયકારી આપ “ पुरुजातः” અનંત સામર્થ્ય યુક્ત અમારા કલ્યાણકારક થાઓ. ૨૫.

મૂ० स्तु०—त्वमसि प्रशस्यो विदथेषु सहन्त्य । अग्ने रथीरध्वराणाम् ॥ २६ ॥ ऋ० ५ । ८ । ३५ । २॥

વ્યાખ્યાન—હે "**अग्ने**" સર્વજ્ઞ! તુંજ સર્વત્ર "**प्रशस्यः**" સ્તુતિ કરવાને યોગ્ય છે. અન્ય કોઇ નહિં. "**विदथेषु**" યજ્ઞ અને યુદ્ધોમાં આપજ સ્તોતવ્ય છો. જે તમારી સ્તુતિ છોડીને અન્ય જડાદિની સ્તુતિ કરે છે તેના યજ્ઞ તથા યુદ્ધમાં વિજય કદાપિ સિદ્ધ થતો નથી. "**सहन्त्य**" શત્રુઓના સમૂહના આપજ નાશ કરવાવાળા છો. "**रथीः**" યજ્ઞ અને યુદ્ધોમાં આપજ રક્ષી છો. અમારા શત્રુઓના યોદ્ધાઓને જીતવાવાળા છો એ કારણ માટે અમારો પરાજય કદી થઇજ શકતો નથી. ૨૬.

मू० प्रा०—तन्न इन्द्रो वरुणो मित्रो अग्निराप ओषधीर्वनिनो जुषन्त । शर्मन्त्स्याम मरुतामुपस्थे यूयं पात स्वस्तिभिः सदा नः ॥ २७ ॥ ऋ० ५ । ३ । २७ । २५ ॥

વ્યાખ્યાન—હે ભગવન્! "**तन्न इन्द्रः**" સૂર્ય "**वरुणः**" ચંદ્રમા "**मित्रः**" વાયુ "**अग्निः**" અગ્નિ "**आपः**" જલ "**ओषधिः**" વૃક્ષાદિ વનસ્થ સર્વ પદાર્થ આપની આજ્ઞાથી સુખરૂપ થઇને અમારૂં સેવન કરે છે. હે રક્ષક! "**मरुतामुपस्थे**" પ્રાણાદિ પવનોના ખોળામાં બેઠેલા અમે આપની કૃપાથી "**शर्मन्त्स्याम**" સુખયુક્ત સદા રહીયે. "**स्वस्तिभिः**" સર્વ પ્રકારના રક્ષણોથી "**यूयंपात**" (**आदरार्थम्बहुवचनम्**) આપ અમારી રક્ષા કરો કે કોઇપણ પ્રકારે અમારી હાની ન થાય. ૨૭.

मू० स्तु०—ऋषि॒र्हि पू॑र्व॒जा अस्येक॒ ईशा॑न॒ ओज॑सा । इन्द्र॑ चोष्कूय॒से वसु ॥ २८ ॥ ऋ० ५ । ८ । १७ । ४१ ॥

વ્યાખ્યાન—હે ઈશ્વર ! "**ऋषिः**" સર્વજ્ઞ "**पूर्वजाः**" અને સર્વના-પૂર્વજોના એક અદ્વિતીય "**ईशानः**" ઈશન કર્તા અર્થાત્ ઇશ્વરતા કરવાવાળા ઇશ્વર તથા સર્વથી મહાન્, પ્રલયોત્તરકાલમાં આપજ રહેવાવાળા "**ओजसा**" અનંત પ્રરાક્રમથી યુક્ત છો. હે ઇન્દ્ર ! મહારાજાધિરાજ ! "**चोष्कूयसेवसु**" સર્વ ધનના દાતા શીઘ્ર કૃપાનો પ્રવાહ આપનાં સેવકોપર કરી રહ્યા છો, આપ અત્યન્ત કોમલ સ્વભાવવાળા છો. ૨૮.

मू०प्रा०—नेह भ॒द्रं र॑क्ष॒स्विने॒ नाव॒यै नोप॒या उ॒त । गवे॑ च भ॒द्रं धे॒नवे॑ वी॒राय॑ च श्रवस्य॒तेऽने॒हसो॑ व ऊ॒तयः॑ सु ऊ॒तयो॑ व ऊ॒तयः॑ ॥ २९ ॥ ऋ० ६ । ४ । ९ । १२ ॥

વ્યાખ્યાન—હે ભગવન્ ! "**रक्षस्विने**" "**भद्रम्**" "**नेह**" પાપી, હિંસક દુષ્ટાત્માને આ સંસારમાં સુખ ન આપો. "**नावयै**" ધર્મથી વિપરીત ચાલવાવાળાને કદાપિ સુખ ન થાઓ. તથા "**नोपयाउत**" અધર્મીની પાસે રહેવાવાળા તથા તેના સહાયકને પણ સુખ ન થાઓ. એવી પ્રાર્થના આપની પાસે અમારી છે, કે દુષ્ટોને સુખ કદી ન થવું જોઇયે, નહિં તો કોઇ જન ધર્મમાં રૂચી કરશે નહિ. કિંતુ આ સંસારમાં ધર્માત્માઓનેજ સુખ સદા આપો.

તથા અમારી શમદમાદિ યુક્ત ઇન્દ્રિયો, દુધ આપવાવાળી ગાયો આદિ વીરપુત્ર તથા શૂરવીર ભૃત્ય, "श्रवस्यते" વિદ્યા વિજ્ઞાન અને અન્નાદ્યૈશ્વર્ય યુક્ત અમારા દેશનાં રાજા અને ધનાઢય મનુષ્યો તથા તેને માટે ' अनेहसः" નિષ્પાપ નિરૂપદ્રવ સ્થિર દૃઢ સુખ થાઓ. "सुऊतयो वऊतयः" (वः युष्माकम् बहुवचनमादरार्थम्) હે સર્વ રક્ષકેશ્વર! આપ સર્વ રક્ષણ અર્થાત્ પૂર્વોક્ત સર્વ ધર્માત્માઓની રક્ષા કરવાવાળા છો જેનાપર આપ રક્ષક છો તેને સદૈવ ભદ્ર-કલ્યાણ-પરમસુખ પ્રાપ્ત થાય છે. બીજાને નહિં. २९.

મૂ०स्तु०—वसु॒र्वसु॑पति॒र्हि कमस्य॑ग्ने वि॒भाव॑सुः । स्याम॑ ते सुम॒ताव॑पि॑ ॥ ३० ॥ ऋ० । ६ । ३ । ४० । २४ ॥

વ્યાખ્યાન—હે પરમાત્મન્! આપ વસુ અર્થાત્ સર્વને આપનામાં વસાવવાવાળા અને સર્વમાં આપ વસવાવાળા છો. તથા ' वसुपतिः" પૃથિવ્યાદિ વાસ માટે ભૂત માત્રના પતિ છો. ' कमसि' હે અગ્ને! વિજ્ઞાનાનન્દ! સ્વપ્રકાશ સ્વરૂપ! આપજ સર્વના સુખકારક અને સુખસ્વરૂપ છો તથા "विभावसुः" સત્ય સ્વપ્રકાશક ધનમય છો. હે ભગવન્! એવા ' ते ' આપનાં ' सुमतौ" અત્યન્તોત્કૃષ્ટ જ્ઞાન અને પરસ્પર પ્રીતિમાં અમે લોક સ્થિર રહીયે. ३०.

મૂ० प्रा०—वै॒श्वा॒न॒रस्य॑ सु॒मतौ॑ स्या॒म॒ राजा॒ हि कं॒ भुव॑नाना॒म॒भि॒श्रीः॑ । इ॒तो जा॒तो विश्व॑मि॒दं वि च॑ष्टे वैश्वान॒रो य॑त॒ते सूर्ये॑ण ॥ ३१ ॥ ऋ० १ । ७ । ६ । १ ॥

વ્યાખ્યાન—હે મનુષ્યો ! જે અમારા તથા સર્વ જગતના રાજા સર્વ ભુવનના સ્વામિ "**कम्**" સર્વના સુખ દાતા અને "**अभिश्रीः**" સર્વના નિધિ (શોભાકારક) છે. "**वैश्वानरो यतते सूर्येण**" સંસારસ્થ સર્વ નરોના નેતા અને સૂર્યની સાથે તેજ પ્રકાશક છે, અર્થાત્ સર્વ પ્રકાશક પદાર્થ તે પરમાત્માના રચેલા છે. **इतो जातो विश्वमिदम् विचष्टे**" તેજ ઇશ્વરના સામર્થ્યથી આ સંસાર ઉત્પન્ન થયો છે. અર્થાત્ તેણે રચ્યો છે. **वैश्वानरस्य सुमतौ स्याम** તે વૈશ્વાનર પરમાત્માનાં ઉત્કૃષ્ટ જ્ઞાનમાં અમે નિશ્ચિત સુખ સ્વરૂપ અને વિજ્ઞાનવાળા થઇયે હે મહારાજાધિરાજેશ્વર ! આપ એ અમારી આશાને કૃપાથી પૂર્ણ કરો. ૩૧.

—※—

મૂ૦ સ્તુ૦—न यस्य देवा देवता न मर्त्ता आपश्च न शवसो अन्तमापुः । स प्ररिक्वा त्वक्षसा क्ष्मो दिवश्च मरुत्वान्नो भवत्विन्द्र ऊती ॥ ३२ ॥ ऋ० १ । ७ । १० । १५ ॥

વ્યાખ્યાન—હે અનન્તબલ ! "**नयस्य**" જે પરમાત્માનો અને તેના બલાદિ સામર્થ્યનો "**देवाः**" ઇન્દ્રિય "**देवताः**" વિદ્વાન્, સૂર્યાદિ અને બુધ્યાદિ "**न मर्त्ता**" સાધારણ મનુષ્ય "**आपश्चन**" આપ., પ્રાણ, વાયુ, સમુદ્ર ઇત્યાદિ સર્વ પાર નથી પામી શકતા. કિંતુ "**प्ररिक्वा**" પ્રકૃષ્ટતાથી તે પરમાત્મા સર્વમાં વ્યાપક હોઇને તદતિરિક્ત (તેનાથી વિલક્ષણ) ભિન્ન પણ પરિપૂર્ણ થઇ રહ્યો છે. તે "**मरुत्वान्**" અત્યન્ત બલવાન્ ઇન્દ્ર પરમાત્મા "**त्वक्षसा**"

શત્રુઓનાં બલનાં છેદક બલથી 'क्ष्मः' પૃથિવીને 'दिवश्च' સ્વર્ગને ધારણ કરે છે. તે इन्द्रः પરમાત્મા "ऊती" અમારી રક્ષાને માટે "भवतु" તત્પર રહો. ૩૨.

मू०मा० जातवेदसे सुनवाम सोममरातीयतो निर्दहाति वेदः । स नः पर्षदति दुर्गाणि विश्वा नावेव सिन्धुं दुरितात्यग्निः ॥३३॥ ऋ० १ । ७ । ७ । १ ॥

વ્યાખ્યાન—હે जातवेदः પરમાત્મન્! આપ જાતવેદ છો, ઉત્પન્ન માત્ર સર્વ જગતને આપ જાણવાવાળા છો, સર્વત્ર પ્રાપ્ત છો, જે વિદ્વાનોથી જણાય તે સર્વમાં વિદ્યમાન (જાત અર્થાત્ પ્રાદુર્ભૂત અનંત ધનવાન, અથવા અનન્ત જ્ઞાનવાન્ છો માટે આપનું નામ જાતવેદ છે) એવા આપને "वयं सोमं सुनवाम" જેટલા સોમપ્રિય ગુણ વિશિષ્ટાદિ અમારા પદાર્થ છે તે સર્વ અર્પણ છે. તો આપ હે કૃપાલો! 'अरातीयतः' દુષ્ટ શત્રુઓ કે જેઓ અમારા ધર્માત્માના વિરોધી છે તેના 'वेदः' ધનૈશ્વર્યાદિકનો 'निर्दहाति' નિત્ય દહન કરો. કે જેનાથી તે દુષ્ટતાને છોડીને શ્રેષ્ઠતાને સ્વીકારે તથા "नः" અમને 'दुर्गाणिविश्वा' સંપૂર્ણ દુસ્સહ દુઃખોથી 'पर्षदति' પાર કરીને આપ નિત્ય સુખ પ્રાપ્ત કરો. 'नावेव सिन्धुम्' જેમકે અત્યંત કઠિન નદી અથવા સમુદ્રથી પાર થવા માટે હોડી હોય છે "दुरितात्यग्निः" તે પ્રમાણે અમને સર્વ પાપ જનિત અત્યન્ત પીડાઓથી પૃથક કરીને સંસા-

રમાં અને મુક્તિમાં પરમ સુખ શીઘ્ર પ્રાપ્ત કરો. ૩૩.

मू० स्तु०—स वज्रभृद्दस्युहा भीम उग्रः सहस्रचेताः शतनीथ ऋभ्वा । चम्रीषो न शवसा पाञ्चजन्यो मरुत्वान्नो भवत्विन्द्र ऊती ॥ ३४ ॥ ऋ० १ । ७ । १० । १२ ॥

વ્યાખ્યાન—હે દુષ્ટવિનાશક પરમાત્મન્ ! આપ '**वज्रभृत्**' અચ્છેદ્ય સામર્થ્યથી સર્વશિષ્ટ હિતકારક તથા દુષ્ટ વિનાશક જે ન્યાય તેને ધારણ કરી રહ્યા છો. '**प्राणोवावज्रः**' ઇત્યાદિ શતપથાદિનું પ્રમાણ છે. એ માટેજ '**दस्युहा**' દુષ્ટ પાપી લોકોના નાશ કરવાવાળા છો. '**भीमः**' આપની ન્યાય આજ્ઞાને છોડવાવાળાને આપ ભયંકર ભય આપવાવાળા છો. "**सहस्रचेताः**" હજારો વિજ્ઞાનાદિ ગુણવાળા આપ છો. '**शतनीथः**' સેંકડો અસંખ્યાત પદાર્થોની પ્રાપ્તિ કરવાવાળા આપ છો. '**ऋभ्वा**' અત્યન્ત વિજ્ઞાનાદિ પ્રકાશવાળા છો. અને સર્વના પ્રકાશક છો. તથા મહાન્ અથવા મહા બલ વાળા છો. '**नः चम्रीषः**" કોઈની સેનામાં વશ થનારા નથી. '**शवसा, पाञ्चजन्यः**" સ્વબલથી આપ પાંચ જન્ય એટલે કે પંચપ્રાણોના જનક છો. "**मरुत्वान्**' સર્વ પ્રકારના વાયુઓના આધાર તથા ચાલક છો તે આપ '**इन्द्रः**' અમારી રક્ષાને માટે પ્રવૃત્ત છો. જેથી અમારૂં કોઇપણ કામ બગડે નહિં. ૩૪.

मू० मा०—सेमं नः काममापृण गोभिरश्वैः शतक्रतो । स्तवाम त्वा स्वाध्यः ॥३५॥ ऋ० १ । १ । ३१ । ९ ॥

વ્યાખ્યાન—હે શતક્રતો ! અનંત ક્રિયેશ્વર ! આપ અસંખ્યાત વિજ્ઞાનાદિ યજ્ઞોથી પ્રાપ્ત થવા યોગ્ય છો. તથા અનંતક્રિયા યુક્ત છો. આપ "गोमिरश्वैः" ગાય, ઉત્તમ ઇન્દ્રિય, શ્રેષ્ટ પશુ, સર્વોત્તમ અશ્વવિદ્યા (વિજ્ઞાનાદિ યુક્ત તથા અશ્વ અર્થાત્ શ્રેષ્ઠ ઘોડા આદિ પશુઓ અને ચક્રવર્તી રાજ્યૈશ્વર્યથી "सेमं नः काममापृण" અમારાં કામને પરિપૂર્ણ કરો. પછી અમે પણ "स्तवाम त्वा, स्वाध्यः" સુબુદ્ધિયુક્ત થઇને ઉત્તમ પ્રકારથી આપનું સ્તવન કરીયે. અમને દૃઢ નિશ્ચય છે કે આપના વિના બીજો કોઇ કોઈનું કામ પૂર્ણ કરી શકતો નથી. આપને છોડીને બીજાનું ધ્યાન અથવા યાચના જેઓ કરે છે, તેઓના સર્વ કામ નાશ થઇ જાય છે. ૩૫.

—⁎⁎⁎—

मू०स्तु०—सोम गीर्भिष्ट्वा वयं वर्द्धयामो वचोविदः । सुमृळीको न आविश ॥३६॥ ऋ० १।६।२१।११॥

વ્યાખ્યાન—હે સોમ ! સર્વ જગદુત્પાદકેશ્વર ! આપને "वचोविदः" શાસ્ત્રવિદ્ અમે લોકો સ્તુતિ સમૂહથી "वर्द्धयामः" સર્વોપરિ વિરાજમાન માનીયે છીયે. "सुमृळीको, नः, आविश" કેમકે અમને સુંદર સુખ આપવાવાળા આપજ છો. તેક્રૃપા કરીને અમને આપ આવેશિત કરો કે જેથી અમે અવિદ્યાન્ધકારથી છૂટીને વિદ્યાસૂર્યને પ્રાપ્ત થઇ આનંદ કરીયે. ૩૬.

मू० प्रा०—सोमं रारन्धि नो हृदि गावो न यवसेष्वा । मर्य इव स्व ओक्ये ॥३७॥ ऋ० १ । ६ । २१ । १३ ॥

વ્યાખ્યાન—હે "**सोम**" સૌમ્ય ! સૌખ્યપ્રદેશ્વર ! આપ કૃપા કરીને "**रारन्धि, नो हृदि**" અમારા હૃદયમાં યથાવત્ રમણ કરો. "જેમ સૂર્યનાં કીરણો, વિદ્વાનોનાં મન, તથા ગાય આદિ પશુ પોતપોતાના વિષય અને ઘાસાદિમાં રમણ કરે છે." અથવા જેમ "**मर्य इव स्व ओक्ये**" મનુષ્ય પોતાના ઘરમાં રમણ કરે છે તેમજ આપ સદા સ્વપ્રકાશ યુક્ત અમારા હૃદયમાં—આત્મામાં—રમણ કરો. જેથી અમને યથાર્થ જ્ઞાન અને આનંદ થાય. ૩૭.

मू० स्तु०-गयस्फानो अमीवहा वसुवित्पुष्टिवर्द्धनः । सुमित्रः सोम नो भव ॥३८॥ ऋ० १।६।२१।१२ ॥

વ્યાખ્યાન—હે પરમાત્માના ભક્ત જીવો ! આપણો ઇષ્ટ જે પરમેશ્વર તે "**गयस्फानः**" પ્રજા, ધન, જનપદ-દેશ, અને સુરાજ્યનો વધારવાવાળો છે. તેમજ "**अमीवहा**" શરીર. ઇંદ્રિયજન્ય અને માનસરોગોનો નાશ કરવાવાળો છે. '**वसुवित्**" સર્વ પૃથિવ્યાદિ વસુઓનો જાણવાવાળો છે અર્થાત્ સર્વજ્ઞ અને વિદ્યાદિ ધનનો દાતા છે. "**पुष्टिवर्द्धनः**" આપણાં શરીર, ઇંદ્રિય. મન અને આત્માની પુષ્ટિ કરવાવાળો છે. '**सुमित्रः, सोम, नो, भव**" સુંદર યથાવત્ સર્વનો પરમમિત્ર તેજ છે. તો આપણે તેની પાસેથી એજ માંગીયે કે હે સોમ-સર્વ જગદુત્પાદક ! આપજ કૃપા

કરીને અમારા સુમિત્ર થાઓ અને અમે પણ સર્વ જીવોના મિત્ર થઇએ. તથા અત્યન્ત મિત્રતા આપની સાથે રાખીયે.૩૮

मू०मा०—त्वं हि विश्वतोमुख विश्वतः परिभूरसि । अप नः शोशुचदघम् ॥३९॥ ऋ० १ । ७ । ५ । ६ ॥

વ્યાખ્યાન—હે અગ્ને! પરમાત્મન્! "**त्वं हि**" આપ "**विश्वतः परिभूरसि**" સર્વ જગત્માં સર્વ ઠેકાણે વ્યાપ્ત છો. અતએવ આપ વિશ્વતોમુખ છો. હે સર્વતો મુખઅગ્ને! આપ સ્વશક્તિથી સર્વ જીવોના હૃદયમાં સત્યોપદેશ નિત્ય કરી રહ્યા છો. તેજ આપનું મુખ છે. હે કૃપાલુ! '**अप नः शोशुचदघम्**' આપની ઇચ્છાથી અમારા પાપ સર્વ નાશ પામે. જેથી અમે લોક નિષ્પાપ થઇને આપની ભક્તિ અને આજ્ઞા પાલનમાં નિત્ય તત્પર રહિયે ૩૯

म० स्तु०—तमीळत प्रथमं यज्ञसाधं विश आरीराहुतमृञ्जसानम् । ऊर्जः पुत्रं भरतं सृप्रदानुं देवा अग्निं धारयन्द्रविणोदाम् ॥ ४० ॥ ऋ० १ । ७ । ३ । ३ ॥

વ્યાખ્યાન—હે મનુષ્યો! "**तमीळत**" તે અગ્નિની સ્તુતિ કરો કે જે "**प्रथमम्**" સર્વ કાર્યોથી પેહેલાં વર્તમાન અને સર્વનું મુખ્ય કારણ છે તથા "**यज्ञसाधम्**" સર્વ સંસાર અને વિજ્ઞાનાદિ યજ્ઞના સાધક એટલેકે સિદ્ધ કરવા વાળા જનક છે. હે "**विशः**" મનુષ્યો! તેજ પરમાત્માને

સ્વામિ માનીને " આશીઃ " પ્રાપ્ત થાઓ. જેને આપણે દીનતાથી કહીયે છીયે, વિજ્ઞાન આદિથી વિદ્વાન્ લોક જાણે છે. **ऊर्जःपुत्रं भरतम्**" પૃથિવ્યાદિ જગત્રૂપ અન્નના પુત્ર અર્થાત્ પાલન કરવાવાળા તથા ભરત અર્થાત્ તેજ અન્નનું પોષણ અને ધારણ કરવાવાળા છે. "**सृप्रदानुम्**" સર્વ જગતને ચાલવાની શક્તિ આપવાળા અને જ્ઞાનના દાતા છે. તેને '**देवा अग्निन्धारयन्द्रविणोदाम्**" દેવ એટલે વિદ્વાન લોક અગ્નિ કહે છે અને ધારણ કરે છે. તેજ પરમાત્મા સર્વ જગત્ના દ્રવિણ અર્થાત્ નિર્વાહના સર્વ અન્ન જલાદિ પદાર્થ અને વિદ્યાદિ પદાર્થોના આપવાવાળા છે. તે અગ્નિ પરમાત્માને છોડીને અન્ય કોઈની ભક્તિ અથવા યાચના કદાપિ કોઇએ નહિં કરવી જોઇયે. ૪૦.

मू० मा०—तमूतयो रणयञ्छूरसातौ तं क्षेमस्य क्षितयः कृण्वत त्राम् । स विश्वस्य करुणस्येश एको मरुत्वान्नो भवत्विन्द्र ऊती ॥ ४१ ॥ ऋ० १ । ७ । ९ । ७ ॥

વ્યાખ્યાન— હે મનુષ્યો ! "**तमूतयः**" તેજ ઇન્દ્ર પરમાત્માની પ્રાર્થના તથા શરણાગતિથી આપણને "**ऊतयः**" અનંત રક્ષણ તથા બલાદિ ગુણ પ્રાપ્ત થશે. "**शूरसातौ**" યુદ્ધમાં આપણને યથાવત્ "**रणयन्**" રમણ અને રણભૂમીમાં શૂરવીરોના ગુણથી પરસ્પર પ્રીત્યાદિ કરાવશે. "**तंक्षेमस्यक्षितयः**" તેનીજ ક્ષેમકુશલતાના "**त्राम्**' રક્ષક "**कृण्वत**" કરો. જેનાથી આપણો પરાજય કદી ન થાય. કેમકે

'सविश्वस्य" તે કરૂણામય સર્વ જગત્નાપર કરૂણા કરવાવાળા "एकः" એકજ છે. અન્ય કોઇ નથી. તે પરમાત્મા "मरूत्वान्" પ્રાણ, વાયુ, બલ, સેનાયુક્ત "ऊती" (ऊतये) સારી રીતે અમ લોકોપર કૃપાથી રક્ષક છે. જેની રક્ષાથી અમે લોક કદીપણ પરાજય ન પામિયે. ૪૧.

मू० स्तु०—स पूर्वया निविदा कव्यतायोरिमाः प्रजा अंजनयन्मनूनाम् । विवस्वता चक्षसा द्यामपश्चं देवा अग्निधारयन्द्रविणोदाम् ॥ ४२ ॥ ऋ० १ । ७ । ३ । २ ॥

વ્યાખ્યાન—હે મનુષ્યો ! તેજ "**पूर्वया निविदा**" આદિ સનાતન, સત્યતા આદિ ગુણયુક્ત, પરમાત્મા હતા અન્ય કોઈ કાર્ય નહતું ત્યારે સૃષ્ટિની આદિમાં સ્વપ્રકાશ સ્વરૂપ એક ઈશ્વર પ્રજાની ઉત્પત્તિનો વિચાર અને નિકૃષ્ઠ દુઃખ વિશેષ નરક અને સર્વ દૃશ્યમાન તારાઓ આદિ લોકાન્તર તે પરમાત્માએ રચ્યા છે. જે એવા સચ્ચિદાનંદ સ્વરૂપ પરમેશ્વર છે તેજ "**द्रविणोदाम्**" વિજ્ઞાનાદિ ધન દેવાવાળાને "देवाः" વિદ્વાન્ લોક અગ્નિ જાણે છે, અમે લોક પણ તેનું ભજન-સેવન કરીયે. ૪૨.

मू० मा०—वयं जयेम त्वया युजा वृतमस्माकमशमुद्वा भरेभरे । अस्मभ्यमिन्द्र वरिवः सुगं कृधि प्र शत्रूणां मघवन्वृष्ण्या रुज ॥ ४३ ऋ० १ । ७ । १४ । ४ ॥

વ્યાખ્યાન—હે ઇન્દ્ર પરમાત્મન્ ! "**त्वयायुजा वयं-जयेम**" આપની સાથે વર્તમાન આપની સહાયતાથી અમે દુષ્ટ શત્રુ જનોને જીતીયે. કેવા તે શત્રુ ? કે, "**आवृतम्**" અમારા બલથી ઘેરાયેલા હે મહારાજાધિરાજેશ્વર ! "**भरे-भरे अस्माक मंशमुदवा**" દરેક યુદ્ધમાં અમારી અંશ સેનાનું "**उदव**" ઉત્તમ રીતિથી કૃપા કરીને રક્ષણ કરો જેથી કોઇપણ યુદ્ધમાં ક્ષીણ થઇને અમે પરાજય પામીયે નહિં. કિંતુ જેને આપની સહાયતા છે તેનો સર્વત્ર વિજયજ થાય છે. હે "**इन्द्र मघवन्**" મહાધનેશ્વર ! "**शत्रूणाम् वृष्ण्या**" અમારા શત્રુઓના વીર્ય પરાક્રમાદિને "**प्ररुज**" પ્રભગ્ન, રૂગ્ણ કરીને નાશ કરો. "**अस्मभ्य मिन्द्रवरिवः सुगंकृधि**' અમારે માટે ચક્રવર્તિ રાજ્ય અને સામ્રાજ્ય ધન સુખથી પ્રાપ્ત કરો. અર્થાત્ આપની દયાથી અમારૂં રાજ્ય અને ધન સદા વૃદ્ધિ પામો. ૪૩.

मू० स्तु०—यो विश्वस्य जगतः प्राणतस्पतिर्यो ब्रह्मणे प्रथमो गा अविन्दत् । इन्द्रो यो दस्यूँ रधराँ अवातिरन्मरुत्वन्तं सख्याय हवामहे ॥ ४४ ॥ ऋ० १ । ७ । १२ । ५ ॥

વ્યાખ્યાન—હે મનુષ્યો ! જે સર્વ જગત્ (સ્થાવર) જડ અપ્રાણીતા અને "**प्राणतः**" ચેતનવાળા જગત્‌ના "**पतिः**' અધિષ્ઠાતા અને પાલક છે તથા જે સર્વ જગતના આદિ સદા છે અને "**ब्रह्मणे, गा, अविन्दत्**" જેણે એવોજ નિયમ કર્યો છે કે બ્રહ્મ અર્થાત્ વિદ્વાનોને માટેજ

પૃથિવીનો લાભ અને રાજ્ય છે અને જે "इन्द्रः" પરમૈશ્વર્યવાન્ પરમાત્મા ડાકુઓને "अधरम्" નીચે પાડે છે. તથા તેને મારીજ નાંખે છે. "मरुत्वन्तं सख्याय हवामहे" ભાઇઓ! મિત્રો! આવો; આપણે બધા સારી પ્રીતિથી મળીને મરુત્વાન્ અર્થાત્ પરમાનંદ, બલવાળા ઈન્દ્ર પરમાત્માને મિત્ર થવાને માટે અત્યન્ત પ્રાર્થનાથી ગદ્‌ગદિત થઇને બોલાવિયે. તે પરમાત્મા શીઘ્ર કૃપા કરીને આપણી સાથે મિત્રતા કરશે એમાં કાંઈ પણ સંદેહ નથી. ૪૪ ॥

मू० मा०—मृळा नो रुद्रोत नो मयस्कृधि क्षयद्वीराय नमसा विधेम ते । यच्छं च योश्च मनुरायेजे पिता तदश्याम तव रुद्र प्रणीतिषु ॥४५॥ ऋ० १ । ८ । ५ । २ ॥

વ્યાખ્યાન—હે દુષ્ટોને રડાવનાર રુદ્રેશ્વર! અમને "मृड" સુખીકર. તથા "मयस्कृधि" અમને અત્યન્ત સુખના સંપાદક કર; "क्षयद्वीराय नमसा विधेमते" શત્રુઓના વીરોને ક્ષય કરવાવાળા અત્યન્ત નમસ્કારાદિથી આપની પરિચર્યા કરવાવાળા અમારા લોકોનું રક્ષણ યથાવત્ કરો. "यच्छम्" હે રુદ્ર! આપ અમારા પિતા-પાલક-છો. અમારી સર્વ પ્રજાને સુખી કરો. "योश्च" પ્રજાના રોગોને પણ નાશ કરો જે પ્રમાણે "मनुः" માન્યકારક પિતા "आयेजे" સ્વપ્રજાને સંગત અને અનેક પ્રકારે લાડ લડાવે છે તેમ આપ અમારૂં પાલન કરો. હે રુદ્ર ભગવન્! "तवप्रणीतिषु" આપની આજ્ઞાનો પ્રણય અર્થાત્ ઉત્તમ ન્યાયયુક્ત

નીતિયોમાં પ્રવૃત્ત થઇને "तवश्याम" વીરોના ચક્રવર્તિ રાજ્યને આપના અનુગ્રહથી પામિયે. ૪૫.

—*—

મૂ૦ સ્તુ૦—द्रवो न यः पृथिवीं विश्वधाया उपक्षेति हितमित्रो न राजा । पुरः सदः शर्मसदो न वीरा अनवद्या पतिंजुष्टेव नारी ॥४६॥ ऋ० १ । ५ । १९ । ३ ॥

વ્યાખ્યાન—હે પ્રિયબન્ધુ વિદ્વાનો! "देवोन" ઈશ્વર સર્વ જગતની બહાર અને અંદર સૂર્યની સમાન પ્રકાશ કરી રહ્યો છે. "यः पृथिवीम्" જે પૃથિવ્યાદિ જગતને રચીને ધારણ કરી રહ્યો છે, અને "विश्वधाया उपक्षेति" વિશ્વધારક શક્તિનો પણ નિવાસ આપવાવાળો અને ધારણ કરવાવાળો છે. તથા જે સર્વ જગત્નો પરમ મિત્ર અર્થાત્ જેમ "प्रियमित्रो न राजा" પ્રિયમિત્રવાનરાજા આપણી પ્રજાનું યથાવત્ પાલન કરે છે તેમ અમારા લોકનો પાલન કર્તા તે પરમાત્મા એકજ છે. બીજો કોઇ નથી. "पुरः सदः शर्मसदो न वीरा:" જે મનુષ્ય ઇશ્વરના પુરઃસદ અર્થાત્ ઇશ્વરાભિમુખ છે તેજ શર્મસદ અર્થાત્ સુખમાં સદા સ્થિર રહે છે. અથવા જેમ "नवीरा:" પુત્ર પોતાના પિતાના ઘરમાં આનંદ પૂર્વક નિવાસ કરે છે તેમજ જે પરમાત્માના ભક્ત છે તે સદા સુખી રહે છે. જે અનન્યચિત્ત થઇને નિરાકાર સર્વત્ર વ્યાપ્ત ઇશ્વરની સત્યશ્રદ્ધાથી ભક્તિ કરે છે જેથી અત્યંત સુખી થાય છે "अनवद्या पति जुष्टेव नारी" અત્યન્તોત્તમ ગુણયુક્ત પતિની

સેવામાં તત્પર રહેતી પતિવ્રતા નારી રાત્ર દિવસ તન, મન, ધન અને અતિ પ્રેમથી અનુકૂલ રહે છે. તેમ પ્રેમ-યુક્ત થઇને આવો ભાઇઓ ! લોકો ! આપણે ઇશ્વરની ભક્તિ કરીયે. આપણે બધા મળીને પરમાત્માથી સર્વ સુખનો લાભ ઉઠાવિયે. ૪૬.

મૂ૦ પ્રા૦—सा मा स॒त्योक्तिः परि॑ पातु वि॒श्वतो॑ द्यावा॑ च॒ यत्र॑ तत॒नन्नहा॑नि च । विश्व॑म॒न्यन्नि वि॑शते यदेज॑ति वि॒श्वाहापो॑ वि॒श्वाहोदे॑ति सूर्यः॑ ॥ ४७ ॥ ऋ० ७ । ८ । १२ । २ ॥

વ્યાખ્યાન—હે સર્વાભિરક્ષકેશ્વર ! "**सामा सत्योक्तिः**" આપની સત્ય આજ્ઞા જેનું અમે અનુષ્ઠાન કરીયે તે "**विश्वत : परिपातु**" અમને સર્વ સંસારથી સર્વથા પાલન અને સર્વ દુષ્ટ કામોમાંથી સદા પૃથક્ રાખો, કે જેથી કોઈ પણ સમયે અમને અધર્મ કરવાની ઇચ્છા ન થાય. "**द्यावाच**" અને દિવ્ય સુખથી સદા યુક્ત કરીને યથાવત્ અમારી રક્ષા કરો. "**यत्र**" જે દિવ્ય સૃષ્ટિમાં "**अहानि**" સૂર્યાદિકોને દિવસ આદિ થવાના નિમિત્તરૂપ "**ततनत्**" આપેજ નિર્માણ કરેલા છે ત્યાં પણ અમારા સર્વ ઉપ-દ્રવોથી રક્ષણ કરો. '**विश्वमन्य०**" આપનાથી અન્યવિશ્વ સર્વ જગત્ આપના સામર્થ્યથીજ પ્રલયમાં '**निविशते**" પ્રવેશ કરે છે. (કાર્ય માત્ર કારણાત્મક થાય છે.) તે સમયમાં પણ આપ અમારી રક્ષા કરો. "**यदेजति**" જે

વખતે આ જગત્ આપના સામર્થ્યથી ચલિત થઈને ઉત્પન્ન થાય છે તે સમયે પણ સર્વ પીડાઓથી અમારૂં રક્ષણ કરો. " विश्वाहापो " " विश्वाहा " જેજે વિશ્વના દુઃખ દેવાવાળા તેઓને આપ નષ્ટ કરો. કેમકે આપના સામર્થ્યથી સર્વ જગતની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય થાય છે. આપની સામા કોઇ રાક્ષસ શું કરી શકે એમ છે? કેમકે આપ સર્વ જગત્માં ઉદિત–પ્રકાશમાન થઇ રહ્યા છો. પરંતુ (સૂર્યવત્) અમારા હૃદયમાં પ્રકાશમાન થાઓ, કે જેથી અમારી અવિદ્યાન્ધકારતા સર્વ નાશ પામે. ૪૭

***

મૂ૦ સ્તુ૦—देवो देवानामसि मित्रो अद्भुतो वसुर्वसूनामसि चारुरध्वरे । शर्मन्त्स्याम तव सप्रथस्तमेऽग्ने सख्ये मा रिषामा वयं तव ॥४८॥ ऋ० १ । ६ । ३२ । १३॥

વ્યાખ્યાન—હે મનુષ્યો! તે પરમાત્મા કેવો છે કે અમે તેની સ્તુતિ કરીયે? હે પરમેશ્વર અગ્ને! આપ '**देवो देवानामसि**" દેવો એટલે પરમવિદ્વાનોના પણ દેવ છો. તથા તેઓને પરમ આનંદ આપવાવાળા છો. તથા "**अद्भुतः**" અત્યંત આશ્ચર્ય રૂપ મિત્ર સર્વ સુખકારક સર્વના સખા છો. "**वसु०**" પૃથિવ્યાદિ વસુઓના પણ વાસ કરાવવાવાળા છો. તથા "**अध्वरे**" જ્ઞાનાદિ યજ્ઞમાં "**चारु**" અત્યન્ત શોભાયમાન અને શોભા આપવાવાળા છો હે પરમાત્મન્! "**सप्रथस्तमे सख्ये, शर्मणि तव**" આપનાં અતિ વિસ્તીર્ણ, આનંદ સ્વરૂપ સખાઓના કર્મમાં

અમે લોક સ્થિર થઇયે. કે જેથી અમને કદીપણ દુઃખ થાય નહિ. અને આપના અનુગ્રહથી અમે લોક પરસ્પર અપ્રીતિયુક્ત કદિ ન થઇયે. ૪૮.

—**—

मू॰मा॰—मा नो॑ वधीरिन्द्र मा परा॑ दा मा नः॑ प्रि॒या भो॑जना॒नि प्रमो॑षीः । आ॒ण्डा मानो॑ मघवञ्छक्र निर्भे॒न्मा न॒ः पात्रा॑ भेत्स॒हजा॑नुषाणि ॥४९ ॥ऋ० ।१।७।१९ । ८ ॥

વ્યાખ્યાન—હે ઇન્દ્ર પરમૈશ્વર્ય યુકતેશ્વર! "**मानो. वधीः**" અમારો વધ ન કર અર્થાત્ આપનાથી અલગ અમને ન કરો. '**मापरादाः**" અમારાથી અલગ આપ કદી ન થાઓ. "**मानः प्रिया॰**" અમારા પ્રિય ભોગોને દૂર ન કરાવો. "**आण्डामा॰**" અમારા ગર્ભના વિદારક ન થાઓ. હે "**मघवन्**" સર્વ શક્તિમાન! "**शक्र**" સમર્થ. અમારા પુત્રોનો નાશ ન કરો. "**मानः पात्रा**" અમારા ભોજનાદ્યર્થ સુવર્ણાદિ પાત્રોને અમારાથી અલગ ન કરો. "**सहजानुषाणि**" જેજે અમારા સહજ સ્વભાવથી અનુકૂલ મિત્ર છે તેઓનો આપ નાશ ન કરો. અર્થાત્ કૃપા કરીને પૂર્વોક્ત સર્વ પદાર્થોની યથાવત્ રક્ષા કરો. ૪૯

—**—

मू॰मा॰—मा नो॑ म॒हान्त॑मुत मा नो॑ अर्भ॒कं मा न॒ उक्ष॑न्तमु॒त मा न॑ उक्षि॒तम् । मा नो॑ वधीः पि॒तर॒ं मोत मा॒तर॒ं मा नः॑ प्रि॒यास्त॒न्वो॑ रुद्र रीरिषः ॥५०॥ ऋ॰ १ । ८ । ६ । ७॥

मानस्तोके तनये मा न आयौ मा नो गोषु मा नो अश्वेषु रीरिषः । वीरान्मा नो रुद्र भामितो वधीर्हविष्मन्तः सद- मित्वा हवामहे ॥ ५१ ॥ ऋ० १ । ८ । ६ । ८१ ॥

વ્યાખ્યાન—હે "रुद्र" દુષ્ટ વિનાશકેશ્વર ! આપ અમારાપર કૃપા કરો "मानोव०" અમારા જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ પિતા તેને આપ નષ્ટ ન કરો. તથા "मानो अर्भकम्" નાના બાલકો અને 'उक्षन्तम्' વીર્યસેચન સમર્થ જુવાન તથા જે ગર્ભમાં વીર્ય સેચન કર્યું છે તેનો વિનાશ ન કરો. તથા અમારા પિતા, માતા અને પ્રિયતનુઓ (શરીરોનું) "मारीरिषः" હિંસન ન કરો. "मानस्तोके" કનિષ્ઠ, મધ્યમ અને જ્યેષ્ઠ પુત્ર, 'मायौ' ઉમર "गोषु" ગાય આદિ પશુ "अश्वेषु" ઘોડા આદિ ઉત્તમ વાહન તથા અમારી સેનાના શૂરવીરો ઉપર તથા "हविष्मन्तः" યજ્ઞ કરવાવાળા ઉપર "भामितः" ક્રોધિત અને "मारीरिषः" રોષિત ન થાઓ. અમે આપને "सदमित्वाहवामहे" સર્વદા તમારૂં આવ્હાન કરીયે છીયે. હે ભગવન્ ! હે પરમાત્મન્! આપની પાસે એટલીજ પ્રાર્થના છે કે અમારા અને અમારા પુત્ર ધનૈશ્વર્યાદિની આપ રક્ષા કરો. ॥ ૫૦ ॥ ૫૧ ॥

मू० प्रा०—उद्गातेव शकुने साम गायसि ब्रह्मपुत्र इव सवनेषु शंससि । वृषेव वाजी शिशुमतीरपीत्या सर्वतो नः शकुने भद्रमा वद विश्वतो नः शकुने पुण्यमा वद ॥५२॥ ऋ० २ । ८ । १२ । २ ॥

आवदँस्त्वं शकुने भद्रमा वद तूष्णीमासीनः सुमतिं चिकिद्धि नः । यदुत्पतन् वदसि कर्करिर्यथा बृहद्वदेम विदथे सुवीराः ॥ ५३ ॥ ऋ० २ । ८ । १२ । ३ ॥

વ્યાખ્યાન—હે "शकुने" સર્વ શક્તિમન્નીશ્વર ! આપ સામગાન ગાઓજ છો. તે પ્રમાણે અમારા હૃદયમાં સર્વ વિદ્યાનું પ્રકાશીત ગાન કરો. જે પ્રમાણે યજ્ઞમાં મહા પંડિત સામગાન કરે છે. તે પ્રમાણે આપ પણ અમારા લોકોમાં સામાદિ વિદ્યાનો પ્રકાશ કરો. "ब्रह्मपुत्र इवसवनेषु" આપ કૃપાથી સવન અર્થાત્ પદાર્થ વિદ્યાની "शंससि" પ્રશંસા કરો છો. તે પ્રમાણે અમને પણ યથાવત્ પ્રશંસિત કરો જેમ "ब्रह्मपुत्र इव" વેદોના જાણવાવાળા વિજ્ઞાનથી સર્વ પદાર્થોની પ્રશંસા કરે છે. તેમ આપ પણ અમારાપર કૃપા કરો. "वृषेबवाजी" સર્વ શક્તિવાળા અને અન્નાદિ પદાર્થોના આપવાવાળા તથા મહા બલવાન્ અને વેગવાન્ હોવાથી વાજી છો. જેમકે વૃષભની પેઠે એટલે કે મેઘની પેઠે આપ ઉત્તમ ગુણ અને ઉત્તમ પદાર્થોની વૃષ્ટિ કરવાવાળા છો તેમ અમારાપર વૃષ્ટિ કરો. "शिशुमतिः" અમે આપની કૃપાથી ઉત્તમ શિશુ (સન્તાનાદિ) ને "अपीत्य" પ્રાપ્ત થઇને આપનુંજ સેવન કરીયે. "आसर्वतोनः शकुने" હે શકુને ! સર્વ સામર્થ્યવાન્ ઇશ્વર ! સર્વ ઠેકાણે અમારે માટે "भद्रम्" કલ્યાણ "आवद" સારિ રીતે કરો. અર્થાત્ કલ્યાણની આજ્ઞા અને કથન કરો. કે જેથી અકલ્યાણ વાતો અમે કદી સાંભળીયે નહિં. "विश्वतोनः

शा०" હે સર્વના સુખ આપવાવાળા પરમેશ્વર ! સર્વ જગતને માટે '**पुण्यम्**" ધર્માત્માનાં કર્મ કરવાને '**आवद**" ઉપદેશ કરો. જેથી કોઇ મનુષ્ય અધર્મ કરવાની ઇચ્છા પણ નહિં કરે. અને સર્વ ઠેકાણે સત્ય ધર્મની પ્રવૃત્તિ થાય. "**आवदंस्त्वंशा०**" હે શકુને ! જગદીશ્વર ! આપ સર્વ "**भद्रम्**" કલ્યાણના પણ કલ્યાણ અથાત્ વ્યાવહારિક સુખની પણ ઉપર મોક્ષ સુખનો ઉપદેશ કરો. "**तूष्णीमासीनः सु०**" હે અન્તર્યામિન્ ! અમારા હૃદયમાં સદા સ્થિર થાઓ, મૌનથીજ "**सुमतिम्**" સર્વોત્તમજ્ઞાન આપો. "**चिकिद्धिनः**" કૃપાવડે અમને અમારે રેહેવા માટે ઘર પણ ઉત્તમ મળો અને આપની પરમવિદ્યા અમને પ્રાપ્ત થાઓ. "**यद्गुत्पतन्वद०**" ઉત્તમ વ્યવહારમાં પહોંચાડનાર આપનું જે પ્રકારે "**कर्करिर्वदासि**" કર્તવ્ય, કર્મ ધર્મ ઉત્તમ પ્રકારે પુરૂષાર્થથી થાય તેમ કરો, અકર્તવ્ય ન કરો એવો આપનો ઉપદેશ છે. અર્થાત્ યથાયોગ્ય ઉદ્યમ કદાપિ કોઇયે છોડવો ન જોઇયે. તેજ પ્રમાણે "**बृहद्वदेम विदथे**" વિજ્ઞાન આદિ યજ્ઞ અથવા ધર્મ યુદ્ધોમાં "**सुवीरः**" અત્યંત શૂરવીર થઇને "**बृहत्**" સર્વથી મોટા આપ જે પરબ્રહ્મ તેની "**वदेम**" સ્તુતિ તથા આપનો ઉપદેશ તથા આપની પ્રાર્થના અને ઉપાસના તથા આપનું આ અખંડ સામ્રાજ્ય અને સર્વ મનુષ્યોનું હિત સર્વદા કહિયે તથા સાંભળીયે અને આપની કૃપાથી પરમાનંદ ભોગવિયે ॥ ૫૨॥ ૫૩॥

ओ३म् महाराजाधिराजाय परमात्मनेनमोनमः ।

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्याणां महाविदुषां श्रीयुत विरजानन्द सरस्वतीस्वामिनां शिष्येण दयानन्दसरस्वती स्वामिना विरचित आर्याभिविनये प्रथमः प्रकाशः पूर्तिमागमत् ।

समाप्तोऽयंप्रथमः प्रकाशः ॥

ओ३म्

तत्सत्परमात्मनेनमः ॥

अथ द्वितीयः प्रकाशः ॥

ओ३म् सह नाववतु सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै । ओ३म् शान्तिः शान्तिः शान्तिः ॥ १ ॥ तैत्तिरीयारण्यके ब्रह्मानन्दवल्ली प्रपा० १० । प्रथमानुवाकः ॥ १ ॥

વ્યાખ્યાન-હે સહનશીલેશ્વર! આપ અને અમે પરસ્પર પ્રસન્નતાથી રક્ષક થઈએ, આપની કૃપાથી અમે સદૈવ આપનીજ સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરીયે. તથા આપનેજ પિતા, માતા, બન્ધુ, રાજા, સ્વામી, સહાયક, સુખદ, સુહૃદ્, પરમગુર્વાદિ જાણિયે; ક્ષણમાત્ર પણ આપને ભૂલીયે નહિં, આપની તુલ્ય અથવા અધિક કોઇને ન જાણિયે. આપના અનુગ્રહથી અમે સર્વ પરસ્પર પ્રીતિમાન્, રક્ષક, સહાયક, પરમપુરૂષાર્થી થઇયે, એક બીજાનું દુઃખ ન જોઈ શકિયે, સ્વદેશસ્થાદિ મનુષ્યોને અત્યંત પરસ્પર વૈર રહિત, પ્રીતિમાન્ અને પાખંડ રહિત કરીયે. '**सह नौ भुनक्तु**" તથા આપ અને અમેલોક પરસ્પર પરમાનન્દનો ભોગ કરીયે. અમેલોક પરસ્પર હિતથી આનંદ ભોગવિયે કે આપ અમને આપના અનન્ત પરમાનંદના ભાગી બનાવો.

તે આનંદથી અમેલોક એક ક્ષણ પણ અલગ ન રહિયે. "**સહવીર્યમ્**" "**करवावहै**" આપની સહાયતાથી પરમવીર્ય જે સત્ય વિદ્યા તેને પરસ્પર પુરૂષાર્થથી પ્રાપ્ત થઇયે. **તેजस्विना वधीतमस्तु**" હે અનન્ત વિદ્યામય ભગવન્! આપની કૃપા દૃષ્ટિથી અમારા લોકોનું પઠનપાઠન પરમ વિદ્યા યુક્ત થાઓ. તથા સંસારમાં સર્વથી અધિક પ્રકાશિત થાઓ. અને અન્યોન્ય પ્રીતિથી પરમવીર્ય પરાક્રમથી નિષ્કંટક ચક્રવર્તી રાજ્ય ભોગવીયે. અમારામાં સર્વ નીતિમાન્ સજ્જન પુરૂષ થાઓ. અને આપ અમારાપર અત્યન્ત કૃપા કરો. કે જેથી અમેલોકો નાના પ્રકારના પાખંડ, અસત્ય, વેદ વિરૂદ્ધ મતોને ઝટ છોડીને એક સત્ય સનાતન મતસ્થ થઇયે. કે જેનાથી સમસ્ત વૈરભાવનું મૂલ જે પાખંડ મત, તે સર્વ તત્કાલ પ્રલય થઈ જાય. "**माविद्विषावहै**" અને હે જગદીશ્વર! આપનાં સામર્થ્યથી અમારા લોકોમાં પરસ્પર દ્વેષ ન રહે એટલે કે અમે પરસ્પર દ્વેષ ન કરીયે. કિંતુ સર્વ તન, મન, ધન અને વિદ્યાને પરસ્પર સર્વના સુખોપકારમાં પરમ પ્રીતિથી લગાવીયે. "**ओश्म् शान्तिः शान्तिः शान्तिः**" હે ભગવન્! ત્રણ પ્રકારના સંતાપ આ જગતમાં છે. એક આધ્યાત્મિક એટલે જે જ્વરાદિ પીડાથી થાય છે તે, બીજો આધિભૌતિક એટલે જે શત્રુ, સર્પ, વ્યાઘ્ર, ચોર આદિથી થાય છે તે, તથા ત્રીજો આધિદૈવિક એટલે મન, ઇંદ્રિય, અગ્નિ, વાયુ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અતિશીત, અત્યુષ્નતા ઇત્યાદિથી થાય છે. હે કૃપા સાગર! એ ત્રણે તાપોની જલદીથી નિવૃત્તિ

કરો જેથી અમે અત્યાનંદમાં અને આપની અખંડ ઉપાસનામાં સદા રહિયે. હે વિશ્વગુરો! મને અસત્ (મિથ્યા) અને અનિત્યપદાર્થ તથા અનિત્ય કામથી છોડાવિને સત્ય તથા નિત્યપદાર્થ અને શ્રેષ્ઠ વ્યવહારમાં સ્થિર કરો. હે જગન્મંગલમય! સર્વ દુઃખોથી મને છોડાવીને સર્વ સુખો મને પ્રાપ્ત કરો. હે પ્રજાપતે! મને સારા પ્રજાપુત્રાદિ, હસ્તિ, અશ્વગવાદિ ઉત્તમ પશુ, સર્વોત્કૃષ્ટ વિદ્યા અને ચક્રવર્તી રાજ્યાદિ પરમૈશ્વર્ય જે સ્થિર સુખકારક છે તે શીઘ્ર પ્રાપ્ત કરો. હે પરમવૈદ્ય! (**सर्वरोगात्पृथक् कृत्यनैरोग्यन्देहि**) સર્વથા મને સર્વ રોગોથી છોડાવિને પરમ નૈરોગ્ય આપો. મહારાજાધિરાજ! જેથી હું શુદ્ધ થઇને આપની સેવામાં સ્થિર થાઉં. (**हे न्यायाधीश! कुकामकुलोभ कुमोह भयशोकालस्येर्ष्या द्वेषप्रमाद विषयतृष्णा नैष्ठुर्याभिमान दुष्ट स्वभावा विद्यादिभ्यो निवारय, एतेभ्यो विरुद्धेषूत्तमेषु गुणेषु संस्थापयमाम्**) હે ઇશ્વર! કુકામ, કુલોભાદિ પૂર્વોક્ત દુષ્ટ દોષોને કૃપાથી છોડાવિને શ્રેષ્ઠ કામોમાં યથાવત્ મને સ્થિર કરો. હું અત્યન્ત દીન થઇને એજ માંગુ છું કે હું આપ અને આપની આજ્ઞાથી ભિન્ન પદાર્થમાં કદાપિ પ્રીતિ ન કરૂં. હે પ્રાણપતે! પ્રાણપ્રિય! પ્રાણપિતા! પ્રાણાધાર! પ્રાણજીવન! સુરાજ્યપ્રદ! મારા પ્રાણવાળા આપજ છો, મારો સહાયક આપના વિના અન્ય કોઇ નથી. હે મહારાજાધિરાજ! જેમ સત્ય ન્યાય યુક્ત અખંડિત આપનું રાજ્ય છે તેવું ન્યાય રાજ્ય અમારા લોકનું પણ આપના તરફથી સ્થિર થાઓ. આપના રાજ્યના

કિંકર આપના કૃપા કટાક્ષથી અમને શીઘ્ર બનાવો. હે ન્યાયપ્રિય! અમને પણ ન્યાયપ્રિય યથાવત્ કરો. હે ધર્માધીશ! અમને ધર્મમાં સ્થિર રાખો. હે કરૂણામયપિતા! જેમ માતા, પિતા પોતાના સંતાનોનું પાલન કરે છે તેમ આપ અમારૂં પાલન કરો. ॥ ૧ ॥

मू० स्तु०—स पर्य्यगाच्छुक्रमकायमव्रणमस्नाविर शुद्धमपापविद्धम् । कविर्मनीषी परिभूः स्वयम्भूर्य्याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥ २ ॥ यजुर्वेदे । अध्याये । ४० । ८ ॥

વ્યાખ્યાન—"**सपर्य्यगात्**" તે પરમાત્મા આકાશની સમાન સર્વ જગ્યાએ પરિપૂર્ણ વ્યાપક છે. "**शुक्रम्**" સર્વ જગતનો કરવાવાળો છે. "**अकायम्**" તે શરીર રહિત છે અર્થાત્ કદી શરીર એટલે કે અવતાર ધારણ કરતો નથી; કેમકે તે અખંડ, અનંત અને નિર્વિકાર છે. એથી દેહ ધારણ કદી કરતો નથી. તેનાથી અધિક કોઇ પદાર્થ નથી એટલે ઇશ્વરનું શરીર ધારણ કરવું કદી બની શકતું નથી; "**अव्रणम्**" તે અખંડ, એકરસ, અચ્છેદ્ય, અભેદ્ય, નિષ્કમ્પ અને અચલ છે એટલે અંશાંશીભાવપણ એમાં નથી. કેમકે તેમાં છીદ્ર કોઈ પણ પ્રકારથી થઈ શકતું નથી. "**अस्नाविरम्**" નાડી આદિનું બંધન પણ તેને થઇ શકતું નથી, અતિ સૂક્ષ્મ હોવાથી ઇશ્વરને કોઇ આવરણ હોઇજ શકતું

નથી. "शुद्धम्" તે પરમાત્મા સદૈવ નિર્મલ, અવિદ્યાદિ જન્મ, મરણ હર્ષ શોક, ક્ષુધા, તૃષા આદિ દોષોપાધિયો થી રહિત છે, શુદ્ધની ઉપાસના કરવાવાળા શુદ્ધજ થાય છે અને મલિનના ઉપાસક મલિનજ હોય છે. 'अपापविद्धम्' પરમાત્મા કદાપિ અન્યાય કરતો નથી કેમકે તે સદૈવ ન્યાયકારીજ છે. "कविः" त्रैकालज्ञः ત્રણકાળને જાણનાર, સર્વવિદ્, મહા વિદ્વાન્ કે જેની વિદ્યાનો કોઇ પણ અંત પામી શકતું નથી. "मनीषी" સર્વ જીવોના મનના સાક્ષી, સર્વના મનને દમન કરનાર છે. "परिभूः" સર્વદિશા અને સર્વ જગ્યામાં પરિપૂર્ણ છે. સર્વની ઉપર વિરાજમાન છે. "स्वयम्भूः" જેનું આદિકારણ માતા, પિતા, ઉત્પાદક કોઇ નથી કિંતુ તે પોતે સર્વનું આદિ કારણ છે. "याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः" તે ઇશ્વરે પોતાની પ્રજાને યથાવત્ સત્ય, સત્ય વિદ્યા જે ચારવેદ તેનો સર્વ મનુષ્યોના હિતને માટે ઉપદેશ કર્યો છે. તે અમારા દયામયપિતા પરમેશ્વરે મોટી કૃપાથી અવિદ્યાન્ધકાર નાશક વેદવિદ્યારૂપ સૂર્ય પ્રકાશિત કર્યો છે, અને સર્વના આદિ કારણ પરમાત્મા છે, એમ માનવુંજ જોઇયે. એવાં વિદ્યા પુસ્તકના પણ આદિકારણ ઇશ્વરનેજ નિશ્ચિત માનવા જોઇયે. વિદ્યાનો ઉપદેશ ઇશ્વરે પોતાની કૃપાથી કર્યો છે. કેમકે અમારા લોક માટે તેમણે સર્વ પદાર્થોનું જ્ઞાનદાન આપ્યું છે તો પછી વિદ્યાદાન તે કેમ ન કરી શકે? સર્વોત્કૃષ્ટ વિદ્યા, પદાર્થનું દાન પરમાત્માએ અવશ્ય કર્યું છે. તો વેદવિના અન્ય કોઈ પુસ્તક સંસા-

રમાં ઇશ્વરોક્ત નથી, જેમ પૂર્ણ વિદ્યાવાન્ અને ન્યાયકારી ઇશ્વર છે તેમજ વેદ પુસ્તક પણ છે. અન્ય કોઇ પુસ્તક ઇશ્વરકૃત વેદતુલ્ય અથવા અધિક નથી. એ વિષયનો અધિક વિચાર "સત્યાર્થ પ્રકાશ" અને "ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા" મારા કરેલા ગ્રંથોમાં જોઇ લેવો ॥ ૨ ॥

મૂ० પ્ર०—दृते दृꣳह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् । मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे । मित्रस्य चक्षुषा समीक्षामहे ॥३॥य० ३६। १८ ॥

વ્યાખ્યાન—હે અનન્તબલ મહાવીર ઇશ્વર! "**दृते**" હે દુષ્ટ સ્વભાવનાશક! વિદીર્ણ કર્મ અર્થાત્ વિજ્ઞાનાદિ શુભ ગુણોના નાશકર્મ કરવાવાળા મને ન રાખો કિન્તુ મારા આત્માદિને વિદ્યા સત્ય ધર્માદિ શુભ ગુણોમાં સદૈવ આપના કૃપા સામર્થ્યથી સ્થિત કરો "**दृꣳह मा**" હે પરમૈશ્વર્યવન્ ભગવન્! ધર્માર્થ કામ મોક્ષાદિ તથા વિજ્ઞાનાદિદાનથી અત્યન્ત મને વધારો. "**मित्रस्येत्यादि०**" હે સર્વ સુહૃદી શ્વર! સર્વાન્તર્યામિન્! સર્વ ભૂત પ્રાણિમાત્ર મને મિત્ર દૃષ્ટિથી યથાવત જુવે, સર્વ મારા મિત્ર થઇ જાય, કોઈ મારાથી કિંચિન્માત્ર પણ વૈર ન કરે. "**मित्रस्याहम्-चेत्यादि०**" હે પરમાત્મન્! આપની કૃપાથી હું નિર્વૈર થઇને સર્વ ચરાચર જગત્‌ને મિત્ર દૃષ્ટિથી મારા પોતાના પ્રાણવત્ માનું. અર્થાત્ "**मित्रस्य चक्षुषेत्यादि०**" પક્ષપાત છોડીને સર્વ જીવ દેહધારી માત્ર અત્યન્ત પ્રેમથી પરસ્પર

પોતાનો વર્તાવ કરે. અન્યાય યુક્ત થઇને કોઈનાપર પણ અમે નહિં વરતિયે; એવા પરમધર્મનો ઉપદેશ સર્વ મનુષ્યોને માટે પરમાત્માએ કરેલો છે. અને સર્વને એજ ઉપદેશ માનવા યોગ્ય છે. ૩

મૂ० स्तु० तदेवाग्निस्तदादित्यस्तद्वायुस्तदु चन्द्रमाः । तदेव शुक्रं तद्ब्रह्म ता आपः स प्रजापतिः ॥४॥ य० ३२ ॥१॥

વ્યાખ્યાન—જે સર્વ જગતના કારણ એક પરમેશ્વર છે. તેનુંજ નામ અગ્નિ છે. (**ब्रह्मह्यग्निः शतपथे**)સર્વોત્તમ જ્ઞાન સ્વરૂપ જાણવા યોગ્ય, પ્રાપણીય સ્વરૂપ અને પૂજ્યતમ ઇત્યાદિ અગ્નિ શબ્દના અર્થ છે. (**आदित्यो वै ब्रह्म. वायुर्वै ब्रह्म. चन्द्रमा वै ब्रह्म शुक्रं हि ब्रह्म. सर्वजगत्कर्तृ ब्रह्म. ब्रह्म वै बृहत् आपो वै ब्रह्मेत्यादि**) શતપથ તથા ઐતરેય બ્રાહ્મણના પ્રમાણો છે. '**तदादित्यः**' જેનો કદીપણ નાશ ન થાય અને સ્વપ્રકાશ સ્વરૂપ છે માટે પરમાત્માનું નામ આદિત્ય છે. "**तद्वायुः**' સર્વ જગતને ધારણ કરવાવાળા, અનન્ત બલવાન, અને પ્રાણથી પણ જે પ્રિય છે એટલા માટે ઇશ્વરનું નામ વાયુ છે. પૂર્વોક્ત પ્રમાણથી "**तदु चन्द्रमाः**" જે આનંદ સ્વરૂપ અને સ્વસેવકોને પરમાનંદ આપવાવાળા છે; એટલા માટે પૂર્વોક્ત પ્રકારથી ચંદ્રમા પરમાત્મા છે "**तदेव शुक्रम्**" તેજ ચેતન સ્વરૂપ બ્રહ્મ સર્વ જગતનો કર્ત્તા છે. '**तद्ब्रह्म**' તે અનન્ત ચેતન સર્વથી મોટો છે. અને ધર્માત્મા સ્વભક્તોને અત્યન્ત સુખ વિદ્યાદિ

સદ્‌ગુણોથી વધારવાવાળા છે "તાઆપઃ" તેજ સર્વજ્ઞ ચેતન, સર્વત્ર વ્યાપ્ત હોવાથી આપ નામ પણ પરમાત્માનું છે. "સપ્રજાપતિઃ" તેજ સર્વ જગતના સ્વામિ અને પાલન કરવાવાળા છે. બીજો કોઇ નથી. તે પરમાત્માનેજ અમે ઇષ્ટદેવ તથા પાલક માનીયે અન્યને નહિ. ૪

મૃ૦ મા૦—ऋचं वाचं प्रपद्ये मनो यजुः प्रपद्ये साम प्राणं प्रपद्ये चक्षुः श्रोत्रं प्रपद्ये । वागोजः सहौजो मयि प्राणापानौ ॥ ५ ॥ य० ३६ । १ ॥

વ્યાખ્યાન—હે કરૂણાકર પરમાત્મન્ ! આપની કૃપાથી હું ઋગ્વેદાદિ જ્ઞાનયુક્ત થઇને તેનો વક્તા થાઉં તથા યજુર્વેદના અભિપ્રાય સહિત સત્યાર્થ મનનયુક્ત મનને પ્રાપ્ત થાઉં. એજ પ્રમાણે સામવેદાર્થ નિશ્ચય નિદિધ્યાસન સહિત પ્રાણને સદૈવ પ્રાપ્ત થાઉં. "**वागोजः**" વાગ્બલ, વક્તૃત્વબલ, મનોવિજ્ઞાનબલ, મને આપ આપો. અન્તર્યામિની કૃપાથી હું યથાવત્ પ્રાપ્ત થાઉં. "**सहौजः**" નૈરોગ્ય દૃઢત્વાદિ ગુણયુક્તને હું આપના અનુગ્રહથી સદૈવ પામું. "**मयिप्राणापानौ**" હે સર્વબલ શરીર જીવનાધાર ! પ્રાણ એટલે જેનાથી ઉર્ધ્વ ચેષ્ટા થાય છે તે અને અપાન એટલે જેનાથી નીચેની ચેષ્ટા થાય છે તે, એ બંને મારા શરીરમાં સર્વ ઇન્દ્રિય, સર્વ ધાતુઓની શુદ્ધિ કરવાવાળા તથા નૈરોગ્ય, બલ, પુષ્ટિ, સરલગતિ, કરાવવાવાળા થાઓ, અને મર્મ સ્થલોથી રક્ષા કરો. તેને અનુકૂલ પ્રાણાદિને પ્રાપ્ત થઇને

આપની કૃપાથી હે ઇશ્વર! સદૈવ સુખયુક્ત આપની આજ્ઞા અને ઉપાસનામાં તત્પર રહું. ૫

मू० स्तु०—स नो बन्धुर्जनिता स विधाता धामानि वेद भुवनानि विश्वा । यत्र देवा अमृतमानशानास्तृतीये धामन्नध्यैरयन्त ॥ ६ ॥ य० ३२ । १० ॥

વ્યાખ્યાન— તે પરમેશ્વર અમારા '**बन्धुः**' દુઃખનાશક અને સહાયક છે. તથા "**जनिता**' સર્વ જગત તથા અમારૂં પાલન કરવાવાળા પિતા તથા અમારા લોકોની કામનાની સિદ્ધિના વિધાતા તથા પૂર્ણ કામની સિદ્ધિ કરવાવાળા તેજ છે. સર્વ જગતના પણ વિધાતા એટલે રચવા વાળા અને ધારણ કરવાવાળા એક પરમાત્માજ છે. અન્ય કોઈ નથી. '**धामानिवेदन्यादि**' '**विश्वाः**" સર્વ ધામ અર્થાત્ અનેક લોક લોકાન્તરોને રચીને અનન્ત સર્વજ્ઞતાથી યથાર્થ જાણે છે. તે કોણ પરમેશ્વર છે? કે જેનાથી દેવ, અર્થાત્ વિદ્વાન્ લોક '**विद्वांसोहिदेवाः शतपथे**' અમૃત મરણાદિ દુઃખ રહિત મોક્ષપદમાં અર્થાત્ સર્વ દુઃખોથીછુટીને સર્વ વ્યાપી, પૂર્ણાનંદસ્વરૂપ પરમાનંદ સ્વરૂપ પરમાત્માને પામીને પરમાનંદમાં રહે છે તે. "**तृतीयेत्यादि०**" એક સ્થૂલ (પૃથિવ્યાદિ) અને બીજું સૂક્ષ્મ (આદિ કારણ) સર્વ દોષ રહિત અનન્તાનંદ સ્વરૂપ પરબ્રહ્મરૂપ ધામમાં "**अध्यैरयन्त**" ધર્માત્મા વિદ્વાન્ લોક સ્વેચ્છાથી વર્તે છે. સર્વ બાધાઓથી (પીડાઓથી) છુટીને, વિજ્ઞાનવાન્ શુદ્ધ થઇને દેશકાલવસ્તુ

પરિચ્છેદ રહિત સર્વગત "धामन्" આધાર સ્વરૂપ પરમાત્મામાં રહે છે. તેનાથી દુઃખસાગમાં પડતો નથી. ૬

—»—*—«—

मू० प्रा०—यतो॑ यतः स॒मीह॑से ततो॑ नो॒ऽअभ॑यं कुरु । शं नः॑ कुरु प्र॒जाभ्यो॒ऽभ॑यं नः प॒शुभ्यः॑ ॥७॥ य० ३६ । २२ ॥

વ્યાખ્યાન—હે મહેશ્વર ! દયાલો ! જે જે દેશથી આપ "**समीहसे**" સમ્યક્ ચેષ્ટા કરો છો તે તે દેશથી અમને અભયકરો; અર્થાત્ જ્યાંજ્યાંથી ભય પ્રાપ્ત થવા લાગે ત્યાં ત્યાંથી સર્વથા અમને અભય કરો તથા પ્રજાથી અમને સુખ કરો, અમારી પ્રજા સર્વદા સુખી રહે. ભય આપવાવાળી કદી ન થાય; તથા પશુઓથી પણ અમને અભય કરો; એટલું જ નહિ પણ કોઇથી કોઈ પ્રકારનો ભય અમને આપની કૃપાથી ન થાય, કે જેથી અમે નિર્ભય થઇને સદૈવ પરમાનંદને ભોગવિયે અને નિરન્તર આપનું રાજ્ય તથા આપની ભક્તિ કરીયે. ૭

—»—*—«—

मू० स्तु०—वेदा॒हमे॒तं पुरु॑षं म॒हान्त॑मादि॒त्यव॑र्णं तम॑सः प॒रस्ता॑त् । तमे॒व वि॑दि॒त्वाति॑ मृ॒त्युमे॑ति॒ नान्यः पन्था॑ विद्य॒तेऽय॑नाय ॥ ८ ॥ य० ३१ । १८

વ્યાખ્યાન-સહસ્રશીર્ષાદિ વિશેષણોક્ત પુરુષ સર્વત્ર પરિપૂર્ણ (**पूर्णत्वात्पुरिशयनाद्वा पुरुष इति निरुक्तोक्तेः**) છે તે પુરૂષને હું જાણું છું. અર્થાત્ સર્વ મનુષ્યોને યોગ્ય છે

કે તે પરમાત્માને અવશ્ય જાણે તેને કદાપિ ભુલે નહિં. અન્ય કોઇને પણ ઇશ્વર ન જાણવો. તે પરમાત્મા કેવા છે કે, **'महान्तम्"** સર્વથી મોટા કે જેનાથી કોઇ મોટું નથી "**आदित्यवर्णम्**" આદિત્યાદિના રચવાવાળા અને પ્રકાશક તેજ એક પરમાત્મા છે. તથા તે સદા સ્વપ્રકાશ સ્વરૂપજ છે. "**तमसः परस्तात्**' તમ એટલે જે અન્ધકાર અવિદ્યાદિ દોષથી રહિત છે તથા સ્વભક્ત, ધર્માત્મા, સત્યપ્રેમી જનોને પણ તત્કાલ અવિદ્યાદિ દોષ રહિત કરવાવાળા છે. વિદ્વાનોના એવો નિશ્ચય છે કે પરબ્રહ્મનું જ્ઞાન અને તેની કૃપા વિના કોઇ જીવ કદી સુખી થતો નથી. "**तमेवविदि-त्वेत्यादि०**" તે પરમાત્માનાજ જ્ઞાનથી જીવ મૃત્યુનું ઉલ્લંઘન કરે છે અન્યથા નહિ. કેમકે "**नान्यपन्था, विद्यतेऽयनाय**" પરમેશ્વરની ભક્તિ વિના અને તેના જ્ઞાન વિના મુક્તિનો માર્ગ કોઇ બીજો નથી એવી પરમાત્માની દૃઢ આજ્ઞા છે. સર્વ મનુષ્યોને એ આજ્ઞામાં વર્તવું જોઇયે અને સર્વ પાખંડ અને જંજાલ અવશ્ય છોડી દેવાં જોઇયે. ૮

***

मू० मा०—तेजोऽसि तेजो मयि धेहि । वीर्यमसि वीर्यं मयि धेहि । बलमसि बलं मयि धेहि । ओजोऽस्योजो मयि धेहि । मन्युरसि मन्युं मयि धेहि । सहोऽसि सहो मयि धेहि ॥ ९ ॥ य० १९ । ९ ॥

વ્યાખ્યાન–હે સ્વપ્રકાશ, અનન્ત તેજ! આપ અવિ-

ધાન્ધકારથી રહિત છો, સત્યવિજ્ઞાન તેજ સ્વરૂપ છો, આપ કૃપા દૃષ્ટિથી મારામાં તે તેજ ધારણ કરો કે જેથી હું નિસ્તેજ, દીન અને ભીરૂ કદાપિ ન થાઉં. હે અનન્તવીર્ય પરમાત્મન્! આપ વીર્યસ્વરૂપ છો. આપ સર્વોત્તમ બલ મારામાં સ્થિર કરો હે અનન્ત પરાક્રમ! આપ "ओजः" પરાક્રમ સ્વરૂપ છો તો મારામાં પણ તેવું પરાક્રમ હમેશાં ધારણ કરો. હે દુષ્ટાનામુપરિક્રોધકૃત્! મારામાં પણ દુષ્ટોનાપર ક્રોધ કરાવો. હે અનન્તસહનસ્વરૂપ! મારામાં પણ આપ સહનસામર્થ્ય ધારણ કરો. અર્થાત્ શરીર. ઇન્દ્રિય, મન અને આત્મા એના તેજાદિ ગુણ કદીપણ મારામાંથી દૂર ન થાય, જેથી હું આપની ભક્તિનું સ્થિર અનુષ્ઠાન કરૂં અને આપના અનુગ્રહથી સંસારમાં પણ સદા સુખી રહું ૯

मू० स्तु०—परीत्य भूतानि परीत्य लोकान् परीत्य सर्वाः प्रदिशो दिशश्च । उपस्थाय प्रथमजामृतस्यात्मनात्मानमभि संविवेश ॥ १० ॥ य० ३२ । ११ ॥

વ્યાખ્યાન-સર્વ જીવોમાં અર્થાત્ આકાશ અને પ્રકૃત્તિથી લઇને પૃથિવ પર્યન્ત સર્વ સંસારમાં તે પરમેશ્વર વ્યાપ્ત થઇને સંપૂર્ણ ભરી રહ્યો છે. તથા સર્વ લોક, સર્વ પૂર્વાદિ દિશા અને ઈશાનાદિ ઉપદિશા, ઉપર અને નીચે અર્થાત્ એક કણ પણ તે પરમાત્મા શિવાય અપર્યાપ્ત નથી "**प्रथमजाम्**" મુખ્ય પ્રાણી પોતાના આત્માથી અત્યન્ત સત્યાચરણ વિદ્યા, શ્રદ્ધા, ભક્તિથી "**ऋतस्य**"

યથાર્થ સત્યસ્વરૂપ પરમાત્માને "उपस्थाय" યથાવત્ જાણિને તથા "अभिसं विवेश" અભિમુખ થઇને તેમાં પ્રવિષ્ટ અર્થાત્ પરમાનન્દ સ્વરૂપ પરમાત્મામાં પ્રવેશ કરીને સર્વ દુઃખોથી છુટીને તેજ પરમાનંદમાં રહે છે ૧૦

मू० मा०—भग॒ प्रणे॑त॒र्भग॒ सत्य॑राधो॒ भगे॒मां धिय॒मुद॑वा॒ दद॑न्नः । भग॒ प्र णो॑ जनय॒ गोभि॒रश्वै॒र्भग॒ प्र नृभि॑र्नृ॒वन्तः॑ स्याम ॥ ११ ॥ य० ३४ । ३६ ॥

વ્યાખ્યાન—હે ભગવન ! પરમૈશ્વર્યવાન્ ભગ ઐશ્વર્યના દાતા, સંસાર અથવા પરમાર્થમાં આપજ છો. તથા 'भगप्रणेतः" આપનેજ સ્વાધીન સર્વ ઐશ્વર્ય છે, બીજા કોઇના હાથમાં નથી. આપ જેને ચાહો તેને ઐશ્વર્ય આપો છો. તો આપ કૃપાવડે અમારા લોકનું દારિદ્ર્ય છેદન કરીને અમને પરમૈશ્વર્યવાળા કરો કેમકે ઐશ્વર્યના પ્રેરક આપજ છો. હે "सत्यराधः" ભગવાન્ ! સત્યૈશ્વર્યની સિદ્ધિ કરવાવાળા આપજ છો તે આપ નિત્ય ઐશ્વર્ય અમને આપો. તથા જે મોક્ષ કેહેવાય છે તે સત્ય ઐશ્વર્ય આપવાવાળા આપનાથી ભિન્ન કોઇ પણ નથી હે સત્યભગ ! પૂર્ણ ઐશ્વર્ય, સર્વોત્તમ બુદ્ધિ અમને આપ આપો કે જેનાથી અમે લોક આપના ગુણ અને આપની આજ્ઞાનું અનુષ્ઠાન તથા જ્ઞાન યથાવત્ પ્રાપ્ત કરિયે. અમને સત્યબુદ્ધિ, સત્યકર્મ અને સત્યગુણોને "उदवः" (उद्गय, प्रापय) પ્રાપ્ત કરો જેથી અમે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ પદાર્થોને

યથાવત્ જાણિયે. "भगप्रनोजनय" હે સર્વૈશ્વર્યોત્પાદક! અમારે માટે ઐશ્વર્યને સારા પ્રકારથી ઉત્પન્ન કરો. સર્વોત્તમ ગાય, ઘોડા અને મનુષ્ય એની સાથે અત્યુત્તમ ઐશ્વર્ય અમને સદાને માટે આપો. હે સર્વ શક્તિમન્! આપની કૃપાથી સર્વ દિવસ અમે ઉત્તમોત્તમ પુરૂષ, સ્ત્રી, અને સંતાન તથા ભૃત્યવાળા થઇયે. આપની પાસે અમારી એટલી અધિક પ્રાર્થના છે કે કોઈ મનુષ્ય અમારામાં મૂર્ખ અને દુષ્ટ ન રહે અને તેવા ઉત્પન્ન થાય પણ નહિં જેથી અમને સર્વત્ર સત્કીર્તિ પ્રાપ્ત થાય અને નિંદા કદી ન થાય. ૧૧

મૂ૦ સ્તુ૦—तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके । तदन्तरस्य सर्वस्य तदुसर्वस्यास्य बाह्यतः ॥१२॥ य० ४० । ५ ॥

વ્યાખ્યાન—"**तदएजति**" તે પરમાત્મા સર્વ જગતને યથાયોગ્ય પોતપોતાની ચાલપર ચલાવિ રહ્યા છે. તો અવિદ્વાન્ લોક ઇશ્વરનાપર પણ આરોપ મુકે છે કે તે પણ ચલાયમાન થતો હશે; પરંતુ તે પરમાત્મા સર્વમાં પરિપૂર્ણ છે તે કદી ચલાયમાન થતોજ નથી. અતએવ "**तन्नैजति**" એ પ્રમાણ છે કે તે પરમાત્મા કદીપણ ચલાયમાન થતો નથી. એકરસ નિશ્ચલ થઇને ભરી રહ્યા છે. વિદ્વાન્ લોક એ પ્રમાણે બ્રહ્મને જાણે છે. "**तद्दूरे**" અધર્માત્મા, અવિદ્વાન્, વિચારશૂન્ય, અજીતેન્દ્રિય, ઇશ્વર ભક્તિ રહિત ઇત્યાદિ દોષયુક્ત મનુષ્યોથી જણાય છે કે

તે ઈશ્વર ઘણો દૂર છે. અર્થાત્ તેઓ કરોડો વર્ષપર્યંત તે પરમાત્માને પ્રાપ્ત થતા નથી. એથી તેઓ ત્યાં સુધિ જન્મ મરણાદિ દુઃખ સાગરમાં અહિં તહિં ઘૂમ્યા કરે છે કે જ્યાં સુધિ તે પરમાત્માનું તેઓને જ્ઞાન ન થાય. "तद्वन्तिके" સત્યવાદી, સત્યકારી, સત્યમાની, જીતેંદ્રિય, સર્વના ઉપકારક, વિદ્વાન્ વિચારશીલ પુરૂષોની અત્યન્ત પાસે તે પરમાત્મા છે. તે પરમાત્મા સર્વ આત્માઓમાં અન્તર્યાંમી વ્યાપક થઇને સર્વત્ર સમ્પૂર્ણ ભરી રહ્યો છે. તે પરમાત્મા આત્માનો પણ આત્મા છે. કેમકે પરમેશ્વર સર્વ જગતની અંદર અને બહાર તથા મધ્ય અર્થાત્ એક તલમાત્ર પણ તેના વિના ખાલી નથી. તે અખંડ, એકરસ, સર્વમાં વ્યાપક છે. તેને જાણવાથી સુખ અને મુક્તિ મળે છે. અન્યથા નહિ. ૧૨

મૂ૦ मं०—आयुर्यज्ञेन कल्पतां प्राणो यज्ञेन कल्पतां चक्षुर्यज्ञेन कल्पता श्रोत्रं यज्ञेन कल्पतां वाग्यज्ञेन कल्पतां मनो यज्ञेन कल्पतामात्मा यज्ञेन कल्पतां ब्रह्मा यज्ञेन कल्पतां ज्योतिर्यज्ञेन कल्पता स्वर्यज्ञेन कल्पतां पृष्ठं यज्ञेन कल्पतां यज्ञो यज्ञेन कल्पताम् । स्तोमश्च यजुश्च ऋक् च साम च बृहच्च रथन्तरं च । स्वर्देवा अगन्मामृता अभूम प्रजापते प्रजा अभूम वेट् स्वाहा ॥१३॥ य० १८ । २९ ॥

વ્યાખ્યાન—(**यज्ञोवैविष्णुः यज्ञोवैब्रह्म** ત્યાદ્યૈતરેયશતપથ **ब्राह्मणश्रु०**) યજ્ઞ, યજનીય જે સર્વ મનુષ્યોના પૂજ્ય ઇષ્ટ

દેવ પરમેશ્વર તદર્થ અતિશ્રદ્ધાથી સર્વ મનુષ્ય સર્વસ્વ અર્પણ યથાવત્ કરે. એજ આ મંત્રમાં ઉપદેશ અને પ્રાર્થના છે. કે હે સ્વામિન ! ઈશ્વર ! જો એ આપની આજ્ઞા છે કે સર્વ લોક સર્વ પદાર્થ મને અર્પણ કરે અર્થાત્ નિષ્કામ કર્મ કરે, એ કારણ માટે અમે "आयुः" ઉમર, પ્રાણ, ચક્ષુ, કાન, વાણી, મન, આત્મા, બ્રહ્મા, વેદવિદ્યા અને વિદ્વાન્, જ્યોતિ. (સૂર્યાદિ લોક અને અગ્ન્યાદિ પદાર્થ) સ્વર્ગ, (સુખસાધન) પૃષ્ઠ, (પૃથિવ્યાદિ સર્વ લોકાધાર) તથા પુરૂષાર્થ, યજ્ઞ, (જેજે સારાં કામો અમે કરિયે છીયે તે) સ્તોમ, સ્તુતિ, યજુર્વેદ, ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ, બૃહદ્રથન્તર, મહારથન્તર, સામ ઈત્યાદિ સર્વ પદાર્થ આપને સમર્પણ કરીયે છીયે, અમે લોક તો કેવલ આપનેજ શરણ છીયે, જેવી આપની ઈચ્છા હોય તે પ્રમાણે કરો. પરંતુ અમે આપનાં સન્તાન આપની કૃપાથી "स्वरगन्म" ઉત્તમ સુખને પ્રાપ્ત થઈયે જ્યાં સુધી જીવીયે ત્યાં સુધી સદા ચક્રવર્તિ રાજ્યાદિ ભોગથી સુખી રહિયે અને મરણાનંતર પણ અમે સુખીજ રહીયે. હે મહાદેવ ! હે અમૃત ! અમે દેવ (પરમવિદ્વાન્) થઇયે; તથા અમૃત મોક્ષ જે આપની પ્રાપ્તિ તેને અમે પ્રાપ્ત થઇયે, તથા "वेट्स्वाहा" આપની આજ્ઞાનું પાલન કરવામાં અને આપની પ્રાપ્તિ કરવામાં ઉદ્યોગી થઇયે, તેમજ આપ અન્તર્યામી અમારા હૃદયમાં આજ્ઞા કરો. અર્થાત્ જેવુ અમારા હૃદયમાં જ્ઞાન થાય તેજ પ્રમાણે અમે સર્વદા ભાષણ કરીયે. તેનાથી વિપરીત કદાપિ નહિ. હે કૃપાનિધે ! અમારા લોકોનું યોગક્ષેમ

આપજ સદા કરો. આપની સહાયથી સર્વત્ર અમને વિજય અને સુખ મળે. ૧૩.

—※—

मू० स्तु०—यस्मान्न जातः परोऽअन्योऽअस्ति य आविवेश भुवनानि विश्वा। प्रजापतिः प्रजया स ँ रराणस्त्रीणि ज्योतीं ँ षि सचते स षोडशी ॥१४॥ य० ८ ॥ ३६ ॥

વ્યાખ્યાન-જેનાથી મોટો અથવા તુલ્ય શ્રેષ્ઠ નથી થયો, નતોકોઇ વર્તમાનમાં છે, અને ન કોઇ થશે તેને પરમાત્મા કહેવો કે જે "**विश्वाभुवनानि**" સર્વ ભુવન, (લોક) સર્વ પદાર્થોનું નિવાસ સ્થાન, અસંખ્યાત લોકોમાં પ્રવેશ થઇને જે સંપૂર્ણ થઇ રહ્યો છે, તેજ એક ઈશ્વર પ્રજાઓનો પતિ છે. સર્વ પ્રજાને રમાડી રહ્યો છે. અને સર્વ પ્રજામાં રમી રહ્યો છે. '**त्रीणीत्यादि**' ત્રણ જ્યોતિ અગ્નિ વાયુ અને સૂર્ય જેણે રચ્યા છે સર્વ જગતના વ્યવહાર અને પદાર્થ વિદ્યાની ઉત્પત્તિને માટે એ ત્રણે જ્યોતિને મુખ્ય સમજવી. "**सषोडशी**" સોળકલા જેણે ઉત્પન્ન કરી છે જેથી સોળ કલાવાન્ ઈશ્વર કહેવાય છે તે સોળકલા નીચે મુજબ છે: જેમકે (૧) ઈક્ષણ (વિચાર) (૨) પ્રાણ, (૩) શ્રદ્ધા, (૪) આકાશ, (૫) વાયુ, (૬) અગ્નિ, (૭ જલ (૮) પૃથિવી. (૯) ઇંદ્રિય, (૧૦) મન, (૧૧) અન્ન, (૧૨) વીર્ય, (પરાક્રમ) (૧૩) તપ, (ધર્માનુષ્ઠાન) (૧૪) મંત્ર, (વેદવિદ્યા) (૧૫) કર્મલોક, (ચેષ્ટાસ્થાન) અને (૧૬) લોકોમાં નામ એ કલાઓમાં સર્વ જગત છે, અને પરમે-

શ્વરનામાં અનન્ત કલા છે. તેની ઉપાસના છોડીને જે બીજાની ઉપાસના કરે છે તેને સુખ પ્રાપ્તિ કદી થતી નથી. કિન્તુ સદા દુઃખમાંજ પડી રહે છે. ૧૪

मू० स्तु०—स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव । सचस्वा नः स्वस्तये ॥ १८ ॥ य० ३ । २४ ॥

વ્યાખ્યાન-(**ब्रह्मह्यग्निः, इत्यादि शतपथादि प्रामाण्याद् ब्रह्मैवात्राग्निर्ग्राह्यः**) હે વિજ્ઞાનસ્વરૂપેશ્વરાગ્ને ! આપ અમારે માટે "**सूपायनः**" સુખથી પ્રાપ્ત શ્રેષ્ઠોપાયના પ્રાપક અત્યુત્તમ સ્થાનના દાતા કૃપા કરીને થાઓ. તથા અમારા રક્ષક આપજ છો. હે સ્વસ્તિદ ! પરમાત્મન્ ! સર્વ દુઃખોનો નાશ કરીને અમારે માટે સુખ હંમેશા કરો. જેથી અમારા વર્તમાન કર્મ પણ શ્રેષ્ઠ થાય. **सनः पितेवसूनवे**" જેવી રીતે કરૂણામય પિતા પોતાના પુત્રને સુખીજ રાખે છે તેમ આપ અમને સદા સુખી રાખો જેમ પિતા પોતાના પુત્રને બૂરાં કર્મથી છોડાવી સત્કર્મમાં પ્રેરે છે તેમ આપ પણ કરો. તોજ અમારી ઉન્નતિ થશે અન્યથા નહિ. ૧૫

मू० स्तु०—विभूरसि प्रवाहणः । वह्निरसि हव्यवाहनः । श्वात्रोऽसि प्रचेताः । तुथोऽसि विश्ववेदाः ॥ उशिगसि कविः । अङ्घारिरसि बम्भारिः । अवस्यूरसि दुवस्वान् ।

शुन्ध्यूरसि मार्जालीयः । सम्राडसि कृशानुः । परिषद्योऽसि पवमानः । नभोऽसि प्रतक्वा । मृष्टोऽसि हव्यसूदनः ॥ ऋतधामासि स्वर्ज्योतिः ॥ समुद्रोऽसि विश्वव्यचाः । अजोऽस्येकपात् । अहिरसि बुध्न्यः । वागस्यैन्द्रमसि सदोऽसि । ऋतस्य द्वारौ मा मा सन्ताप्तम् । अध्वनामध्वपते प्र मा तिर स्वस्ति मेऽस्मिन् पथि देवयाने भूयात् ॥ १६ ॥ १७ । १८ ॥ य० ५ । ३१ । ३२ । ३३ ॥

વ્યાખ્યાન–હે વ્યાપકેશ્વર! આપ વિભુ છો અર્થાત્ સર્વત્ર પ્રકાશિત વૈભવૈશ્વર્ય યુક્ત છો બીજો કોઇ નથી. હે વિભો! આપ સર્વ જગતના પ્રવાહણ (સ્વસ્વનિયમ પૂર્વક ચલાવવાવાળા તથા સર્વના નિર્વાહકારક) છો. હે સ્વપ્રકાશક! સર્વ રસવાહકેશ્વર! આપ વન્હિ છો; અર્થાત્ સર્વ હવ્ય (હુતદ્રવ્ય) ઉત્કૃષ્ટ રસોના ભેદક, આકર્ષક તથા યથાવત્ સ્થાપક છો. હે આત્મન્! આપ શીઘ્ર વ્યાપનશીલ છો, તથા પ્રકૃષ્ટ જ્ઞાનસ્વરૂપ તેમજ પ્રકૃષ્ટ જ્ઞાનના આપવા વાળા છો. હે સર્વવિદ્! આપ તુથ એટલે બ્રહ્મ અને વિશ્વ-વેદા છો. (तुथोवैब्रह्मेति शतपथे) સર્વ જગતમાં વિદ્યમાન્ છો, અને લાભ પ્રાપ્ત કરાવનાર છો ૧૬. હે સર્વ પ્રિય! આપ "उशिक्" કમનીય સ્વરૂપ અર્થાત્ સર્વલોક જેને ચાહે છે. કેમકે આપ કવિ એટલે પૂર્ણ વિદ્વાન છો, તથા આપ "अङ्घारिः" એટલે સ્વભક્તોના પાપના શત્રુ છો; એટલે કે સ્વભક્તોના સર્વ પાપના નાશક છો. તથા

"**वन्मारिः**" સ્વભક્તો અને સર્વ જગત્‌ના પાલન તથા ધારણ કરવાવાળાછો. "**अवस्यूरसिदुवस्वान्**" અન્નાદિ પદાર્થ આપના ભક્તો ધર્માત્માઓને આપવાની સદા ઈચ્છા કરો છો. પરિચરણીય વિદ્વાનો વડે સેવનીય છો "**शुन्ध्युरसि, मार्ज्जालीयः**" શુદ્ધસ્વરૂપ અને સર્વ જગતના શોધક તથા પાપોનાં માર્જન કરવાવાળા આપજ છો અન્ય કોઇ નથી. "**सम्राडसिकृशानुः**" સર્વ રાજાઓના મહારાજ તથા કૃશ દીન મનુષ્યોના પ્રાણને સુખ આપવાવાળા આપજ છો. "**परिषद्योसिपवमानः**" હે ન્યાયકારિન્ ! હે પરમેશ્વર ! સભાના આજ્ઞાપક, સભ્ય, સભાપતિ, સભાપ્રિય, સભારક્ષક આપજ છો. તથા પવિત્ર સ્વરૂપ, પવિત્રકારક સભાથી સુખદાયક પવિત્ર પ્રિય આપજ છો. "**नभोऽसिप्रतक्वाः**" હે નિર્વિકાર ! આકાશવત્ આપ ક્ષોભરહિત અને અતિ સૂક્ષ્મ હોવાથી આપનું નામ નભ છે. તથા સર્વના જ્ઞાતા, સત્યાસત્યકારી જનોનાં કર્મોના સાક્ષી; કે જેણે જેવું પાપ અને પુણ્ય કર્યું હોય તેને તેવું ફલ મળે અન્યનું પુણ્ય વા પાપ અન્યને કદાપિ ન મળે. "**मृष्टोसिहव्यसूदनः**". શુદ્ધ સ્વરૂપ, સર્વ પાપોનાં માર્જક, તથા શોધક તથા મિષ્ટ, સુગંધ, રોગનાશક, પુષ્ટિકારક એવાં દ્રવ્યોથી વાયુ વૃષ્ટિની શુદ્ધિ કરવાવાળા તથા કરાવવાવાળા આપ છો. એ માટેજ સર્વ દ્રવ્યોના વિભાગ કર્તા આપ છો, જેથી આપનું નામ હવ્યસૂદન છે. "**ऋतधामासिस्वर्ज्योतिः**" હે ભગવન્ ! આપનુંજ સ્થાન સર્વગત, સત્ય અને યથાર્થ સ્વરૂપ છે. યથાર્થ વ્યવહારમાંજ આપ નિવાસ કરો છો. '**स्वः**" આપ સુખ

સ્વરૂપ અને સુખકારક છો. તથા સ્વપ્રકાશ અને સર્વના પ્રકાશક આપજ છો. ૧૭ "**समुद्रोऽसिविश्वव्यचाः**" હે દ્રવણીય સ્વરૂપ! સર્વ ભૂતમાત્ર આપમાંજ દ્રવે છે. કેમકે કાર્ય, કારણમાંજ મળે છે. આપ સર્વના કારણ છો તથા સહજથી સર્વ જગત્‌ને વિસ્તાર્યું છે, એ માટે આપ "**विश्वव्यचाः**" છો. "**अजोऽस्येकपात्**" આપનું જન્મ કદિ પણ થતું નથી, અને આ સર્વ જગત્ આપનાં કિંચિન્માત્ર એક દેશમાં છે. આપ અનંત છો. "**अहिरसिबुध्न्यः**" આપની હીનતા કદી થતી નથી. તથા સર્વ જગતના મૂલ કારણ અને અંતરિક્ષમાં પણ સદા આપ પૂર્ણ રહો છો. "**वागस्यैन्द्रमसिसदोऽसि**" સર્વ શાસ્ત્રના ઉપદેશક અને અનન્ત વિદ્યાસ્વરૂપ હોવાથી આપ "વાક્" છો. પરમૈશ્વર્ય સ્વરૂપ સર્વ વિદ્વાનોમાં અત્યન્ત શોભાયમાન હોવાથી આપ "ઐન્દ્ર" છો. સર્વ સંસાર આપનામાં સ્થિર છે માટે આપ સદા "સભાસ્વરૂપ" છો. "**ऋतस्य द्वारौ मा मा सन्ताप्तम्**" સત્ય વિદ્યા અને ધર્મ એ બન્ને મોક્ષ સ્વરૂપ આપની પ્રાપ્તિનાં દ્વારો છે. તેઓને સંતાપયુક્ત અમારે માટે કદી ન રાખો. કિંતુ સુખસ્વરૂપ રાખો. જેથી અમે સહજથી આપને પામી શકિયે. "**अध्वनामित्यादि**" હે અધ્વપતે! પરમાર્થ અને વ્યવહાર માર્ગમાં મને કયાંયે પણ ક્લેશ ન થવા દો; કિન્તુ તે માર્ગોમાં અમને સ્વસ્તિજ આપની કૃપાથી રહે; કોઇ પણ પ્રકારનું દુઃખ ન રહે. ૧૮

मू० स्तु०—देवकृतस्यैनसोऽवयजनमसि । मनुष्यकृतस्यैनसोऽवयजनमसि । पितृकृतस्यैनसोऽवयजनमसि । आत्मकृतस्यैनसोऽवयजनमसि । एनस एनसोऽवयजनमसि । यच्चाहमेनो विद्वांश्चकार यच्चाविद्वांस्तस्य सर्वस्यैनसोऽवयजनमसि ॥ १९ ॥ य० ८ । १३ ॥

વ્યાખ્યાન-હે સર્વ પાપ પ્રણાશક! "देवकृत०" વિદ્વાન્ અને દિવ્યગુણ યુક્ત મનુષ્યોના દુઃખને નાશ કરનાર એક આપજ છો. અન્ય નથી. એ પ્રમાણે મનુષ્ય, (મધ્યસ્થજન) પિતૃ (પરમવિદ્યાયુક્તજન) અને 'आत्मकृत०" જીવના પાપો તથા "एनस०" પાપોથી પણ મોટાં મોટાં પાપોથી આપજ અલગ છો; અને સર્વ મનુષ્યોને પણ પાપથી દૂર રાખવાવાળા એક આપજ દયામય પિતા છો. હે મહાનન્તવિદ્ય ! જે જે મેં વિદ્વાન્ અથવા અવિદ્વાન્ થઇને અર્થાત્ જ્ઞાનથી કિંવા અજ્ઞાનથી પાપ કર્યું હોય તે સર્વ પાપોનો છોડાવનાર આપ વિના બીજો કોઇ આ સંસારમાં અમારૂં શરણ નથી. માટે અમારાં અવિદ્યાદિ સર્વ પાપ છોડાવિને જલદી અમને શુદ્ધ કરો. ૧૯

मू० स्तु०—हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् । स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ २० ॥ य० १३ ॥ ४ ॥

વ્યાખ્યાન—જ્યારે કાર્યરૂપ સૃષ્ટિ નહિં થઇ હતિ ત્યારે એક અદ્વિતીય હિરણ્યગર્ભ (જે સૂર્યાદિ તેજસ્વિ પદાર્થોના ગર્ભ એટલે ઉત્પત્તિસ્થાન) છે, તેજ પ્રથમ હતા. તે સર્વ જગત્‌ના સનાતન પ્રાદુર્ભૂત પતિ છે. તેજ પરમાત્મા પૃથિવીથી લઇને પ્રકૃતિ પર્યન્ત જગત્‌ને રચીને ધારણ કરે છે. ' **कस्मै** " (**कः प्रजापतिः ? प्रजापतिर्वैकस्तस्मै देवाय ॥ शतपथे**) પ્રજાપતિ જે પરમાત્મા તેની પૂજા આત્માદિ પદાર્થોના સમર્પણથી યથાવત્ કરિયે. તેનાથી ભિન્નની ઉપાસના લેશ માત્ર પણ અમે ન કરિયે. જે પરમાત્માને છોડીને અથવા તેના સ્થાનમાં બીજાની પૂજા કરે છે તેની અને તેના દેશની અત્યન્ત દુર્દશા થાય છે. એ પ્રસિદ્ધ છે. માટે મનુષ્યો! ચેતો જો તમને સુખની ઇચ્છા હોય તો એક નિરાકાર પરમાત્માની યથાવત્ ભક્તિ કરો, અન્યથા તમને કદાપિ સુખ થશે નહિં. ૨૦

***

मू० मा०—इन्द्रो विश्वस्य राजति । शंनोऽअस्तु द्विपदे शं चतुष्पदे ॥ शं नो वातः पवता१ँ शं नस्तपतु सूर्यः । शं नः कनिक्रदद्देवः पर्जन्योऽअभिवर्षतु ॥ अहानि शं भवन्तु नः श१ँ रात्रीः प्रतिधीयताम् । शं नइन्द्राग्नी भवतामवोभिः शं न इन्द्रावरुणा रातहव्या । शं न इन्द्रापूषणा वाजसातौ शमिन्द्रासोमा सुवितायशंयोः ॥ २१ । २२ । २३ ॥ य० ३६ । मं० ८ । १० । ११ ॥

વ્યાખ્યાન-હે ઇન્દ્ર ! આપ પરમૈશ્વર્યયુક્ત સર્વ સંસારના રાજાછો, સર્વ પ્રકાશક છો, હે રક્ષક ! આપ કૃપા કરીને અમારા લોકના "**द्विपदे**" પુત્રાદિને માટે પરમ સુખદાયક થાઓ. તથા "**चतुष्पद**" હસ્તી, અશ્વ, અને ગૌ આદિ પશુઓ માટે પણ પરમ સુખકારી થાઓ. જેથી અમે લોક સદા આનંદમાં રહિયે. ॥ ૨૧ ॥ હે સર્વ નિયંતા ! અમારે માટે સુખકારક, શીતલ, મંદ અને સુગંધવાળો વાયુ સદૈવ ચાલે. એ પ્રમાણે સૂર્ય પણ સુખકારક તપે; તથા મેઘ પણ સુખ શબ્દ ગ્રહણ કરે. અર્થાત્ ગર્જનાપૂર્વક સદૈવ સમય સમયમાં સુખકારક વર્ષા વરસે. જેથી આપના કૃપાપાત્ર અમે સુખાનંદમાંજ સદા રહિયે. ॥ ૨૨ ॥ હે ક્ષણાદિ કાલપતે ! સર્વ દિવસ આપના નિયમથી સુખરૂપજ અમને થાઓ. અમારે માટે સર્વ રાત્રિ પણ આનંદથી વ્યતીત થાય. હે ભગવન્ ! દિવસ અને રાત્રિઓને સુખકારકજ આપ સ્થાપન કરો. જેથી સર્વ સમયમાં અમે લોક સુખીજ રહીયે. હે સર્વ સ્વામિન્ ! "**इन्द्राग्नी**" સૂર્ય તથા અગ્નિ એ બંને અમને આપના અનુગ્રહથી અને નાના પ્રકારની રક્ષાઓથી સુખકારક થાઓ. "**इन्द्रावरुणारातहव्या**" હે પ્રાણાધાર ! હોમથી શુદ્ધિ ગુણ યુક્ત થયેલા આપની પ્રેરણાથી વાયુ અને ચંદ્ર અમારે માટે સુખરૂપજ સદા થાઓ. "**इन्द्रापूषणावाजसातौ**" હે પ્રાણપતે ! આપની રક્ષાથી પૂર્ણ આયુ અને બલયુક્ત પ્રાણવાળા અમે અમારા અત્યન્ત પુરૂષાર્થ યુક્ત યુદ્ધમાં સ્થિર રહિયે. જેથી શત્રુઓની સન્મુખ અમે નિર્બલ કદી

ન થઇયે. ' इन्द्रासोमा सुवितायशंयोः" (प्राणापानौवाइन्द्राग्नी. शतपथे) હે મહારાજ ! આપની પ્રબંધથી રાજા અને પ્રજા પરસ્પર વિદ્યાદિ સત્ય ગુણયુક્ત થઇને પોતાનાં ઐશ્વર્યને ઉત્પન્ન કરે તથા આપની કૃપાથી પરસ્પર પ્રીતિ યુક્ત. થાય, અત્યન્ત સુખ-લાભની પ્રાપ્તિ થાય. આપ અમને સુખી જોઇને અત્યન્ત પ્રસન્ન થાઓ; અને અમે પણ અતિ પ્રસન્નતાથી આપ અને જે આપની સત્ય આજ્ઞા તેમાં તત્પર થઇયે. ૨૩

मू० स्तु०—प्र तद्वोचेदमृतं नु विद्वान् गन्धर्वो धाम बिभृतं गुहा सत् । त्रीणि पदानि निहिता गुहास्य यस्तानि वेद स पितुः पिताऽसत् ॥ २४॥ य० ३२ । ९ ॥

વ્યાખ્યાન-હે વેદાદિ શાસ્ત્ર અને વિદ્વાનોને પ્રતિપાદન કરવાને યોગ્ય ! જે અમૃત. (મરણાદિ દોષરહિત) તથા મુક્તિનું ધામ. (નિવાસસ્થાન) તથા સર્વગત સર્વ વસ્તુના ધારણ અને પોષણ કરવાવાળા, સર્વની બુદ્ધિના સાક્ષી બ્રહ્મ છે. તે આપનો ઉપદેશ તથા ધારણ જે વિદ્વાન્ જાણે છે, તે ગંધર્વ કેહેવાય છે गच्छतीति गं ब्रह्म तद्धरतीति स गन्धर्वः) સર્વગત બ્રહ્મને જે ધારણ કરવાવાળા તે પરમાત્માનું નામ ગંધર્વ છે. તથા પરમાત્માના ત્રણ પદ છે એટલે જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું સામર્થ્ય છે. તથા ઈશ્વરને જે સ્વહૃદયમાં જાણે છે તે પિતાના પણ પિતા છે. અર્થાત્ વિદ્વાનોમાં પણ વિદ્વાન્ છે. ૨૪

मू॰ मा॰—द्यौः शान्तिः रन्तरिक्ष॒ꣳशान्तिः पृथि॒वी शान्ति॒रापः॒ शान्ति॒रोष॑धयः॒ शान्तिः । वन॒स्पत॑यः शान्ति॒र्विश्वे॑दे॒वाः शान्ति॒र्ब्रह्म॒ शान्ति॒स्सर्व॒ꣳ शान्ति॒श्शान्ति॑रेव शान्तिः॒ सा मा॒ शान्ति॑रेधि ॥ २५ ॥ य॰ ३६ । १७ ॥

વ્યાખ્યાન-હે સર્વ દુઃખની શાંતિ કરવાવાળા પરમાત્મન્! સર્વ લોકની ઉપર જે આકાશ તે સર્વદા અમારે માટે શાન્ત (નિરૂપદ્રવ) સુખકારક રહો, અંતરિક્ષ મધ્યસ્થ લોક અને તેમાં રહેલો વાયુ આદિ પદાર્થ. પૃથિવી, પૃથિવીસ્થ પદાર્થ, જલ, જલસ્થ પદાર્થ. ઔષધિ તથા તેમાં રહેલા ગુણો. વનસ્પતિ તથા તેમાં રહેલા ગુણો તથા પદાર્થો, વિશ્વેદેવ એટલે સર્વ જગતના વિદ્વાનો તથા વિશ્વદ્યોતક વેદમન્ત્ર, ઇન્દ્રિય, સૂર્યાદિ તેનાં કીરણો, તેમાં રહેલાં ગુણો, બ્રહ્મ, પરમાત્મા, તથા વેદશાસ્ત્ર, સ્થૂલ અને સૂક્ષ્મ, ચરાચર જગત્ એ સર્વ પદાર્થ અમારે માટે છે. હે સર્વ શક્તિમાન્ પરમાત્મન્! આપની કૃપાથી તે સર્વ શાન્ત (નિરૂપદ્રવ) સદાનુકૂલ સુખદાયક થાઓ. મને પણ શાન્તિ પ્રાપ્ત થાઓ; જેથી હું પણ આપની કૃપાથી શાન્ત દુષ્ટ ક્રોધાદિ ઉપદ્રવ રહિત થાઉં. તથા સર્વ સંસારસ્થ જીવ પણ દુષ્ટ ક્રોધાદિ રહિત થાઓ ૨૫

मू॰ स्तु॰—नमः॑ शम्भ॒वाय॑ च मयो॒भ॒वाय॑ च नमः॑ शङ्क॒राय॑ च मयस्क॒राय॑ च नमः॑ शि॒वाय॑ च शि॒वत॑राय च ॥ २६ ॥ य॰ १६ । ४१ ॥

વ્યાખ્યાન-હે કલ્યાણ સ્વરૂપ! કલ્યાણકર! આપ શંભવ છો એટલે કે મોક્ષસુખ સ્વરૂપ અને મોક્ષ સુખના કરવાવાળા છો. આપને નમસ્કાર છે. આપ મયોભવ છો એટલે સાંસારિક સુખ કરવાવાળા આપને નમસ્કાર કરૂં છું. આપ શંકર છો. આપનાથીજ જીવોનું કલ્યાણ થાય છે અન્યથી નહિં. તથા મયસ્કર અર્થાત્ મન, ઇન્દ્રિય, પ્રાણ અને આત્માના સુખ કરવાવાળા આપજ છો. આપ શિવ એટલે મંગલમય છો. તથા આપ શિવતર એટલે અત્યન્ત કલ્યાણ સ્વરૂપ અને કલ્યાણકારક છો. માટે આપને અમે વારંવાર નમન કરિયે છીયે શ્રદ્ધાભક્તિથી જે મનુષ્ય ઈશ્વરને નમસ્કારાદિ કરે છે તે મંગલમયજ થાય છે. ૨૬

મૂ० મા०—भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः । स्थिरैरङ्गैस्तुष्टुवाꣳसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥ २७ ॥ य० २५ । २१ ॥

વ્યાખ્યાન-હે દેવેશ્વર! હે દેવાઃ (વિદ્વાનો) અમે લોક કાનોવડે હંમેશાં કલ્યાણજ શ્રવણ કરિયે. અકલ્યાણની વાત પણ અમે કદી સાંભળીયે નહિં. હે યજનીયેશ્વર! હે યજ્ઞકર્તાઓ! અમે આંખોથી કલ્યાણજ સદા જોઇયે. હે જનો! હે જગદીશ્વર! અમારા સર્વ અંગ તથા ઉપાંગ (શ્રોત્રાદિ ઇન્દ્રિય તથા સેનાદિ ઉપાંગ) સ્થિર સદા રહે કે જેથી અમે લોક સ્થિરતાથી આપની સ્તુતિ અને આપની આજ્ઞાનું સદા અનુષ્ઠાન કરીયે. તથા અમે આત્મા, શરીર,

ઇન્દ્રિય અને વિદ્વાનોના હિતકારક આયુષ્યને વિવિધ સુખ પૂર્વક પ્રાપ્ત થઇયે. અર્થાત્ સદા સુખમાંજ રહિયે. ૨૭

મૂ० સ્તુ०—ब्रह्म जज्ञानं प्रथमं पुरस्ताद्विसीमतः सुरुचो वेन आवः । स बुध्न्या उपमा अस्य विष्ठाः सतश्च योनिमसतश्च विवः ॥२८॥ य० १३ । ३ ॥

વ્યાખ્યાન—હે મહીય પરમેશ્વર! આપ મોટાથી પણ મોટા છો. આપનાથી મોટો અથવા આપને તુલ્ય કોઇ નથી. "**जज्ञानम्**" સર્વ જગતમાં વ્યાપક છો. સર્વ જગતનું આદિકારણ આપજ છો. સૂર્યાદિ લોક '**सीमत:**" સીમાથી યુક્ત એટલે કે મર્યાદા સહિત "**सुरुच:**' આપનાથી પ્રકાશિત છે. "**पुरस्तात्**" એ સૂર્યાદિને પ્રથમ રચીને આપજ ધારણ કરી રહ્યા છો "**आव:**" આ સર્વ લોકોને વિવિધ નિયમોથી પૃથક્ પૃથક્ યથાયોગ્ય વર્તાવી રહ્યા છો. "**वेन:**" આપ આનંદ સ્વરૂપ હોવાથી એવો કોઇપણ જન સંસારમાં નથી કે જે આપની ઇચ્છા ન કરે. કિન્તુ સર્વ આપને મળવા ચાહે છે. તથા આપ અનન્ત વિદ્યાયુક્ત છો, સર્વ રીતિથી રક્ષણ કરનાર આપજ છો, તેજ પરમાત્મા '**बुध्न्या:**" અન્તરિક્ષાન્તર્ગત દિશાઆદિનો '**विव:**' વિભાગ કરે છે, તે અન્તરિક્ષાદિ ઉપમાં સર્વ વ્યવહારમાં ઉપયોગ થાય છે. અને તે વિવિધ જગતનું નિવાસસ્થાન છે. સર્વ જગતનું આદિકારણ પરમાત્માનેજ વેદશાસ્ત્ર તથા વિદ્વાનો કહે છે. માટે તે જગતના માતાપિતા આપજ છો, અમારા ભજનીય ઇષ્ટ આપજ છો. ૨૮

મૂ० मा० सुमित्रिया न आप ओषधयः सन्तु । दुर्मित्रियास्तस्मै सन्तु । योऽस्मान् द्वेष्टि यञ्च वयं द्विष्मः ॥२९॥ य० ६ । २२ ॥ ३६ ॥ २३ ॥

વ્યાખ્યાન–હે સર્વમિત્રસંપાદક! આપની કૃપાથી પ્રાણ અને જલ તથા વિદ્યા અને ઔષધી "**सुमित्रियाः**" અમારે માટે સુખદાયક સદા થાઓ, કદાપિ પ્રતિકૂલ ન થાઓ. અને જે અમારાથી દ્વેષ, અપ્રીત્તિ, કરે છે તથા જે દુષ્ટથી અમે દ્વેષ કરીયે છીયે તો હે ન્યાયકારિન્! તેને માટે "**दुर्मित्रियाः**" પૂર્વોક્ત પ્રાણાદિ દુઃખકારકજ થાઓ. અર્થાત્ જે અધર્મ કરે તેને આપના રચેલા જગત્‌ના પદાર્થો દુઃખદાયકજ થાઓ. જેથી તેઓ અધર્મ ન કરે અને અમને દુઃખ ન આપે અને અમે સદા સુખી રહિયે. ૨૯

મૂ० मा०—य इमा विश्वा भुवनानि जुह्वदृषिर्होता न्यसीदत् पिता नः । स आशिषा द्रविणमिच्छमानः प्रथमच्छदवराँ २ ॥ऽआविवेश ॥ ३० ॥ य० १७ । १७ ।

વ્યાખ્યાન–"**होता**" ઉત્પત્તિ સમયમાં આપવાવાળો અને પ્રલય સમયમાં સર્વને લેવાવાળો પરમાત્માજ છે. "**ऋषिः**" સર્વજ્ઞ આ સર્વ લોક લોકાન્તર ભુવનોને પોતાના સામર્થ્યથી કારણમાં પ્રલય કરીને "**न्यसीदत्**" નિત્ય અવસ્થિત છે તેજ પરમાત્મા અમારા પિતા છે. પુનઃ જ્યારે દ્રવિણ દ્રવ્યરૂપ જગત્‌ને સ્વેચ્છાથી ઉત્પન્ન કરવાની

ઇચ્છા સ્વનિયમાનુસાર કરવા ચાહે છે ત્યારે " આશિષા " પોતાનાં સામર્થ્યથી યથાયોગ્ય વિવિધ જગતને સહજ સ્વભાવથી રચે છે. આ ચરાચર " प्रपमच्छत् " વિસ્તીર્ણ જગત્‌ને રચીને અનન્ત સ્વરૂપથી આચ્છાદિત્ કરે છે અને અન્તર્યામિ સાક્ષી સ્વરૂપ જગતમાં પ્રવેશ થઈ રહ્યા છે. અર્થાત્ બાહાર અને અંદર પરિપૂર્ણ રહ્યા છે. તેજ અમારા નિશ્ચિત પિતા છે. તેની સેવા છોડીને જે મનુષ્ય અન્ય મૂર્ત્યાદિની સેવા કરે છે તે કૃતઘ્નત્વાદિ દોષયુક્ત થઇને સદૈવ દુઃખ ભાગી થાય છે. જે મનુષ્ય પરમદયામય પિતાની આજ્ઞામાં રહે છે તે સર્વાનંદનો સદૈવ ભોગ કરે છે. ૩૦

—※—

મૂ૦ સ્તુ૦—इषे पिन्वस्व । ऊर्जे पिन्वस्व । ब्रह्मणे पिन्वस्व । क्षत्राय पिन्वस्व । द्यावापृथिवीभ्यां पिन्वस्व । धर्मासि सुधर्म । अमेन्यस्मे नृम्णानि धारय ब्रह्म धारय क्षत्रं धारय विशं धारय ॥ ३१ ॥ य० ३८ । १४ ॥

વ્યાખ્યાન–હે સર્વ સૌખ્ય પ્રદેશ્વર! અમને ' इषे " ઉત્તમ અન્નથી પુષ્ટ કરો, અન્નનું પાચન અમને સદૈવ થાઓ. અને અજીર્ણથી થતા રોગોથી બચાવો. તથા અન્ન વિનાના દુઃખી અમે કદી ન રહીયે. હે મહાબલ! " ऊर्जे " અત્યન્ત પરાક્રમને માટે અમને પુષ્ટ કરો, હે વેદોત્પાદક! " ब्रह्मणे " સત્યવેદ વિદ્યાને માટે બુધ્ધ્યાદિ બલથી સદૈવ અમને પુષ્ટ અને બલયુક્ત કરો, હે મહારાજાધિરાજ પરબ્રહ્મન્! " क्षत्राय " અખંડ ચક્રવર્તિ રાજ્યને માટે

શૌર્ય, ધૈર્ય, નીતિ, વિનય, પરાક્રમ, અને બલાદિ ઉત્તમ ગુણયુક્ત કૃપાથી અમને યથાવત્ પુષ્ટ કરો, અમે પરાધીન કદી ન થઇયે. હે સ્વર્ગપૃથિવીશ! સ્વર્ગ એટલે પરમોત્કૃષ્ટ મોક્ષ સુખ અને પૃથિવી એટલે કે સંસારસુખ એ બન્નેને માટે અમને સમર્થ કરો. હે સુષ્ઠુધર્મશીલ! તમે ધર્મકારી છો તથા ધૈર્ય સ્વરૂપજ છો માટે અમારા પર પણ કૃપા કરીને ધર્માત્મા કરો; "**अमेनि**" તમે નિર્વૈર છો. અમને પણ નિર્વૈર કરો; તથા કૃપાદૃષ્ટિથી '**अस्मे**" (अस्मभ्यम्) અમારે માટે "**नृम्णानि**" વિદ્યા, પુરૂષાર્થ હસ્તિ, અશ્વ, સુવર્ણ, રત્ન, ઉત્કૃષ્ટ રાજ્ય, ઉત્તમ પુરૂષ અને પ્રીત્યાદિ પદાર્થોને ધારણ કરાવો જેથી અમે કોઇપણ પદાર્થ વિના દુઃખી ન થઇયે. હે સર્વાધિપતે! "**ब्राह्मण,**" (પૂર્ણ વિદ્યાદિ સદ્ગુણયુક્ત) "**क्षत्र,**" (બુદ્ધિવિદ્યાદિ તથા શૌર્યાદિ ગુણયુક્ત) અને "**विशम्**" અને વિદ્યાદ્યમ, બુદ્ધિ, વિદ્યા, ધન અને ધાન્યાદિ બલયુક્ત તથા શૂદ્રાદિ પણ સેવાદિ ગુણયુક્ત ઉત્તમ અમારા રાજ્યમાં થાઓ. એ સવને ધારણ આપજ કરો જેથી અમારૂં અખંડ ઐશ્વર્ય આપની કૃપાથી બન્યું રહે. ૩૧

मू० स्तु०—कि ँ स्विदासीदधिष्ठानमारम्भणं कतमत्स्वित्कथासीत् । यतो भूमिं जनयन्विश्वकर्मा विद्यामौर्णोन्महिना विश्वचक्षाः ॥३२॥ य० १७ । १८ ॥

વ્યાખ્યાન—(પ્રશ્નોત્તર રૂપમાં છે) આ સંસારનુ અધિષ્ઠાન શું છે ? કારણ અને ઉત્પાદક કોણ છે ? કેવા પ્રકારે છે ? તથા રચના કરનાર અધિષ્ઠાન શું છે ? તેમજ નિમિત્ત કારણ અને સાધન શું છે ? (ઉત્તર) "यत्" જેનું વિશ્વ કરેલું છે તે વિશ્વકર્માં પરમાત્માના અનન્ત સામર્થ્યથી આ જગત્ રચાયું છે. તેજ પરમાત્મા સર્વ જગત્નું અધિષ્ઠાન છે. નિમિત્ત છે અને સાધનાદિ છે. તેણે પોતાના અનન્ત સામર્થ્યથી આ સર્વ જગત્ને યથાયોગ્ય રચ્યું છે, અને ભૂમિથી લઇને સ્વર્ગ પર્યન્ત રચીને પોતાના મહિમાથી 'ओर्णोत्' આચ્છાદિત કરી રાખ્યું છે. અને પરમાત્માના અધિષ્ઠાન આદિ પરમાત્માજ છે. અન્ય નહિ. સર્વના ઉત્પાદન, રક્ષણ, ધારણાદિ તેજ કરે છે. તથા આનંદમય છે. અને તે ઇશ્વર " विश्वचक्षाः " સર્વ સંસારનો દ્રષ્ટા છે. તેને છોડીને અન્યનો આશ્રય જે કરેછે તે દુઃખસાગરમાં કેમ નહિં ડૂબશે ? ૩૨

मू॰ मा॰—तनूपा अंग्नेऽसि तन्वं मे पाहि । आयुर्दा अंग्नेऽस्यायुर्मे देहि । वर्चोदा अंग्नेऽसिवर्चों मे देहि । अग्ने यन्मे तन्वा ऊनं तन्मऽआपृण ॥ ३३ ॥ य॰ ३ । १७॥

વ્યાખ્યાન—હે સર્વ રક્ષકેશ્વરાગ્ને ! આપ અમારા શરીરના રક્ષક છો માટે કૃપાથી શરીરનું પાલન કરો. હે મહા વૈદ્ય ! આપ આયુષ્ય વધારવાવાળા છો માટે અમને સુખરૂપ ઉત્તમ આયુષ્ય આપો. " હે અનન્ત વિદ્યા તેજયુક્ત ! આપ

"**वर्चः**" વિદ્યાદિ તેજ અર્થાત્ યથાર્થ વિજ્ઞાન આપવાવાળા છો માટે અમને સર્વોત્કૃષ્ટ વિદ્યાદિ તેજ આપો. પૂર્વોક્ત શરીરાદિ રક્ષાથી અમને સદા આનંદમાં રાખો, અને જે જે કાંઇપણ શરીરાદિમાં "**ऊनम्**" ન્યૂન હોય તેને કૃપા દૃષ્ટિથી સુખ અને ઐશ્વર્યની સાથે સર્વ પ્રકારથી આપ પરિપૂર્ણ કરો. કોઈ જાતના આનંદની અથવા શ્રેષ્ઠ પદાર્થની ન્યૂનતા અમને ન રહે. આપના પુત્ર અમે જ્યારે પૂર્ણાનન્દમાં રહિશું ત્યારેજ આપ પિતાની પ્રશંસા છે, કેમકે, બાલકો નાની અથવા મોટી ચીજ અથવા સુખ, પિતા માતાને છોડીને બીજા કોની પાસે માંગે? તો આપ સર્વશક્તિમાન્ અમારા પિતા છો તેમજ સર્વ ઐશ્વર્ય તથા સુખ દેવાવાળામાં પૂર્ણ છો. ૩૩

मू॰ प्रा॰—विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतो बाहुरुत विश्वतस्पात्। सं बाहुभ्यां धमति सं पतत्रैर्द्यावाभूमी जनयन् देव एकः ॥३४॥ य॰ १७। १९॥

વ્યાખ્યાન—વિશ્વ એટલે સર્વ જગતમાં જેનાં ચક્ષુ છે, જેનાથી અદૃષ્ટ કોઇ વસ્તુ નથી; તથા સર્વત્ર મુખ, બાહુ, પગ, અન્ય શ્રોત્રાદિ પણ છે. જે સર્વદૃક્, સર્વ વક્તા, સર્વ ધારક, અને સર્વગત્ ઇશ્વર વ્યાપક છે. તેનાથી જ્યારે પ્રાણી ડરીને ચાલશે ત્યારેજ ધર્માત્મા થશે. અન્યથા નહિ. તેજ વિશ્વકર્મા પરમાત્મા એકજ અદ્વિતીય છે. પૃથિવીથી લઈને સ્વર્ગ પર્યન્ત જગત્‌ના કર્તા છે. જેણે જેણે જેવાં જેવાં પાપ પુણ્ય કર્યાં છે તેને તેને ન્યાયકારી, દયાલુ જગત્પિતા પક્ષ-

પાત છોડીને અનન્તબલ અને પરાક્રમ એ બે હાથોથી સમ્યક્ "पतत्रैः" પ્રાપ્ત થવાવાળા તથા સુખ દુઃખ એ બન્ને ફલોને પ્રાપ્ત સર્વ જીવોને "धमति" (धमनम्-कम्पनम्) યથા-યોગ્ય જન્મ મરણાદિને પ્રાપ્ત કરાવિ રહ્યા છે. તેજ સર્વ શક્તિમાન ઇશ્વરથી અન્યને કદાપિ ન માનવો જોઇયે. તેજ અમારો યાચનીય, પૂજનીય પ્રભુ છે. તેનાથીજ અમને સુખ થશે અન્યથી નહિં. ૩૪

—※—

मू० स्तु०—भूर्भुवः स्वः, सुप्रजाःप्रजाभिः स्याᳪं सुवी-रो वीरैः सुपोषः पोषैः । नर्य प्रजां मे पाहि । शᳪंस्य प-शून्मे पाहि । अथर्य पितुम्मे पाहि ॥ ३५ ॥ य० ३ । ३७॥

વ્યાખ્યાન—હે સર્વ મંગલકારકેશ્વર! આપ "भूः" સદાવર્ત માન છો. "भुवः" વાયુ આદિ પદાર્થોના રચવાવાળા છો; 'स्वः" સુખરૂપ છો. અમને સુખ આપો. હે સર્વાધ્યક્ષ! આપ કૃપા કરો જેથી હું પુત્રપૌત્રાદિ ઉત્તમ ગુણવાળી પ્રજા વડે શ્રેષ્ઠ પ્રજાવાળો થાઉં. સર્વોત્કૃષ્ટ વીર યોદ્ધાઓથી "सुवीरः" યુદ્ધમાં સદા વિજયી થાઉં. હે મહા પુષ્ટિપ્રદ! આપના અનુ-ગ્રહથી અત્યન્ત વિદ્યાદિ તથા સોમલતા આદિ ઔષધિ, સુ-વર્ણાદિ તથા નૈરોગ્યાદિ સર્વથી પુષ્ટિયુક્ત થાઉં. હે 'नर्य' ન-રોના હિતકારક! મારી પ્રજાની આપ રક્ષા કરો. હે "शंस्य" સ્તુતિ કરવા યોગ્યેશ્વર! હસ્ત્યશ્વાદિ પશુઓનું આપ પાલન કરો હે "अथर्य" વ્યાપકેશ્વર! "पितुम्' ધારણ કરેલા અન્નની રક્ષા કરો. હે દયાનિધે! અમને સર્વ ઉત્તમ પદાર્થો-થી પરિપૂર્ણ અને સર્વદા આનંદમાં આપ રાખો. ૩૫

मू० मा०—किं स्विद्वनं क उ स वृक्ष आस यतो द्यावापृथिवी निष्टतक्षुः । मनीषिणो मनसा पृच्छतेदु तद्यदध्यतिष्ठद्भुवनानि धारयन् ॥३६॥ य० १७ । २०॥

વ્યાખ્યાન—(પ્રશ્ન) વિદ્યા શું છે? વન અને વૃક્ષ કોને કહેછે? (ઉત્તર) જે સામર્થ્યથી વિશ્વકર્મા ઇશ્વરે જેવી રીતે અનેક પ્રકારની રચનાથી અનેક પદાર્થો રચ્યા છે તે વિદ્યા અને તેજ પ્રમાણે સ્વર્ગ એટલે સુખ વિશેષ અને ભૂમિમધ્ય (સુખવાળા લોક) તથા નરક (દુઃખવિશેષ) અને સર્વ લોકને રચ્યા છે તેને વન અને વૃક્ષ આદિ કહે છે. "**मनीषिणः**" હે વિદ્વાનો! જે સર્વ ભુવનોને ધારણ કરીને સર્વ જગત્માં અને સર્વની ઉપર વિરાજમાન થઇ રહ્યા છે તેના વિષયમાં પ્રશ્ન તથા તે સંબંધી નિશ્ચય તમે કરો. "**मनसा**" તેના વિજ્ઞાનથી જીવોનું કલ્યાણ થાય છે. અન્યથા નહિં. ૩૬

मू० स्तु०—तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ ३७॥ य० ३६ । २४ ॥

વ્યાખ્યાન—તે બ્રહ્મ, '**चक्षुः**' સર્વદૃક્ ચેતન છે તથા દેવ અર્થાત્ વિદ્વાનોને માટે અથવા મનઆદિ ઇન્દ્રિયોને માટે હિતકારક મોક્ષાદિ સુખનો દાતા છે. "**पुरस्तात्**' સર્વનું આદિ કારણ તેજ છે. "**शुक्रम्**' સર્વના કરવાવાળા કિંવા

શુદ્ધ સ્વરૂપ છે. "उच्चरत्" પ્રલયની ઉર્ધ્વ તેજ રહે છે. તે પરમાત્માનીજ કૃપાથી અમે સો વર્ષ પર્યન્ત જોઇ શકિયે, જીવિયે. સાંભળિયે, કહિયે–બોલીયે, કદાપિ પરાધીન ન થઇયે. અર્થાત્ બ્રહ્મજ્ઞાન, બુદ્ધિ અને પરાક્રમ સહિત ઇન્દ્રિય તથા શરીર સર્વ સ્વસ્થ રહે, એવી કૃપા આપ કરો કે કોઇ અંગ અમારૂં નિર્બલ અને રોગયુક્ત ન થાય. તથા સો (૧૦૦) વર્ષથી અધિક પણ આપ કૃપા કરો કે જેથી સો વર્ષ ઉપરાંત પણ અમે જોઇ શકિયે, જીવી શકિયે, સાંભળી શકિયે, બોલી શકિયે અને સ્વાધીન રહિયે. ૩૭

મૂ૦ પ્ર૦—या ते धामा॑नि पर॒माणि॒ याव॒मा या म॑ध्य॒मा विश्वकर्मन्नु॒तेमा । शिक्षा॑ सखि॑भ्यो ह॒विषि॑ स्वधावः स्व॒यं य॑जस्व त॒न्वं॑ वृधा॒नः ॥ ३८ ॥ य० १७ । २१ ॥

વ્યાખ્યાન–હે સર્વ વિધાયક વિશ્વકર્મન્નીશ્વર! જે તમારા સુરચિત ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ ત્રિવિધ ધામ છે, તે સર્વ લોકની શિક્ષા જે અમે આપના સખાઓ છીયે, તેને કરીને યથાર્થ વિદ્યા આપો કે જેથી સર્વ લોકમાં અમે સુખી રહિયે. તથા એ લોકનાં '**हविषि**" દાન અને ગ્રહણ વ્યવહારમાં અમે ચતુર થઇયે. હે "**स्वधावः**" સ્વસામર્થ્યાદિ ધારણ કરવાવાળા! અમારાં શરીરાદિ પદાર્થોના વૃદ્ધિ કરવાવાળા આપ છો. "**यजस्व**' અમારે માટે વિદ્વાનોને સત્કાર, સર્વ સજ્જનોને સુખ આદિની પ્રાપ્તિ અને

વિદ્યાદિ ગુણોનું દાન આપ સ્વયં કરો. આપ આપની ઉદારતાથીજ અમને સર્વ સુખ આપો. વળી અમે તો આપને પ્રસન્નકરવામાં કાંઇપણ સમર્થ નથી. સર્વથા આપની અનુકૂલ વર્તાવ કરી શકતા નથી, પરંતુ આપતો અધર્મોદ્ધારક છો જેથી અમને સ્વકૃપાથી સુખી કરો. ૩૮

મૂ० स्तु०—यन्मे छिद्रं चक्षुषो हृदयस्य मनसो वातितृण्णं बृहस्पतिर्मे तद्दधातु । शं नो भवतु भुवनस्य यस्पतिः ॥ ३९ ॥ य० ३६ ॥ २ ॥

વ્યાખ્યાન—હે સર્વ સન્ધાયકેશ્વર! મારા ચક્ષુ, (નેત્ર) હૃદય, (પ્રાણાત્મા) મન, બુદ્ધિ, વિજ્ઞાન, વિદ્યા, અને સર્વ ઇન્દ્રિયો તેના દ્વેષ, તેના છિદ્ર, નિર્બલતા, રાગ ચાંચલ્યને તથા મંદત્વાદિ વિકારને નિવારણ કરિને સત્ય ધર્મમાં સ્થાપન આપજ કરો; કેમકે આપ બૃહસ્પતિ એટલે સર્વથી મોટાછો. તે આપની મોટાઈ તરફ જોઇને એ મોટું કામ આપ અવશ્ય કરો, કે જેથી અમે આપ અને આપની આજ્ઞાનાં સેવનમાં યથાર્થ તત્પર થઇયે. અમારા સર્વ છિદ્રોને આપજ ઢાંકો. આપ સર્વ ભુવનોના પતિછો માટે આપની પાસે વારંવાર અમે પ્રાર્થના કરીયે છીએ કે, અમારા પર સર્વદા કૃપા દૃષ્ટિથી કલ્યાણ કારક થાઓ. હે પરમાત્મન! આપના વિના અમારૂં કલ્યાણ કારક કોઇ નથી. અમને આપનોજ સર્વ પ્રકારે ભરોસો છે તો આપજ તે પૂરો કરશો. ૩૯

मू०-मा०—वि॒श्वक॑र्मा॒ विम॑ना॒ आद्वि॒हाया॑ धा॒ता वि॑धा॒ता प॑र॒मोत स॒न्दृक्। तेषा॑मि॒ष्टानि॑ समि॒षा म॑दन्ति॒ यत्रा॑ सप्तऽ- ऋ॒षीन् प॒र एक॑मा॒हुः ॥ ४० ॥ य० १७ । २६ ॥

વ્યાખ્યાન—સર્વજ્ઞ, સર્વરચક, ઇશ્વર વિશ્વકર્મા એટલે કે વિવિધ જગદુત્પાદક છે. તથા "**विमनाः**" વિવિધ (અનન્ત) વિજ્ઞાનવાળા છે. તથા "**आद्विहाया**' સર્વવ્યાપક અને આકાશવત્ નિવકાર અક્ષોભ્ય સર્વાધિકરણ છે. તેજ પરમાત્મા સર્વ જગતના '**धाता**" ધારણકર્તા છે. '**विधाता**" વિવિધ વિચિત્ર જગત્ના ઉત્પાદક છે તથા '**परम, उत**" સર્વોત્કૃષ્ટ છે. "**सन्दृक्**' યથાવત્ સર્વના પાપ અને પુણ્યોના જોવા વાળા છે. જે મનુષ્ય તેજ ઇશ્વરની ભક્તિ, તેજ ઇશ્વરપર વિશ્વાસ અને તેનોજ સત્કાર એટલે આજ્ઞાપાલન કરે છે તેને છોડીને અન્યને લેશ માત્રપણ નહિ માને તે મનુષ્યોનેજ સર્વ ઇષ્ટ સુખ મળે છે બીજાને નહિ. તે ઇશ્વર પોતાનાં ભક્તાને સુખમાંજ રાખે છે અને તે ભક્ત સમ્યક્ સ્વેચ્છા પૂર્વક '**मदन्ति**" પરમાનંદમાંજ રહે છે. દુઃખ પ્રાપ્ત તેને થતું નથી. તે પરમાત્મા એક અદ્વિતીય છે. જે પરમાત્માના સામર્થ્યમાં સપ્ત અર્થાત્ પંચપ્રાણ સૂત્રાત્મા અને ધનંજય, એ બધા પ્રલય વિષયક કારણભૂતજ રહેછે. તેજ પરમાત્મા જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયમાં નિર્વિકાર આનંદ સ્વરૂપ રહેછે. તેની ઉપાસના કરવાથી અમે સદા સુખમાં રહી શકીયે છીયે. ૪૦

मू० स्तु०—चतुः स्रक्तिर्नाभिर्ऋतस्यं सप्रथाः स नों विश्वायुः सप्रथाः स नः सर्वायुः सप्रथाः। अप द्वेषोऽअप ह्वरोऽन्यव्रतस्य सश्चिम ॥ ४१ ॥ य० ३८। २० ॥

વ્યાખ્યાન—હે મહાવૈદ્ય! સર્વ રોગ નાશકેશ્વર! ચાર ખુણાવાળી નાભિ (મર્મસ્થાન) ઋતુની ભરેલી, રોગરહિત અને વિજ્ઞાનનું ગ્રહ. તે '**सप्रथा**' વિસ્તીર્ણ સુખયુક્ત આપની કૃપાથી થાઓ. તથા આપની કૃપાથી "**विश्वायु.**' પૂર્ણ આયુષ્ય થાઓ. આપ જે પ્રમાણે સર્વ સામર્થ્યથી વિસ્તીર્ણ છો તેજ પ્રમાણે વિસ્તૃત સુખથી વિસ્તાર સહિત સર્વાયુષ્ય અમને આપો. હે ઇશ! અમે "**अपद्वेष**' દ્વેષ રહિત તથા "**अपह्वरः**" ચલન (કંપન) રહિત આપની કૃપાથી થઇયે. આપની આજ્ઞા અમે સર્વદા માનીયે. આપનાથી ભિન્નને અમે લેશમાત્રપણ ઇશ્વર ન માનીયે. એજ અમારૂં વ્રત છે. એથી બીજું વ્રત અમે કદી ન માનીયે. આપને '**सश्चिम**' સદા સેવિયે. એજ અમારો પરમ નિશ્ચય છે. એ પરમ નિશ્ચયની રક્ષા આપ કરો. ૪૧

मू० प्रा०—यो नः पिता जनिता यो विधाता धामानि वेद भुवनानि विश्वा। यो देवानां नामधा एक एव तं सम्प्रश्नं भुवना यन्त्यन्या ॥ ४२ ॥ य० १७। २७ ॥

વ્યાખ્યાન—હે મનુષ્યો! જે આપણો પિતા, (નિત્ય પાલન કરવાવાળો) "**जनिता**" ઉત્પાદક, (જનક) "**विधाता**"

સર્વ મોક્ષ સુખાદિ કામોનો વિધાયક, (સિદ્ધકર્તા) "વિશ્વા" સર્વ ભુવન લોકલોકાન્તર ધામ અર્થાત્ સ્થિતિનાં સ્થાનોને યથાવત્ જાણવાવાળા ઇશ્વર સર્વ જાતમાત્ર ભુતોમાં વિદ્યમાન છે. જે દિવ્ય સૂર્યાદિલોક તથા ઇન્દ્રિયાદિ તથા વિદ્વાનોના નામ વ્યવસ્થાદિ કરવાવાળા એક અદ્વિતીય તેજ છે, અન્ય કોઇ નહિં. તેજ અમારો સ્વામી અને પિતા આદિ છે. તથા તેજ પરમાત્મા સંબંધી સમ્યક્ પ્રશ્નોત્તર કરવામાં વિદ્વાન્, વેદાદિશાસ્ત્ર અને પ્રાણિમાત્ર પ્રાપ્ત થઈ રહ્યા છે. કેમકે સર્વ પુરૂષાર્થ તેજ છે કે પરમાત્મા, તથા તેની આજ્ઞા અને તેના રચેલાં જગત્નો યથાર્થ નિશ્ચય કરવો, તેણે કરિનેજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરૂષાર્થના ફૂલની સિદ્ધિ થાય છે અન્યથા નહિં. એ હેતુથી તન, મન, ધન અને આત્માથી પ્રયત્નપૂર્વક ઇશ્વરના સહાયથી સર્વ મનુષ્યોને ધર્માદિ પદાર્થોની યથાવત્ સિદ્ધિ અવશ્ય કરવી જોઇએ. ૪૨

मू० स्तु०—यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति । दूरङ्गमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ४३ ॥ य० ३४ । १ ॥

વ્યાખ્યાન—હે ધર્મ નિરૂપદ્રવ પરમાત્મન્! મારૂં મન સદા શિવ સંકલ્પ ધર્મ કલ્યાણ સંકલ્પધારીજ આપની કૃપાથી થાઓ. કદિ પણ અધર્મકારી ન થાઓ. એ મન કેવું છે? કે જાગતા પુરૂષોને દૂર દૂર જાય આવે છે, દૂર

જવાનો જેનો સ્વભાવજ છે અગ્નિ, સૂર્યાદિ, શ્રોત્રાદિ ઇન્દ્રિય, એ જ્યોતિ એટલે પ્રકાશકોનું પણ પ્રકાશક છે. અર્થાત્ મન વિના કોઇ પદાર્થનો પ્રકાશ થતો નથી. તે એક મહાચંચળ, વેગવાળું, મન આપની કૃપાથીજ સ્થિર, શુદ્ધ, ધર્માત્મા, અને વિદ્યાયુક્ત થઇ શકે છે. "दैवम्" દેવ (આત્મા) નું મુખ્ય સાધક, ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણવાવાળું છે. તે મન આપનાંજ વશમાં છે. તેને આપ અમારા વશમાં યથાવત્ કરો. જેથી અમે કુકર્મમાં કદિ ન ફસિયે સદૈવ વિદ્યા, ધર્મ અને આપની સેવામાંજ રહિયે.૪૩

મૂ० पा०—न तं विदाथ य इमा जजानान्यद्युष्माकमन्तरं बभूव । नीहारेण प्रावृता जल्प्या चासुतृप उक्थ शासश्चरन्ति ॥ ४४ ॥ य० १७ । ३१ ॥

વ્યાખ્યાન હે જીવો! જે પરમાત્મા આ સર્વ ભુવનોનો બનાવનાર વિશ્વકર્મા છે તેને તમે જાણતા નથી એ કારણથી તમે "नीहारेण" અત્યન્ત અવિદ્યાથી આવૃત, મિથ્યાવાદ, નાસ્તિકત્વ, બકવાદ કરો છો જેથી દુઃખજ તમને મળશે; સુખ કદી નહિં મળે. તમે "असुतृप" કેવળ સ્વાર્થસાધક પ્રાણપોષણ માત્રમાંજ પ્રવૃત્ત થઇ રહ્યા છો. "उक्थशासश्चरन्ति" કેવલ વિષય ભોગોને માટેજ અવૈદિક કર્મ કરવામાં પ્રવૃત્ત થઇ રહ્યા છો. જેણે આ સર્વ ભુવનો રચ્યાં છે તે સર્વ શક્તિમાન્ ન્યાયકારી પરબ્રહ્મથી ઉલટા ચાલો છો માટેજ તેને તમે જાણતા નથી. (પ્રશ્ન) તે બ્રહ્મ

અને અમે જીવાત્મા એ બન્ને એક છીયે અથવા નહિં ? (ઉત્તર) "યદ્યુષ્માકમન્તરમ્બભૂવ" બ્રહ્મ અને જીવની એકતા વેદ અને યુક્તિથી સિદ્ધ કદી થઈજ શકતી નથી. કેમકે જીવ અવિદ્યા આદિ દોષયુક્ત છે અને બ્રહ્મ અવિદ્યા આદિ દોષયુક્ત નથી. એથી એમ નિશ્ચય થાય છે કે, જીવ અને બ્રહ્મ એક નહિં હતા, નહિં થશે અને નથીજ. કિંચ વ્યાપ્ય વ્યાપક, આધારાધેય અને સેવ્ય સેવકાદિ સંબંધ જીવ અને બ્રહ્મનો છે. એથી જીવ અને બ્રહ્મની એકતા માનવી કોઇ મનુષ્યને યોગ્ય નથી. ૪૪

મૂ॰ स्तु०—भग एव भगवाँ २ ॥ऽअस्तु देवास्तेन वयं भगवन्तः स्याम । तं त्वा भग सर्व इज्जोहवीति सनो भग पुर एता भवेह ॥४५॥ य० ३४ । ३८ ॥

વ્યાખ્યાન—હે સર્વાધિપતે ! મહારાજેશ્વર ! આપ ભગ એટલે પરમૈશ્વર્ય સ્વરૂપ હોવાથી ભગવાન્ છો. હે "देवाः' વિદ્વાનો ! "तेन" (भगवताप्रसन्नेश्वरसहायेन) તે ભગવાન્ પ્રસન્ન ઇશ્વરની સહાયવડે અમે પરમૈશ્વર્ય યુક્ત થઈએ. હે "भग" પરમેશ્વર ! સર્વ સંસાર 'त त्वा" આપનેજ ગ્રહણ કરવાની અત્યન્ત ઇચ્છા કરે છે, કેમકે કોણ એવો ભાગ્યહીન મનુષ્ય છે કે જે આપને પામવાની ઇચ્છા ન કરે ? તો આપ પ્રથમથી અમને પ્રાપ્ત થાઓ. પછી કોઈપણ વખતે આપ અને ઐશ્વર્ય અમારાથી દૂર ન થાઓ. આપ આપની કૃપાથી આ જન્મમાં પરમૈશ્વર્ય-

નો યથાવત્ ભોગ અમને કરાવો. પરજન્મમાંતો કર્માનુસાર ફૂળ થાય પણ છે. તેમંજ આપની સેવામાં અમે નિત્ય તત્પર રહિયે. ૪૫

—⁕—

मू॰ मा॰—गणानांत्वा गणपति ँ हवामहे प्रियाणां त्वा प्रियपति ँ हवामहे निधीनां त्वा निधिपति ँ हवामहे वसो मम। आहमजानि गर्भधमात्वमजासि गर्भधम् ॥ ४६ ॥ य॰ २३। १९ ॥

વ્યાખ્યાન—હે સમૂહાધિપતે! આપ અમારા સર્વ સમૂહોના પતિ હોવાથી આપને ગણપતિ નામથી ગ્રહણ કરીયે છીયે. તથા અમારા પ્રિય કર્મકારી પદાર્થ અને જનોના પાલક પણ આપજ છો જેથી આપને પ્રિયપતિ હું અવશ્ય જાણિયે. એજ પ્રકારે અમારા સર્વ નિધિ (ભંડાર) ના પતિ હોવાથી આપને હું નિશ્ચયપૂર્વક નિધિપતિ જાણિયે હે "**वसो**' સર્વ જગતને જે સામર્થ્યથી ઉત્પન્ન કર્યું છે તે આપના સામર્થ્યનું ધારણ તથા પોષણ કરવાવાળા આપનેજ જાણિયે છીયે. સર્વનું કારણ આપનું સામર્થ્ય છે. એજ સર્વ જગત્ના ધારણ, પોષણ કર્તા છે. આ જીવાદિ જગતતો જન્મે છે અને મરે છે. પરંતુ આપ સદૈવ અજન્મા અને અમૃત સ્વરૂપ છો. આપની કૃપાથી અધર્મ, અવિદ્યા અને દુષ્ટ સ્વભાવાદિને '**अजानि**" હું દૂર ફેંકું, તથા અમે સર્વ આપનીજ "**हवामहे**' અત્યન્ત સ્પૃહા એટલે પ્રાપ્તિની ઇચ્છા કરીયે છીયે. તો આપ હવે શીઘ્ર અમને પ્રાપ્ત

થાઓ. જો પ્રાપ્ત થવામાં આપ થોડો પણ વિલંબ કરશો તો અમારૂં કાંઈ પણ ઠેકાણું લાગશે નહિં. ૪૬

—※—

मू० प्रा०—अग्ने॑ व्रतपते व्र॒तं च॑रिष्यामि॒ तच्छ॑केयं॒ तन्मे॑ राध्यताम् । इ॒दम॒हमनृ॑तात्स॒त्यमुपै॑मि ॥ ४७ ॥ य० १।५।

વ્યાખ્યાન-હે સચ્ચિદાનંદ સ્વપ્રકાશ રૂપેશ્વરાગ્ને! બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આદિ સત્યવ્રતોનું આચરણ હું કરીશ; તો એ વ્રતોને આપ કૃપાવડે સારી રીતે સિદ્ધ કરો. તથા હું અનૃત, અનિત્ય દેહાદિ પદાર્થોથી પૃથક્ થઇને આ યથાર્થ સત્ય કે જે કોઇ પણ વખતે વ્યભિચાર ન પામે તેમજ વિનાશ ન પામે તેવા વિદ્યાદિ લક્ષણ ધર્મને હું પ્રાપ્ત થાઉં; એ મારી ઇચ્છાને આપ પૂર્ણ કરો. જેથી હું સભ્ય, વિદ્વાન્, સત્યાચરણી તથા આપની ભક્તિ યુક્ત ધર્માત્મા થાઉં. ૪૭

—※—

मू० स्तु०—य आ॑त्म॒दा ब॑ल॒दा यस्य॒ विश्व॑ऽउ॒पास॑ते प्र॒शिषं॒ यस्य॑ दे॒वाः । यस्य॑ छा॒याऽमृतं॒ यस्य॑ मृ॒त्युः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ ४८ ॥ य० २५ । १३ ॥

વ્યાખ્યાન-હે મનુષ્યો! જે પરમાત્મા આપણા લોકોને "आत्मदाः" આત્મા આપવાવાળો છે. જીવ પ્રાણદાતા તથા "बलदाः" ત્રિવિધબલ-એક માનસ વિજ્ઞાનબલ, દ્વિતીય ઇન્દ્રિયબલ અર્થાત્ શ્રોત્રાદિની સ્વસ્થતા તેજો વૃદ્ધિ,

તૃતીય શરીરબલ, મહાપુષ્ટિ, દૃઢાંગતા અને વિર્યાદિવૃદ્ધિ; એ ત્રણ બલનો આપવાવાળો છે. જેની "પ્રશિષમ્" શિક્ષા-મર્યાદાને વિદ્વાન્ લોક માને છે. સર્વ પ્રાણિ અને અપ્રાણિ, જડ. ચેતન, વિદ્વાન્ અથવા મૂર્ખ કોઈ પણ તે પરમાત્માના નિયમોને ઉલ્લંઘન કરી શકતું નથી. જેમકે કાનથી સાંભળવું, આંખથી જોવું, એનાથી ઉલટું કોઈ કરી શકતું નથી. જેની છાયા–આશ્રયજ અમૃત એટલે કે વિજ્ઞાની લોકોનો મોક્ષ કહેવાય છે. તેમજ જેથી ॰ છાયા (અકૃપા) દુષ્ટ જનો માટે વારંવાર મરણ અને જન્મરૂપ મહા કલેશદાયક છે. હે સજ્જનમિત્રો ! તેજ એક પરમ સુખદાયક પિતા છે. આવો આપણે બધા મળીને પ્રેમ, વિશ્વાસ અને ભક્તિ કરીયે. કદાપિ તે પરમાત્માને છોડીને અન્યને ઉપાસ્યદેવ ન માનો. તેજ આપણને અત્યન્ત સુખ આપશે એમાં કાંઈ પણ સંદેહ નથી. ૪૮

મૂ० સ્તુ०— उपहूता इह गाव उपहूता अजावयः । अथोऽअन्नस्य कीलाल उपहूतो गृहेषु नः । क्षेमाय वः शान्त्यै प्रपद्ये शिव ँ शग्म ँ शंय्योः शंय्योः ॥ ४९ ॥ य० ३ । ४३ ।

હે પશ્વાદિ પતે ! મહાત્મન્ ! આપનીજ કૃપાથી ઉત્તમઉત્તમ ગાય, ભેંસ, ઘોડા, હાથી, બકરી, ભેંડ તથા ઉપલક્ષણથી અન્ય સુખદાયક પશુઓ અને અન્ન, સર્વ

રોગનાશક ઔષધીઓના ઉત્કૃષ્ટ રસો "नः" અમારે ઘેરે નિત્ય સ્થિર કરો, જેથી કોઈ પણ પદાર્થ વિના અમને દુઃખ ન થાય. હે વિદ્વાનો! "वः" (युष्माकम्) તમારો સંગ અને ઇશ્વરની કૃપાથી ક્ષેમ કુશલતા અને શાંતિ થાઓ. તથા સર્વોપદ્રવના નાશ થવા માટે "शिवम्" મોક્ષસુખ "शग्मम्" અને આ સંસારના સુખને હું યથાવત્ પ્રાપ્ત થાઉં. મોક્ષ સુખ અને પ્રજાસુખ એ બન્નેથી કામના કરવાવાળો હું છું. તો મારી એ બંને કામનાઓ આપ શીઘ્ર પરિપૂર્ણ કરો. આપનો એજ સ્વભાવ છે કે આપના ભક્તોની કામના અવશ્ય યથાવત્ પુરી કરો છો. ૪૯

મૂ૦ મા૦— तमीशा॒नं जग॑तस्त॒स्थुष॒स्पतिं॑ धियञ्जिन्वम॑वसे॑ हूमहे व॒यम् । पू॒षा नो॒ यथा॒ वेद॑सामस॑द्वृ॒धे र॑क्षि॒ता पा॒युरद॑ब्धः स्व॒स्तये॑ ॥ ५० ॥ य० २५ । १८।

વ્યાખ્યાન–હે સુખ અને મોક્ષની ઇચ્છા કરવાવાળા લોકો! તે પરમાત્માનીજ "हूमहे" પ્રાપ્તિને માટે અમે ઇચ્છા કરિયે છીયે, કે તે પરમાત્મા અમને કયારે મળશે. કેમકે તે 'ईशानम्' સર્વ જગતના સ્વામી છે અને ઇશન એટલે સર્વ જગતના ઉત્પાદનની ઇચ્છા કરવાવાળા છે. જગત્ બે પ્રકારનું છે અર્થાત્ ચર અને અચર એ બે પ્રકારનાં જગત્‌ને પાલન કરવાવાળા તેજ છે. "धियञ्जिन्वम्" વિજ્ઞાનમય, વિજ્ઞાનપ્રદ અને તૃપ્તિકારક ઇશ્વર વિના બીજુ કોઈ નથી. તેનું "अवसे" અમારી રક્ષાને માટે અમારી

ઇચ્છાથી આહ્વાન કરીયે છીયે. જેવા તે ઇશ્વર "**पूषा**" અમારે માટે પોષણપ્રદ છે તેવીજ રીતે "**वेदसाम्**" ધન અને વિજ્ઞાનોની વૃદ્ધિના "**रक्षिता**" રક્ષક છે. તથા "**स्वस्तये**" નિરૂપદ્રવતાને માટે અમારા "**पायुः**" પાલક તેજ છે અને "**अदब्धः**" હિંસા રહિત છે. એ માટે ઇશ્વર જે નિરાકાર, સર્વાનંદપ્રદ છે તેને હે મનુષ્યો! તમે ભુલો નહિં; તેના વિના બીલકુલ સુખનું ઠેકાણું નથી. ૫૦

मू० स्तु०—मयीदमिन्द्र इन्द्रियं दधात्वस्मान् रायो मघवानः सचन्ताम् । अस्माकꣳ सन्त्वाशिषः सत्या नः सन्त्वाशिषः ॥ ५१ ॥ य० २ । १० ॥

વ્યાખ્યાન-હે ઇન્દ્ર! પરમૈશ્વર્યવન્! ઇશ્વર! '**मयि**' મારામાં વિજ્ઞાનાદિ શુદ્ધ ઇન્દ્રિયો તથા "**रायः**" ઉત્તમ ધનને "**मघवानः**" આપ પરમ ધનવાન છો માટે "**सचन्ताम्**" અમને પણ તત્કાલ પ્રાપ્ત કરાવો. હે સર્વ કામ પરિપૂર્ણ કરવા વાળા ઇશ્વર! આપની કૃપાથી અમારી આશા સત્યજ હોવી જોઇયે. (**पुनरुक्ति** અત્યન્ત પ્રેમ અને ત્વરા દ્યોતનાર્થ છે) હે ભગવન્! અમારી ઇચ્છા આપ શીઘ્ર સત્ય કરો, જેથી અમારી ન્યાયયુક્ત ઇચ્છા સિદ્ધ થયાથી અમે સદા પરમાનંદમાં રહિયે. ૫૧

मू० प्रा०—सदसस्पतिमद्भुतं प्रियमिन्द्रस्यकाम्यम् । सनिं मेधामयाशिषꣳ स्वाहा ॥ ५२ ॥ य० ३२ । १३॥

વ્યાખ્યાન-હે સભાપતે! વિદ્યામય! ન્યાયકારિન્! સભાસદ! સભાપ્રિય! સભાજ અમારો ન્યાયકારી રાજા થાઓ એવી ઇચ્છાવાળા અમને આપ કરો. કોઈપણ એક મનુષ્યને અમે રાજા કદી ન માનિયે. કિન્તુ આપનેજ અમે સભાપતિ, સભાધ્યક્ષ રાજા માનિયે આપ અદ્ભૂત આશ્ચર્ય તથા વિચિત્ર શક્તિમય છો, તેમજ પ્રિયરૂપ છો. "**इन्द्रस्य**" જીવને "**काम्यम्**" કામના કરવા યોગ્ય આપજ છો. "**सनीम्**" સમ્યક્ ભજનીય અને સેવનીય પણ આપજ છો. "**मेधा**" વિદ્યા તથા સત્યધર્માદિ ધારણાવાળી બુદ્ધિને હે ભગવન્! હું માગું છું તો આપ કૃપા કરી મને તેવી બુદ્ધિ આપો. "**स्वाहा**" એજ અમારી પોતાની વાણીથી કહીયે છીયે કે એક ઇશ્વરથી ભિન્ન અન્ય કોઇપણ જીવોને સેવ્ય નથી. એજ વેદમાં ઇશ્વરાજ્ઞા છે તે સર્વ મનુષ્યોને માનવા યોગ્ય છે. ૫૨

—※—

मू० स्तु०—यां मेधां देवगणाः पितरश्चोपासते । तया मामद्य मेधयाग्ने मेधा विनं कुरु स्वाहा ॥ ५३ ॥ य० ३२ । १४ ॥

વ્યાખ્યાન-હે સર્વજ્ઞ! અગ્ને! પરમાત્મન્! જે વિજ્ઞાનવાળી બુદ્ધિને વિદ્વાનો ઉપાસે છે—ધારણ કરેછે. તથા યથાર્થ પદાર્થ વિજ્ઞાનવાળા પિતૃઓ જે બુદ્ધિના ઉપાશ્રિત છે. તે બુદ્ધિવડે આ સમયે મને મેધાવી—બુધ્ધિમાન કરો

"स्वाहा" એવી બુદ્ધિ આપવાને આપ અનુગ્રહ કરો કે જેથી મારી જડતા દૂર થાય. ૫૩

—✻—

मू० प्रा०—मेधां मे वरुणो ददातु मेधामग्निः प्रजापतिः। मेधामिन्द्रश्च वायुश्च मेधां धाता ददातु मे स्वाहा ॥ ५४ ॥ य० ३२ । १५ ॥

વ્યાખ્યાન–હે સર્વોત્કૃષ્ટેશ્વર ! આપ 'वरुण' વરણીય આનંદ સ્વરૂપ છો માટે કૃપાવડે મને સર્વ વિદ્યા સંપન્ન બુદ્ધિ આપો. તથા "अग्निः" વિજ્ઞાનમય, વિજ્ઞાનપ્રદ 'प्रजापतिः' સર્વ સંસારના અધિષ્ઠાતા પાલક "इन्द्रः' પરમૈશ્વર્યવાન્ "वायुः" વિજ્ઞાનવાન્, અનન્ત બલવાન્ તથા 'धाता' સર્વ જગત્‌ના ધારણ પોષણ કરવાવાળા પરમાત્મા મને અત્યુત્તમ બુદ્ધિ આપો. ૫૪

(અનેકવાર ઈશ્વર પાસે માંગવું એ એક અત્યન્ત પ્રીતિદ્યોતનાર્થ તથા સદ્યઃદાનાર્થ છે. તેમજ બુદ્ધિથી ઉત્તમ પદાર્થ બીજો કોઈ નથી જેથી બુદ્ધિ હોવાથી જીવ સુખી થાય છે. એવા હેતુથી વારંવાર પરમાત્મા પાસેથી બુદ્ધિનીજ યાચના કરવી એ શ્રેષ્ઠ છે.)

—✻—

मू० स्तु०–इदं मे ब्रह्म च क्षत्रं चोभे श्रियमश्नुताम्। मयि देवा दधतु श्रियमुत्तमां तस्यै ते स्वाहा ॥ ५५ ॥ य० ३२ । १६ ॥

વ્યાખ્યાન-હે મહાવિદ્ય ! મહારાજ ! સર્વેશ્વર ! મારા 'ब्रह्म' વિદ્વાન્ અને "क्षत्रम्" રાજા, રાજ્ય, મહાચતુર, ન્યાયકારી, શૂરવીર ક્ષત્રીય એ બંને આપની અનંત કૃપાથી યથાવત્ અનુકૂલ થાઓ. 'श्रियम्" સર્વોત્તમ વિદ્યાદિ લક્ષણયુક્ત મહારાજ્યશ્રી અમને પ્રાપ્ત થાઓ. હે "देवाः" વિદ્વાનો ! દિવ્ય ઈશ્વરગુણ, પરમકૃપા આદિ ઉત્તમ વિદ્યાદિ લક્ષણ સમન્વિત શ્રી મારામાં અચલતાથી ધારણ કરાવો. તેને હું અત્યન્ત પ્રીતિથી સ્વીકાર કરૂં અને તે લક્ષ્મીનો વિદ્યાદિ સદ્ગુણ તેમજ સર્વ સંસારના હિતને માટે તથા રાજ્યાદિ પ્રબન્ધને માટે વ્યય કરૂં. ૫૫

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्याणां श्रीयुत

विरजानन्दसरस्वतीस्वामिनां महाविदुषां

शिष्येण दयानन्दसरस्वतीस्वामिना

विरचित आर्याभिविनये

द्वितीयः प्रकाशः

सम्पूर्णः ॥

समाप्तश्चाऽयङ्ग्रन्थः ॥

शुद्धिपत्रम्.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૨	નિાવકારી	નિર્વિકારી.
૧૭	૬	પદાથ.	પદાર્થ.
૨૨	૬	બાલ	બાણ
૨૭	૨૦	वैश्वारस्य	वैश्वानरस्य
૩૫	૧૦	પરમામા	પરમાત્મા
૫૬	૨	દુ:ખસાગમાં	દુ:ખસાગરમાં
૬૦	૨	સરા	સારા
૬૨	૩	હે સ્વામિન	હે સ્વામિન
૭૦	૪	चतुष्पद	चतुष्पदे
૭૩	૯	કલ્યણ	કલ્યાણ
૭૩	૧૨	श्रृणुयाम	शृणुयाम
૭૫	૨	पञ्च	यञ्च
૭૫	૭	અપ્રીત્તિ	અપ્રીતિ
૭૭	૬	ધેર્ય	ધર્મ
૭૭	૧૭	સવને	સર્વને
૭૯	૧૮	સર્વગત્	સર્વગત

૮૧	૧૫	श्रृणुयाम	शृणुयाम
૮૨	૭	આધક	અધિક
૮૪	૭	નિાવકાર	નિર્વિકાર
૮૪	૧૫	ભકતાને	ભક્તોને
૮૬	૧૨	સિાધ્ધ	સિધ્ધિ
૮૮	૧૨	पता	एता
૮૮	૧૭	तत्वा	तन्त्वा
૮૯	૧૧	હું	અમે
૮૯	૧૩	હું	અમે
૯૧	૧	વૃદ્દિ	વૃધ્ધિ
૯૧	૮	જેથી	જેની

ओ३म्.

આર્ય સમાજના નિયમ.

૧. સર્વ સત્યવિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જણાય છે, તે સર્વનું આદિમૂલ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદસ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્ત્તા છે. એનીજ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનાં પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવું અને સાંભળવું સંભળાવવું સર્વ આર્યોનો પરમ ધર્મ છે..

૪. સત્ય ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર, અર્થાત સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવું જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આર્ય સમાજનો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ:

૯. પ્રત્યેકે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ, કિંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજિક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સર્વ સ્વતંત્ર રહે.

" આર્યપ્રકાશ. "

ધાર્મીક તથા સાંસારિક વિષયો ઉપર વિવેચન કરનારૂં તથા સામાન્ય સમાચાર આપનારૂં સાપ્તાહિક પત્ર.

આ પત્રમાં પ્રાચીન વૈદિક સાહિત્ય તથા ધર્મ સિદ્ધાંતોનો પુનરૂદ્ધાર કરવાના પ્રયત્નને આ પત્ર તરફથી ઉત્તેજન આપવામાં આવે છે. આર્ય ફીલોસોફીના પ્રાચીન ગ્રંથોનાં ભાષાંતર શાસ્ત્રીઓ પાસથી ખાસ કરાવીને પ્રગટ કરવામાં આવેછે. તથા પાશ્ચિમાત્ય વિદ્યા અને આર્યફીલોસોફી એક બીજા સાથે સરખાવી આપણા પૂર્વજો આપણા માટે શું કરી ગયા છે તેનું દિગ્દર્શન આપવામાં આવેછે. કમ નસીબે આપણા હિંદુઓ અનેક સંપ્રદાયોમાં છિન્ન ભિન્ન થઈ ગયા છે તેથી દેશને કેટલી હાની થઇ છે તે સુવિદિત હોવાથી નિવેદન કરવાની જરૂર નથી માટે વૈદિકધર્મની સાર્વજનિક ધ્વજા હેઠળ સમસ્ત હિંદુ મહાપ્રજાને એકત્ર કરવા માટે પ્રયત્ન કરવાનો પણ આ પત્રનો એક મુખ્ય ઉદ્દેશ છે. વૈદિક મંત્રોમાં સમાયલા ગૂઢ અર્થનું પણ ક્રમ પ્રમાણે સ્પષ્ટીકરણ કરી વેદ જેવા ગ્રંથોમાં શું બોધ છે તે સમજાવવા પ્રયત્ન કરવામાં આવેછે. તે ઉપરાંત વૈદિક કાલમાં આપણા પૂર્વજો સાંસારિક સુધારાની ટોચે પહોંચ્યા હતા તે જનસમૂહ આગળ રજુ કરી, તથા વૈદિક સત્ય શાસ્ત્રનો આધાર લેઇ આ પત્ર, સંસારના આધુનિક બગડેલા બંધારણને સુધારવા પ્રયત્ન કરેછે, અને પાછો તે શુદ્ધ જમાનાનો ફરી ઉદય થાય તેવી ઇચ્છાથી કામ કરેછે. વાર્ષીક મૂલ્ય પોસ્ટેજ સાથે રૂ. ૨-૮-૦

શ્રીમતી મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભાનાં પુસ્તકાલયમાં વેચવાના પુસ્તકો નીચે મુજબ.—

પુસ્તકોના નામ.	કિ. રૂ. આ. પા.	પુસ્તકોનાં નામ.	કિ. રૂ. આ. પા.
મૂલ ચારવેદ ઊંચા કાગળ	૫—૮—૦	ભાગવત સમીક્ષા ગુજરાતી	૦—૪—૦
,, ની અનુક્રમણિકા	૧—૮—૦	સત્યનારાયણ વેદોક્ત કથા	૦—૩—૦
યજુર્વેદ ભાષા ભાષ્ય	૨—૦—૦	ઉન્નતિનું દ્વાર	૦—૧—૬
સત્યાર્થ પ્રકાશ ગુજરાતી	૧—૮—૦	ભારતોદ્ધારભજનામૃત બીજી આવૃત્તિ	૦—૬—૦
,, હિંદી	૧—૧—૦	ગુરૂમંત્ર વ્યાખ્યા	૦—૦—૬
,, પુર્વાર્ધ મરાઠી	૧—૦—૦	સ્વર્ગમાં મહા સભા	૦—૩—૦
,, બંગાલી	૧—૮—૦	સ્વર્ગમાં સબ્જેક્ટ કમીટી	૦—૩—૦
સંસ્કાર વિધિ હિન્દી	૦—૧૦—૦	ભાટીઆની ગુરૂભક્તી	૦—૧—૬
શતપથ બ્રાહ્મણ મૂલ	૪—૦—૦	સચિત્ર સુખડી	૦—૧—૦
અષ્ટાધ્યાયી મૂલ	૦—૪—૦	ભ્રમ નાશક પુર્વાર્ધ.	૦—૧૨—૦
આર્યાભિવિનય હિન્દી	૦—૩—૦	થિયોસોફી તંત્ર	૦—૪—૦

પુસ્તકોના નામ.	કિ. રૂ. આ. પા.	પુસ્તકોનાં નામ.	કિ. રૂ. આ. પા
આર્યાભિવિનય મોટા અક્ષર હિન્દી	૦—૬—૦	બ્રહ્મયજ્ઞ. અથવા વેદોક્ત નિત્યકર્મ,	૦—૬—૦
છાન્દોગ્ય ઉપનિષદ્ ભાષ્ય હિન્દી	૩—૦—૦	ગુરૂ ચરિત્ર.	૦—૫—૦
શામવેદ ભાષ્ય હિન્દી પુર્વાર્ધ	૫—૦—૦	સ્વા. નિત્યાનંદના ચાર વ્યાખ્યાનો.	૦—૧—૦
,, ઊતરાર્ધ	૫—૦—૦	સંસ્કૃત ભાષા અને તેનું મહત્વ.	૦—૦—૬
મનુસ્મૃતિ ભાષાનુવાદ હિન્દી	૧—૮—૦	શ્રાધ્ધની આવશ્યકતા.	૦—૦—૬
ભાસ્કર પ્રકાશ હિન્દી	૧—૮—૦	વેદ સૌથી પ્રાચીન છે.	૦—૦—૬
સુર્ય સિદ્ધાન્ત હિન્દી ભાષાનુવાદ	૧—૮—૦	ઇશ્વર અને તેની પ્રાપ્તિ.	૦—૦—૬
હિતોપદેશ હિન્દી	૧—૦—૦	આર્ય સમાજ શું છે ?	૦—૦—૬
નારાયણી શીક્ષા હિન્દી	૧—૪—૦	ગ્રહણ મહાત્મ.	૦—૦—૩
મીમાંસાર્ય ભાષ્ય હિન્દી	૮—૦—૦	અમલસાડ શાસ્ત્રાર્થ	૦—૨—૦
વૈશેષિકાર્ય ભાષ્ય ,,	૨—૮—૦	વિરપુર શાસ્ત્રાર્થ	૦—૧—૦
વેદાન્તાર્ય ભાષ્ય ,,	૨—૪—૦	આર્ય સંવત	૦—૨—૬
વેદાન્તાર્ય ભાષ્ય ભૂમિકા	૧—૦—૦	ઉનતિનું દ્વાર.	૦—૧—૬
યોગાર્ય ભાષ્ય	૧—૬—૦	ઇસુ પરિક્ષા.	૦—૦—૩
સાંખ્યાર્ય ભાષ્ય	૧-૧૦—૦	દુનિયાદારિનું ડહાપણ.	૦—૨—૦

પુસ્તકોનાં નામ.	કિ. રૂ. આ. પા.	પુસ્તકોનાં નામ.	કિ. રૂ. આ. પા.
આર્ય મંતવ્ય પ્રકાશ બે ભાગ	૧—૧૦—૦	સામાજીક પ્રોત્સાહ.	૦—૧—૦
ગીતાયોગ પ્રદીપાર્ય ભાષ્ય	૨—૮—૦	પુરાણની ઉત્પત્તિ.	૦—૦—૩
ન્યાય દર્શન ભાષાનુવાદ હિંદી	૦—૧૧—૦	પ્રણવ ઓંકાર વ્યાખ્યા.	૦—૦—૬
યોગદર્શન	૦—૮—૦	સંધ્યા.	૦—૦—૩
ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા ગુજરાતી	૧—૪—૦	સૃષ્ટિની ઉત્પત્તિ.	૦—૦—૬
ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માન્ડુકય, એ ૭ ઉપનિષદ ભાષ્ય હિંદી	૧—૦—૦	શીવલીંગ પુજા વિધાન.	૦—૦—૩
		બ્રહ્મચર્ય વિરૂદ્ધ બાળલગ્ન	૦—૦—૬
પિંડપિત્રુ યજ્ઞ હિંદી	૦—૪—૦	ગાયત્રી મંત્રનો તકતો હિંદી.	૦—૧—૦
શ્વેતાશ્વતર ઉપનિષદ્ હિંદી ભાષ્ય	૦—૮—૦	આર્ય સમાજના નિયમો.	૦—૦—૩
નિયોગ નિર્ણય હિંદી	૦—૨—૦	આર્ય કર્તવ્યના તકતા.	૦—૦—૬

આ ઉપરાંત ઘણી જાતનાં ટ્રેકટો વેચવાને તૈયારછે. આ દરેકનું પોષ્ટેજ જુદું પડશે.

લી. કૃપાકાંક્ષી

કનૈયાલાલ ગીરધરલાલ કોઠારી. બી. એ.

ઠે. ગીરગામ આર્ય પ્રકાશ ઓફીસ મુંબઇ.